SATURDAY
૦૬-૦૨-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, પોષ વદ ૦૯
અંક : ૧૦૪
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂ. ૪

### આરબીઆઇની નવી ક્રેડિટ પોલિસી જાહેર : વ્યાજદર, હોમ-ઓટો લોન, રેપો રેટ ૪ ટકા તથા રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા યથાવત

# સામન્ય જનતાને ઠેંગો : આરબીઆઈ તરફથી કોઈ છૂટ નહીં

(જી.એન.એસ.)મુંબઈ,તા.૫

રિઝર્વ બેંક્રે રેપો રેટને ૪ ટકા અને રિવર્સ રેટને ૩.૩૫ ટકા યથાવત રાખ્યો છે. બજેટ બાદ આરબીઆઈએ પણ લોકોને નિરાશ કર્યા છે. રિઝર્વ બેંક્ર દર બે મહિને દરોને બદલવા અથવા બદલવા અંગે બેઠક કરે છે. તેમાં તેમની ૬ લોકોની ટીમ હોય છે. આરબીઆઇ ગવર્નર શક્તિકાંત દાસે ૨૦૨૧-૨૨ માટે જીડીપીમાં ૧૦.૫%ના ગ્રોથનું અનુમાન વ્યક્ત કર્યું છે. એમપીસીની બેઠક બુધવારે ૩ ફેબ્રુઆરીથી શરૂ થઈ હતી.

જાણકારોને પહેલાં આશા હતી કે આરબીઆઈ રેપો રેટમાં કાપ મૂકવાથી બચશે. રેપો રેટનો અર્થ આરબીઆઈ દ્વારા બેંક્રોને આપવામાં આવતી લોન પરનો વ્યાજદર છે. ખાસ વાત એ છે કે એક ફેબ્રુઆરીએ રજૂ થયેલા બજેટ ૨૦૨૧-૨૨ બાદ આરબીઆઈની આ પ્રથમ બેઠક છે. રિઝર્વ બેંક્રે ગત વર્ષેના ફેબ્રુઆરીથી અત્યારસુધીના રેપો રેટમાં કુલ ૧૧૫ બેસ પોઈન્ટ ઘટાડો કર્યો છે.

**૨૦૨૧-૨૨માં જીડીપી વૃધ્ધિદર ૧૦.૫ ટકા રહેવાનું અનુમાન**

આરબીઆઈએ વ્યાજદરોમાં કોઈ ફેરફાર કર્યા નથી. એટલે કે રેપોરેટ ૪ ટકા અને રિવર્સ રેપોરેટ ૩.૩૫ ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે.

રિઝર્વ બેંક્રે કહ્યું, ચેક ટ્રંકેશન સિસ્ટમ દરેક બેંક્રોની દરેક બ્રાન્ચમાં લાગુ કરવામાં આવશે. અત્યારે ૧૮,૦૦૦ બ્રાન્ચમાં આ સુવિધા નથી. રિઝર્વ બેંક્રે કહ્યું, લોકોને ડિજિટલ પેમેન્ટ સેવામાં આવતી કોઈ પણ સમસ્યાને દૂર કરવા માટે દરેક પેમેન્ટ સિસ્ટમ ઓપરેટર્સને એક ૨૪*૭ની હેલ્પલાઈન શરૂ કરવામાં આવશે.



રિઝર્વ બેંક્રે ગવર્નરને કહ્યું કે, અત્યારે બેંક્ર, એનબીએફસી અને નોન-બેંક્ર પ્રીપેડ પેમેન્ટ ઈશ્યુઅર (PPIs) માટે ત્રણ અલગ અલગ લોકપાસની વ્યવસ્થા છે. તે માટે રિઝર્વ બેંક્રે અંદાજે ૨૨ લોકપાલ ઓફિસ બનાવી છે. તે માટે દરેકને એકીકૃત કરીને એક દેશ એક લોકપાલની વ્યવસ્થા કરવામાં આવશે. રિઝર્વ બેંક્રે આગામી નાણાકીય વર્ષે ૨૦૨૧-૨૨માં જીડીપીમાં ૧૦.૫ ટકાના વધારાનું અનુમાન લગાવ્યું છે. ઉલ્લેખનીય છે કે બજેટમાં એ ૧૧ ટકા થવાનું અનુમાન લગાવ્યું છે.

**અર્થતંત્રની ગતિ હવે માત્ર ઉપર તરફ જ હોવાનો દાવો**

રિઝર્વ બેંક્રે કહ્યું રિટેલ મોંઘવારી ૬ ટકા કરતાં ઓછી રહેવાની શક્યતા છે. રિઝર્વ બેંક્રે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં પહેલાં છ મહિનાની રિટેલ મોંઘવારીનો અંદાજ વધારીને પથી ૫.૨ ટકા કરી દીધો છે. પહેલાં આ ૪.૬થી ૫.૨ ટકા કરવામાં આવ્યો હતો. આરબીઆઈ ગવર્નરે કહ્યું ધીરે ધીરે ઘરોના વેચાણમાં સુધારો થયો છે. તે સાથે જ હવે લોકોની ખર્ચ કરવાની ક્ષમતામાં ફરી રિકવરી થઈ રહી છે. તાજેતરમાં જે સામાન્ય બજેટ રજૂ કરવામાં આવ્યો છે તેનાથી રોકાણની સ્થિતિમાં સુધારો થયો છે.

શક્તિકાંત દાસે કહ્યું કે, હવે સામાન્ય રોકાણકારોને પણ રિઝર્વ બેંક્રમાં ગિલ્ટ એકાઉન્ટ ખોલવાની સુવિધા આપવામાં આવશે. નાના રોકાણકારો હવે પ્રાઈમરી એન્ડ સેકેન્ડરી ગવર્નમેન્ટ બોન્ડમાં રોકાણ કરી શકશે. રિઝર્વ બેંક્રે કહ્યું કે, કેશ રિઝર્વ રેશિયોમાં અત્યારે કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પરંતુ આગામી બે પેઝમાં વધારીને ૪ ટકા કરવામાં આવશે. માર્ચ ૨૭ સુધી તે ૩.૫ ટકા અને ૨૨ મે સુધી ૪ ટકા થશે. શક્તિકાંત દાસે કહ્યું છે કે, સહકારી બેંક્રોને મજબૂત બનાવવા માટે એક્સપર્ટ કમિટી બનાવવામાં આવશે. જે સૂચનો આપશે કે આ સેક્ટરને કેવી રીતે મજબૂત કરી શકાય અને તે માટે શું કાયદાકીય ફેરફાર જરૂરી છે.

## દિલ્હી સિવાય સમગ્ર દેશમાં આજે ખેડૂતો દ્વારા હાઈ-વે ચક્કાજામ : ટિકૈત

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૫

કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતોનુ હલ્લા બોલ છેલ્લા ૭૨ દિવસોથી ચાલુ છે. સરકાર અને ખેડૂતો વચ્ચે કૃષિ કાયદા પર ઘણા પ્રકારની વાતો થઈ પરંતુ બધી નિષ્પરિણામ રહી. એવામાં હવે ખેડૂતોએ કાલે એટલે કે ૬ ફેબ્રુઆરીએ ચક્કાજામનુ એલાન કર્યુ છે. દેશભરમાં ખેડૂતો હાઈવે જામ કરીને પોતાનુ વિરોધ પ્રદર્શન કરશે. આ દરમિયાન ખેડૂત આંદોલનનુ નેતૃત્વ કરી રહેલ ખેડૂત નેતા રાકેશ ટિકૈતનુ કહેવુ છે કે દિલ્લીમાં આ ચક્કાજામ નહિ થાય.



ભારતીય ખેડૂત સંગઠનના રાષ્ટ્રીય પ્રવકતા રાકેશ ટિકેતે જણાવ્યુ કે ૬ ફેબ્રુઆરીએ દિલ્લીમાં ચક્કાજામ નહિ થાય. વળી, તેમણે આંદોલનનુ સમર્થન કરી રહેલા લોકોને અપીલ કરીને કહ્યુ કે જે લોકો પ્રદર્શન સ્થળ પર નથી આવી શક્યા તે પોતાની જગ્યાએ શાંતિપૂર્ણ રીતે પોતાનો વિરોધ દર્શાવે. ખેડૂતો કાલે દેશભરમાં ત્રણ કલાક માટે ચક્કાજામ કરશે. આ દરમિયાન નેશનલ અને સ્ટેટ હાઈવે પર વાહનોની અવરજવર અવરોધશે.

ખેડૂત કૃષિ કાયદાના પાછો લેવા અને એમએસપી પર કાયદો બનાવવાની માંગ પર અડેલા છે. તેમણે બજેટમાં ખેડૂતોની નજરઅંદાજ કરવા, પ્રદર્શન સ્થળ પર ઈન્ટરનેટ બંધ કરવા સહિત ઘણા મુદ્દાઓના વિરોધમાં ચક્કાજામ કરવાનુ એલાન કર્યુ છે.

### આખા દેશમાં સર્વત્ર ભ્રષ્ટાચાર વ્યાપ્ત છે પરંતુ તે ક્યારેય લોકોની નજરે મુદ્દો બનતો નથી

## ભ્રષ્ટાચારનો ભોરિંગ : બિહાર શિક્ષણ વિભાગનો ૭૦૦ કરોડનો ગોટાળો

**એક વિભાગમાં ૭૦૦ કરોડનો ગોટાળો હોય તો આખી સરકારનો આંકડો કેટલો આવી શકે તે તમે જ અંદાજ લગાવી લો**

ચક્રવાત ટીમ મુકેશકુમારસિંહ,તા.૫

બિહારમાં છેલ્લા કેટલાય વર્ષોથી દલાલોનું રાજ કાયમ છે. ભ્રષ્ટાચારનો અજગર ભરડો નીતિષ સરકારના વહિવટી તંત્રને ફરતે ગાળીયો બની ગયેલ છે. ક્લાસ-૧ અધિકારીઓથી લઈને સ્વિપર સુધીના લોકો ઉપરની આવક કઈ રીતે મેળવવી? કાયમ તેની જ તલાશમાં રહેતા હોય છે.

બિહાર રાજ્યમાં ભ્રષ્ટાચારનો આવો જ એક રેકોર્ડબ્રેક મામલો શિક્ષણ વિભાગમાં સામે આવ્યો છે. જેમાં ૭૦૦ કરોડ રૂપિયાનો કોઈ જ હિસાબ મળી રહ્યો નથી. શિક્ષણ વિભાગના અધિકારીઓએ ૭૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરી નાખ્યો છે પરંતુ તે ખર્ચે કોના માટે અને ક્યારે કરવામાં આવ્યો તેના કોઈ જ આંકડાઓ મેળ ખાતા નથી. પ્રાથમિક શિક્ષણ નિયામક ડો. રણજીતકુમારસિંહજી દ્વારા રાજ્યના તમામ શિક્ષણાધિકારીઓને પત્ર લખી તેમણે ખર્ચ કરેલ રકમનો હિસાબ આપવા તાકીદ કરી છે પરંતુ તેનો કોઈ જ જવાબ તેમને મળ્યો નથી.



૨૦૦૨-૦૩થી લઈને ૨૦૧૯-૨૦ સુધીમાં શિક્ષણ વિભાગમાં કરવામાં આવેલ ખર્ચનો કોઈ જ હિસાબ અધિકારીઓએ રજૂ કર્યો નથી.

આ મામલે બિહારના જાગૃત નાગરિક દ્વારા જનહિતની યાચિકા તૈયાર કરવામાં આવી છે. આ મામલો બહાર આવતા બિહાર સરકાર પર માછલા ધોવામાં આવી રહ્યા છે. જેના કારણે સરકાર દ્વારા ત્રણ દિવસની અંદર આ મામલે સ્પષ્ટતા કરવા તમામ શિક્ષણ અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે. સુત્રોના જણાવ્યા અનુસાર આ ૭૦૦ કરોડ રૂપિયાનો ગોટાળો પાસેરામાં પુણી સમાન છે.



બિહારનું સમગ્ર સરકારી તંત્ર ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે અને નીતિષ સરકારની તેના પર કોઈ જ પકડ નથી. જો કે આવા જ હાલ ભારતના લગભગ દરેક રાજ્યોના છે. આમ છતાં આ દેશમાં ભ્રષ્ટાચાર ક્યારેય મુદ્દો બનતો નથી. એ પણ નવાઈની વાત કહી શકાય.




## તામિલનાડુ સરકાર દ્વારા ખેડૂતોનું ૧૨ હજાર કરોડનું દેવુ માફ કરાયું

(જી.એન.એસ)ચેન્નાઈ,તા.૫

દેશમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનની વચ્ચે તામિલનાડુ સરકારે આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ખેડૂતોને રાજી કરવા માટે મોટો નિર્ણય લીધો છે. તામિલનાડુએ રાજ્યના ખેડૂતોનુ ૧૨૦૦૦ કરોડ રુપિયાનુ દેવુ માફ કરી દીધુ છે.આ એવુ દેવુ છે જે ખેડૂતોએ કો ઓપરેટિવ બેંક્રોમાં ભરપાઈ કરવાનુ છે.સરકારના નિર્ણયથી ૧૬ લાખ જેટલા ખેડૂતોને સીધો ફાયદો થશે.



આ પહેલા તામિલનાડુ સરકારે ૧ ફેબ્રુઆરીએ ખેડૂતો માટે બીજી યોજનાની જાહેરાત પણ કરી હતી. મુખ્યમંત્રી કે. પલાની સ્વામીએ એલાન ક્યુ હતુ કે, જાન્યુઆરીમાં થયેલા વરસાદના કારણે ખેડીતને નુકસાન થયુ છે તે ભરપાઈ કરવા માટે સરકાર રાજ્યના ખેડૂતોને ૧૧૬૭ કરોડ રુપિયાની સહાય કરશે. જે સીધી ખેડૂતોના બેંક્ર એકાઉન્ટમાં જમા થશે.કારણકે રાજ્યમાં વરસાદના પગલે ૬.૬૨ લાખ હેક્ટર પરની ખેતી બરબાદ થઈ છે. તેમણે કહ્યુ હતુ કે, ખેડૂતોની સમસ્યાને ધ્યાનમાં લઈને સરકારે વાવાઝોડાથી પ્રભાવિત થયેલા ખેડૂતોને રાજ્યના રાહત ભંડોળમાંથી સહાયતા કરવાનો આદેશ આપી દેવામાં આવ્યો છે.

## અમેરિકી પ્રતિબંધ વચ્ચે રશિયા ભારતને આપશે બ્રહ્માસ્ત્ર એસ-૪૦૦

**સૈનિકોની ટ્રેનિંગ શરૂ કરવામાં આવી**

(જી.એન.એસ.)મોસ્કો,તા.૫

રશિયાએ જાહેરાત કરી છે કે તે આ વર્ષના અંત સુધીમાં ભારતને એસ -૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ સમયસર પહોંચાડશે. એસ -૪૦૦ મિસાઈલ એર ડિફેન્સ સિસ્ટમ બનાવનારી રશિયન કંપની રોસોબરોન એક્સપોર્ટે જણાવ્યું હતું કે ભારત સાથેનો કરાર યોગ્ય સમયમાં પૂર્ણ થશે. અગાઉ રશિયન આર્મીના તકનીકી સહકાર મામલાના ડિરેક્ટર વ્લાદિમીર દ્રોઝઝોવે ખુલાસો કર્યો હતો કે ભારતીય સેનાના નિષ્ણાતોએ આ 'બ્રહ્માસ્ત્ર' ચલાવવા માટે ટ્રેનિંગ શરૂ કરી દીધી છે. દ્રોઝઝોવે એમ પણ કહ્યું હતું કે આ સિસ્ટમ આ વર્ષના અંત સુધીમાં ભારતને આપવામાં આવશે. તેમણે કહ્યું, 'ભારતીય નિષ્ણાતો રશિયા પહોંચી ગયા છે અને તેમણે એસ -૪૦૦ ચલાવવાની તાલીમ શરૂ કરી દીધી છે. ભારતે ૨૦૧૫માં રશિયા સાથે એસ -૪૦૦ ખરીદવાની તૈયારી દર્શાવી હતી અને ઓક્ટોબર ૨૦૧૮માં રશિયન રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાત દરમિયાન આ કરાર પર હસ્તાક્ષર થયા હતા.

રશિયાને પોતાનો દુશ્મન નંબર વન ગણાવનારા અમેરિકન રાષ્ટ્રપ્રમુખ જો બાઈડન એસ -૪૦૦ ડીલ પર ભારતને મોટો ઝટકો આપી શકે છે. રશિયા પાસેથી અત્યાધુનિક એસ -૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવાના નિર્ણય પર ભારત દ્રઢ છે, પરંતુ યુએસ આ સોદાનો સખત વિરોધ કરી રહ્યું છે.

## સિક્કિમમાં ભૂકંપના આંચકા : કોઈ જાનહાની નહીંધ

(જી.એન.એસ.)શિલોંગ,તા.૫

નેશનલ સેન્ટર ફૉર સિસ્મોલૉજીએ કહ્યુ કે શુક્રવારની સવારે સિક્કિમમાં ભૂકંપના ઝટકા અનુભવાયા છે. ભૂકંપની તીવ્રતા ૪.૦ માપવામાં આવી હતી. રિક્ટર સ્કેલ પર ૪.૦ની તીવ્રતાનો ભૂકંપ આજે સવારે ૩.૪૩ વાગે સિક્કિમમાં નેપાળ-ભારત સીમા પાસે આવ્યો. જો કે આમાં કોઈ જાનહાનિ કે સંપત્તિના નુકશાનની કોઈ સૂચના નથી. એનસીએસે ટ્વિટ કરીને જણાવ્યુ કે ભૂકંપની તીવ્રતા ૪.૦ હતી. જે ૫ ફેબ્રુઆરીની સવારે ૩:૪૩એ આવ્યો હતો. ભૂકંપ ૨૭.૮૬ લાંબી, ૮૮.૧૪ ઉંડાણ પર નેપાળ-ભારત(સિક્કિમ) સીમા પર અનુભવાયો હતો.

## બાઈડન સરકાર દ્વારા ટ્રમ્પની નીતિઓનો ઉલાળીયો : H1-B વિઝા પ્રતિબંધો પર રોક

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૫

અમેરિકાના નવા રાષ્ટ્રપતિ જો બિડેનના નેતૃત્વવાળી સરકારે એચ-૧બી વિઝા પર પૂર્વ ટ્રમ્પ સરકારની નીતિઓને હાલ પૂરતી ટાળવાનો નિર્ણય લીધો છે. જેની સાથે ૩૧ ડિસેમ્બર સુધી એચ-૧બી વિઝા ઈશ્યુ કરવામાં લોટરી સિસ્ટમ યથાવત રાખવાની ભલામણ પણ કરી હતી. જો બિડેન પ્રશાસનના આ નિર્ણયથી ભારતીય આઈટી પ્રોફેશનલ્સને મોટી રાહત મળે એવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ભારતીયોમાં એચ-૧બી વિઝા ખૂબ જ લોકપ્રિય છે.

વિતેલા વર્ષની શરુઆતમાં જ ટ્રમ્પ પ્રશાસને એચ-૧બી વિઝાને લઈને નવી નીતિઓ અમલમાં લાવવાનુ એલાન કર્યુ હતું. જે હેઠળ લોટરી સિસ્ટમને ખતમ કરવાની સાથે પગાર અને મેરિટના આધારે વિઝા આપવાનુ નક્કી કર્યું હતું. ટ્રમ્પ સરકારના આ નિર્ણયને લીધે ભારતીયો માટે કપરી સ્થિતિ ઉભી થઈ હોવાનું માનવામાં આવતુ હતું.

યુનાઈટેડ સ્ટેટ્સ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસએ એના એક નિવેદનમાં જાહેર કર્યું હતું કે ટ્રમ્પ કાળમાં નવા નિયમોને ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધી હટાવી લેવામાં આવ્યા છે. આ નિયમોનો નવ માર્ચથી અમલમાં લાવવામાં આવશે. યુએસસીઆઈએસનું કહેવુ હતું કે બિડેન સરકારના નિર્ણયથી એચ૧બી વીઝા પ્રક્રિયાને સુઘડ બનાવવામાં મદદ મળશે. ૨૦ જાન્યુઆરીએ અમેરિકાના ૪૬માં રાષ્ટ્રપતિ બનેલા જો બિડેન એ ચૂંટણી પ્રચાર દરમિયાન વચન આપ્યું હતું કે તેઓ એચ૧બી વીઝા પર લાગેલા પ્રતિબંધોને ખતમ કરશે, તેમણે ટ્રમ્પ નીતિઓને ક્રૂર ગણાવી હતી.

અમેરિકામાં સત્તામાં આવ્યા બાદ વર્ષ ૨૦૧૭માં ડોનાલ્ડ ટ્રમ્પે વર્ક વીઝાના નિયમોને કડક કર્યા હતા. તેમણે કોરોના મહામારીને લીધે એચ૧બી સહિત અલગ-અલગ પ્રકારના વર્ક વીઝા પર ૩૧ માર્ચ સુધી પ્રતિબંધ લંબાવ્યો હતો.

### ડો બાબા સાહેબ આંબેડકરે આજના દિવસે સંવિધાન સભામાં

# હિન્દુ કોડ બીલથી દેશની મહિલાઓને આપી સન્માનની જીવાદોરી

આજનો દિવસ ભારત નાં ઈતિહાસ માં ખાસ કરી ને મહિલાઓ માટે ખૂબ જ મહત્વ નો છે. ભારત દેશ મા અડધી અડધ વસ્તી જ્યારે મહિલાઓ ની છે ત્યારે દેશ ની મહિલાઓ ને હું આજના દિવસે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવા માગું છું .આના માટે ખાસ કારણ એટલું જ છે કે આજે ૫ ફેબ્રુઆરી નાં રોજ સંસદ માં બૌધીસત્વ ભારત નાં પ્રથમ કાયદા મંત્રી બંધારણ નાં શિલ્પી મહામાનવ ડો બાબા સાહેબ આંબેડકર જી એ હિન્દુ કોડ બિલ પસાર કર્યું હતું. આ હિન્દુ કોડ બિલ ખરેખર મહિલાઓ એ ગુગલ માં સર્ચ કરવા જેવું છે. પુસ્તક સ્વરૂપે પણ ઘર માં વસાવી એનું વાંચન કરવું ઘટે. જેમાં પુરુષો ની જેમ સ્ત્રી ને પણ બરાબરી નો અધિકાર આપવાની અને પુરુષો ની જેમ સ્વતંત્રતા મેળવી પ્રગતી નાં પંથે આગળ વધવા માટે અધિકારો ની વાત કરવામાં આવી છે. દેશ ની મહિલાઓ ને જાણી ને કદાચ આશ્ચર્ય થાસે કે ભારતનું બંધારણ લખતા બાબા સાહેબ ને જેટલો સમય લાગ્યો હતો કદાચ એના કરતાં પણ વધારે સમય આ હિન્દુ કોડ બિલ તૈયાર કરવામાં લાગ્યો હતો. મનુવાદી પરંપરા માં લથબથ થયેલા લોકો એ હજારો વર્ષો થી મહિલાને પોતાના પગ ની જુતી માની , તો કોઈકે તો રીતસર કહેવત જ બનાવી દીધી કે સ્ત્રીની બુદ્ધિ તો પગ ની પાની માં જ હોય,સ્ત્રી માં તો જોઈએ એવી આવડત જ નથી. સ્ત્રી એટલે જાણે મફત માં મડેલ ઘર ની ચોકીદાર જેવી માનસિકતા માં ધૂત થઈ ગયા હતા એ વાસ્તવિકતા ને નકારી શકાય એમ નથી.

**ચંદ્રિકાબેન સોલંકી**
**સામાજિક કાર્યકર્તા**

ખરેખર દેશ નાં કરોડો યુવાનો ને ઈતિહાસ થી અવગત કરાવી મહાપુરુષો નાં સપનાં નું ભારત બનાવવા માટે આહ્વાન કરવાની જગ્યાએ, ભારત દેશ મા માનવ હિત ને પ્રધાનય આપવાની જગ્યા એ અમુક તત્વો ઈતિહાસ સાથે ચેડાં કરી અંદરો અંદર વૈમનસ્ય પેદા કરી એક ઈન્સાન ને બીજા ઈન્સાન થી નફરત થાય એવા કુત્યો સર્જતા રહ્યા . એમાંય વળી મહામાનવો ને કોઈ એક જાતિ માં બાંધી ને પોતાના એજન્ડાઓ પાર પાડવાના પેતરાઓ પણ વર્ષો થી રચવામાં આવ્યા છે ત્યારે એવા તમામ હલ્કી માનસિકતા ધરાવનારો ને કહેવા માગું છું કે આ મહામાનવે કોઈ એક સમાજ ની કે જાતિની મહિલાઓ માટે નહીં પરંતુ કોઈ પણ જાત નો ભેદભાવ રાખ્યા વગર સમગ્ર ભારત દેશ ની મહિલાઓ ની મુક્તિ નો ગ્રંથ લખી નાખ્યો છે. ત્યારે આ મસીહા નાં મન માં દેશ ની પ્રત્યેક મહિલાઓ માટે કેટલું સન્માન આદર પ્રેમ લાગણી હસે એની તો કોઈ કલ્પ્રા પણ થઈ શકે ખરી? વિચાર તો કરો કે આ વિશ્વ વિભૂતિ એ હજારો વર્ષો થી મહિલાની ગુલામી નો કુગ્રંથ મનુસ્મૃતિ ની સરેઆમ



ધજીયા ઉડાડી ને પોતાની કલમ ની તાકાત થી હજારો વર્ષો થી મહિલાના પગ માં જડેલી ગુલામી નિ જંજીરો ને એક ઝાટકે તોડી નાખી ને આઝાદ કરી નાખી અને એ પણ જેવી તેવી આઝાદી નઈ, પણ પાક્કા પાયે મુક્તિ આપવા માટે એને કાયદા નાં રૂપ મા જડી દઈ નરક જેવી યાતનાઓ ભોગવતી મહિલાઓ નાં મુક્તિ નાં ધ્વાર જ ખોલી નાખ્યા. જોકે ખૂબ દુખ સાથે કહેવું પડે છે કે વર્ષો થી મહિલાઓ ને ગુલામ બનાવવાની માનસિકતા ધરાવનારા પુરુષ પ્રધાન આ દેશ મા ડૉ બાબા સાહેબ નાં અથાગ અવિરત પરિશ્રમ અને પોતાની મહિલા ગરિમા માટે ઉચ્ચ કોટી ની ભાવનાઓ અને પોતાના જ્ઞાન નાં સત્વ ને નીચોવી ને બનાવેલ આ હિન્દુ કોડ બિલ નો જોરશોર થી વિરોધ કરવામાં આવ્યો હતો. ત્યારે આજના સમય માં ખુરશી મેળવવા, સત્તા પ્રાપ્ત કરવા રાષ્ટ્રહિત ને પણ જોખમ માં મૂકી ને પદ પૈસા અને પ્રતિષ્ઠા નાં નશા માં ચકચૂર થઈ ને કોઈ પણ હદે જઈ પોતાની સત્તા ની ખુરશી ટકાવવા હવાતિયાં મારતા નેતાઓ એ ડૉ બાબા સાહેબ નાં જીવન માંથી કાંઈક તો સીખવું જોઈએ.

ભારત નાં પ્રથમ કાયદા મંત્રી જેવા ગૌરવશાળી ઉચ્ચ પદ પર બિમજમાન ડૉ બાબા સાહેબે સંસદ માં મહિલા ને ગુલામી માંથી મુકત કરનારું આસમાન માં ઊડવાની આઝાદી નું ફરમાન હિન્દુ કોડ બિલ નો વિરોધ થતાં આ મહામાનવે પોતાના પદ ઉપર થી રાજીનામું આપી દીધું.છે કોઈ દેશ મા આવા વીરલ વ્યક્તિવત ધરાવનાર ત્યાગ મૂર્તિ?? મારી નજર માં ડૉ બાબા સાહેબ ભારત દેશ નાં પ્રથમ અને આખરી મહિલા મુક્તિ માટે કાયદા મંત્રી પદ ત્યાગનાર, ત્યાગ મૂર્તિ છે. ત્યારે આજ નાં ઐતિહાસિક દિવસે અમ કરોડો મહિલાઓ એ આપડા પિતા ડૉ બાબસાહેબ નાં મિશન નો કારવો આગળ લઈ જવા માટે સંકલ્પબધ્ધ થવું જોઈએ.. ભારત નાં ઈતિહાસ માં સ્ત્રી નાં અધિકારો માટે પોતાનું પ્રથમ કાયદા મંત્રી પદ ત્યાગ કરનાર ત્યાગમૂર્તિ ડૉ બાબસાહેબ નું રૂણ ભારતની મહિલાઓ ક્યારેય ચૂકવી નહીં શકે.

ત્યારે આવો આજના દિવસ ને આપડે ભારતીય મહિલા દિવસ તરીકે મનાવી ને સાચા અર્થમાં ડૉ બાબા સાહેબ નાં ચરણો મા કૃતજ્ઞતા વ્યક્ત કરીએ.

## ગાંધી નિર્વાણદિન નિમીતે કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહમાં વિશેષ પ્રાર્થના સભા

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૫

મહાત્મા ગાંધીજીની ૭૩મી પુણ્યતિથી નિમીતે કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ જામનગરમાં વિશેષ પ્રાર્થનાસભા યોજીને ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ કરશનભાઈ ડાંગરના અધ્યક્ષ પદે યોજાયેલ આ કાર્યક્રમમાં સરકારની તમામ ગાઈડલાઈનનું પાલન કરવામાં આવ્યું હતું. પ્રાર્થના સભાના પ્રારંભમાં સર્વધર્મ પ્રાર્થના અને વૈષ્ણવ જન ભજનનું સમુહ ગાન કરવામાં આવ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટી ડો.પ્રફુલ્લભાઈ દવે અને પ્રમુખ કરશનભાઈ ડાંગરે પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના મંત્રી સહિત સમિતિના સભ્યો તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન નીશાબેન સીમરિયાએ કર્યુ હતું.

## જામનગરમાં પીવીસી ચૂંટણીકાર્ડ કાઢવાની પ્રક્રિયામાં ભારે મુશ્કેલી

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૫

જામનગર જિલ્લા સેવાસદનમાં ઓનલાઈન પીવીસી ચૂંટણી કાર્ડ કાઢવામાં અનેક તકલીફ પડતી હોય જેને લઈને સામાજીક કાર્યકર અનવર સંઘારે જિલ્લા ચૂંટણી અધિકારીને પત્ર પાઠવી રજૂઆત કરી છે. જામનગરમાં જિલ્લા સેવાસદન ખાતે ઓનલાઈન પીવીસી ચૂંટણીકાર્ડ કાઢવાની કામગીરી ચાલી રહી છે. અહીં એક ચૂંટણી કાર્ડ કાઢતા આશરે ૩૦થી ૩૫ મીનીટનો સમય થાય છે અને ઘણી વખત સર્વરની ખામી કે વેબસાઈટની એરરના કારણે કોમ્પ્યુટર સિસ્ટમ બંધ થઈ જાય છે. આ બાબતની ફરિયાદ અમોને અમારા વોર્ડ નં.૧ના મતદારો દ્વારા મળેલ હતી જે અંગે અમોએ તા.૨-૨-૨૦૨૧ના રોજ રૂબરૂ જાત તપાસ કરતા અમોને આ બાબત સત્ય હોવાનો અનુભવ થયેલ છે. અમોએ ત્યાંના ઓપરેટર સાથે વાત કરતા તેઓએ જણાવેલ કે આ અંગે અમારો કોઈ વાંક નથી. ઉપરથી સર્વરમાં પ્રોબ્લેમ છે જેને લીધે સીસ્ટમ ધીમી ચાલે છે. આ અંગે અમોએ સંબંધિત અધિકારીઓને જાણ કરેલ છે પરંતુ કોઈ કાર્યવાહી થતી નથી તેમજ અમોને અરજદારો સાથે આ બાબતે થતા ઘર્ષણથી કંટાળી ગયા છીએ કારણ કે, અહીં આવનાર અરજદાર અમારી સાથે આ અંગે વિવાદ કરે છે આ ઉપરાંત અહીંના ઓપરેટરે જણાવેલ કે, સિસ્ટમમાં ચૂંટણીકાર્ડ ડાઉનલોડ થતું નથી અને અમારા એકાઉન્ટમાંથી પૈસા કપાઈ જાય છે. જેથી અમોને નુકસાન જાય છે. આ અંગે અમોએ મદદનીશ ચૂંટણી અધિકારી (શહેર)ને જાણ કરેલ અને તેઓએ આ અંગે યોગ્ય કરવાની ખાત્રી આપેલ છે પરંતુ લોકોની પરેશાની જોઈ આ અંગે વહેલી તકે કાયમી ઉકેલ આવે તેવી નક્કર કાર્યવાહી થવી જરૂરી છે. હાલમાં ચૂંટણી જાહેર થઈ ગઈ છે અને ઉમેદવારો તેમજ મતદારોને ચૂંટણી કાર્ડની આવશ્યકતા હોય દરરોજ અરજદારોનો ખુબ જ ધરાસરો રહે છે. જેની સામે સીસ્ટમનો પ્રોબ્લેમ હોવાથી કામગીરી સમય મર્યાદામાં થતી નથી. હાલના કોરોનાના સમયગાળામાં લોકોની ભીડ વધુ સમય ભેગી થાય તે હિતમાં નથી તેમજ હાલમાં ચૂંટણી હોવાથી ચૂંટણી કાર્ડની આવશ્યકતાને કારણે લોકોની ભીડ રહેવાની પુરી શકયતા છે. તેથી ચૂંટણીને તેમજ કોરોના મહામારીને ધ્યાનમાં લઈ અને ચૂંટણી કાર્યક્રમ જાહેર થઈ ગયેલા હોવાથી સમય મર્યાદામાં આ પ્રશ્નનો ઉકેલ લાવવો જરૂરી છે.

## જામનગરમાં કરોડો રૂપિયા જમી જનાર ચાર શખ્સો સામે ગુજસીટોકનો ગુન્હો

### નિવૃત આર્મીમેન સહિત ૫૪ વ્યક્તિઓનો રૂા.૧૪ કરોડની રકમ ઉઘરાવી હજમ કરી જતાં અદાલતમાં ફરીયાદ, વધુ સુનાવણી આગામી સોમવારે

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૫

જામનગર મા રોકાણ ના બહાને મની ટ્રેડિંગ ના ધંધાર્થી એવા ધબ્બા પરિવાર ના ચાર સભ્યો સહિત ની ટોળકીએ જામનગરના જ છ નિવૃત આર્મીમેન સહિત ૫૪ લોકોના આશરે ૧૪ કરોડ જેટલાં નાણાં હજમ કરી લીધા પછી પોલીસમાં ફરિયાદ નોંધાવાતા પોલીસે હળવી કલમ નો ગુનો લીધો હોવાથી તમામ આસામીઓને નારાજ થઈને તેમના વકીલ મારફતે રાજકોટ ની સ્પેશિયલ અદાલત સમક્ષ ગુજસીટોક ની કલમ હેઠળ ફરિયાદ નોંધાવતાં ભારે હલચલ મચી ગઈ છે. ગુજરાત રાજ્યમાં આ પ્રકારની સૌપ્રથમ ફરિયાદ થઈ છે. રાજકોટની સ્પેશિયલ અદાલતે આ કેસની આગળની સુનાવણી ચાલુ કરી છે. જયારે જામનગરની અદાલતમાં કરેલી અરજી સંદર્ભે આરંભાયેલી દલીલો બાદ આ અંગેની સુનાવણી તા. ૮ના રોજ મુકરર કરવામાં આવી છે. આ ચકચારી કેસની વિગત એવી છે કે જામનગરના બાલાજી પાર્ક વિસ્તારમાં રહેતા નિવૃત આર્મીમેન રણવીરપ્રતાપસિંહ સુધાકરસિંહ દરબારે જામનગરના અંબર સિનેમા રોડ પર મની ટ્રેડિંગનો વ્યવસાય કરતા હિરેન મહેન્દ્રભાઈ ધબ્બા તથા અને તેમના પરિવાર દ્વારા ચલાવવામાં આવતી ઓમ ટ્રેડિંગ કંપની નામની પેઢી માં રોકાણ કર્યું હતું, અને પોતાની કારકિર્દી દરમિયાન ગ્રેચ્યુઈટીની એકત્ર થયેલી ૩૬ લાખ જેટલી રકમ રોકાણ માટે જમા કરાવી હતી. તેઓની સાથે અન્ય પાંચ નિવૃત આર્મીમેન જોડાયા હતા, જ્યારે શહેરના જુદા જુદા કુલ ૫૪ જેટલા વ્યક્તિઓએ અંદાજે રૂપિયા ૧૪ કરોડ નું રોકાણ કર્યું હતું. શરુઆતમાં રોકાણકારોને થોડો નફો આપ્યો હતો ત્યાર પછી નફો અથવા તો મૂળ રકમ આપવાનું માંડી વાળ્યું હતું, અને ઓફિસને પણ તાળા મારી દીધા હતા. અને નાણાં ચૂકવવામાં હાથ ખંખેરી લીધા હતા. જે સમગ્ર મામલો પોલીસ સમક્ષ પહોંચ્યો હતો. પરંતુ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં હળવી કલમ હેઠળ નો તમામ નવ આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો. જે પૈકી ચાર આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી, અને બાકીના ભાગતા ફરે છે. સાથોસાથ તેઓ પાસેથી માત્ર અઢી લાખ જેટલી રકમની ચીજવસ્તુઓ કબજે કરવામાં આવી છે. પરંતુ આરોપીઓ પાસેથી વસુલાત થાય તેવા કોઈ અણસાર નહીં હોવાથી તેમજ મની સર્ક્યુલેશન અંગે ગુજસીટોક ના કાયદા હેઠળ ગુનો નોંધવો જોઈએ, તેવી પ્રક્રિયા થઈ ન હોવાના કારણે તમામ આસામીઓ એ પોતાના એડ્વોકેટ વી. એચ. કનારા મારફતે રાજકોટની સ્પેશિયલ અદાલતના દ્વાર ખટખટાવ્યા હતા અને હિરેન મહેન્દ્રભાઈ ધબ્બા અને તેના પરિવારના મહેન્દ્ર જમનાદાસ ધબ્બા, આશાબેન હિરેનભાઈ ધબ્બા, ઉપરાંત ઓફિસનું કામ સંભાળતા હસમુખસિંહ જીતુભા પરમાર, તોસીફ બશીર ભાઈ શેખ, સંગીતાબેન મેઘરાજભાઈ લાલવાણી, પ્રવીણ ચનાભાઈ ઝાલા, નવીન નાનજીભાઈ વાઘેલા તેમજ અન્ય તપાસમાં જે ખૂલે તે તમામ સામે ગુજસીટોક ના કાયદા હેઠળ ની ફરિયાદ નોંધાવતાં રાજકોટની સ્પેશિયલ અદાલતે ફરિયાદ નોંધી છે, અને તેની સુનાવણી હાથ ધરી છે. જે સમગ્ર મામલે જામનગરના ધારાશાસ્ત્રી વી. એચ. કરનારા દ્વારા દલીલો કરવામાં આવી રહી છે, અને તેઓ દ્વારા અનેક પુરાવાઓ એકત્ર કરીને કેસની સાથે જોડ્યા છે. આવનારા દિવસોમાં આ પ્રકરણમાં અદાલત દ્વારા શું કાર્યવાહી થઈ રહી છે તેના પર સૌની મીટ મંડાયેલી છે. સમગ્ર રાજ્યભરમાં ગુજસીટોક અંગેનો અદાલતમાં સીધો સૌ પ્રથમ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

## જામનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે કોંગ્રેસના ઉમેદવારોએ ભર્યા ફોર્મ



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૫

જામનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે આજે વોર્ડ નંબર સાતના કોંગ્રેસની પેનલના ઉમેદવાર પાણખાણિયા જયશ્રીબેન પ્રવિણભાઈ, ગજેરા રંજનબેન, પાર્થ મોતિલાલ પટેલ અને ચનિયારા પ્રવિણભાઈ જે.એ આજે ઉમેદવારી ફોર્મ રજૂ કર્યું હતું. તેવી જ રીતે વોર્ડ નંબર ૮ ના કોંગ્રેસની પેનલના ચૌહાણ નરેન્દ્રસિંહ મુળુભા, દોઢિયા તેજસ કિશોરચંદ્ર, પરમાર ભાવનાબેન ભવાનભાઈ અને ત્રિવેદી પદ્માબેન મનસુખભાઈએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. વોર્ડ નંબર ૩ માંથી પંડ્યા દિપ્તિબેન કમલેશભાઈ, રાયઠઠ્ઠા મીનાબેન રાજેશભાઈ, જેઠવા શક્તિસિંહ મહેન્દ્રસિંહ અને ભાલોડિયા લલિતભાઈ ખીમજીભાઈએ પણ પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું.

## વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય પ્રવક્તા દેવજીભાઈ રાવત બોટાદની મુલાકાતે

ચક્રવાત ટીમ રાજેશ શાહ,તા.૫

અયોધ્યા મા બની રહેલ રામ મંદિરના નિર્માણ માટે સમર્પણ નિધિ અંગે અપીલ કરવા માટે સમગ્ર રાષ્ટ્રની મુલાકાતે છે ત્યારે આજરોજ બોટાદ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ ઓફિસે મુલાકાત લીધેલ હતી આ અયોધ્યામાં બની રહેલ ભગવાન શ્રીરામના મંદિર નિર્માણ માટે લોકો છૂટા હાથે ફાળો આપે તેવી પણ અપીલ કરવામાં આવેલ હતી.

બોટાદ જિલ્લામાં રામ મંદિર નિર્માણ નિધિમાં વિશ્વ હિન્દુ પરિષદના માધ્યમથી ૨૫ લાખ જેટલી રકમ એકત્ર થઈ છે ત્યારે મંદિર નિર્માણ માટે લોકફાળો અને વધુ વેગવંતુ બનાવવા માટે બોટાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા પરિવારો કુટુંબો લોકો સુધી ઘરોઘર જઈ પહોંચી દસ



રૂપિયા, સો રૂપિયા, ૧૦૦૦ રૂપિયા કે તેનાથી વધુ દાન ફાળો એકત્ર કરવાનું આયોજન થયું છે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વિવિધ ટીમોની રચના કરી બોટાદ જિલ્લાના ગામડા સુધી ફાળો એકત્ર કરવા માટે કાર્યકર્તાઓને મોકલવામાં આવશે ત્યારે હિન્દુ ધર્મમાં આસ્થા ધરાવતા શ્રધ્ધાળુ ભાવિકો એ છુટા હાથે ફાળો આપે તેવી અપીલ કરવામાં આવી હતી.

## ચૂંટણી અધિનિયમ ૧૯૯૪ વિરૂદ્ધમાં પુરાવા માંગતા મુખ્ય ચૂંટણી કમિશ્નરને રજૂઆત

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૫

જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ રજૂ કરતી લેણું બાકી નથી તેવો મહાનગરપાલિકાનો દાખલો રજૂ કરવાની તેમજ ચૂંટણી નિયમ ૧૯૯૪ ભાગ-૨ ના નિયમ ૮ વિરૂદ્ધ પુરાવાઓ ચૂંટણી અધિકારીની યાદીમાં માંગવામાં આવતા આરટીઆઈ કાર્યકર દ્વારા મુખ્ય ચૂંટણી અધિકારી ગુજરાત રાજયને પત્ર પાઠવી જાહેર ખુલાસો કરવા માંગ કરાઈ છે. જામનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ને લઈને ચૂંટણી અધિકારીઓ દ્વારા ઉમેદવારી ફોર્મ રજૂ કરતી વખતે ચૂંટણી નિયમ ૧૯૯૪ન ભાગ-૨ના નિયમ ૮ વિરૂદ્ધ પુરવા માંગવામાં આવે છે જે કાયદા અને નિયમ વિરૂદ્ધ છે જેને લઈને આરટીઆઈ એકટીવીસ્ટ કલ્પેશ આશાણી અને મુખ્ય ચૂંટણી કમિશ્નર ગુજરાત સરકારને પત્ર પાઠવી એવી રજૂઆત કરી છે કે, જામનગરમાં ચૂંટણી અધિકારીઓ દ્વારા જુદા જુદા ૧૨ પુરાવાઓ માંગવામાં આવે છે. જેમાં મુખ્યત્વે મહાનગરપાલિકાએ મીલ્કતવેરો બાકી નથી તેવો દાખલો રજૂ કરવો તે કયા કાયદા મુજબ માંગવામાં આવે છે? આ ઉપરાંત શૌચાલયનો દાખલો જે પણ ચૂંટણી નિયમ ૧૯૯૪ સાથે સુસંગ નથી? તેમજ શૈક્ષણિક લાયકાતનું પ્રમાણપત્રને પુરાવા તરીકે માંગવામાં આવે છે તો અભણનું શું ? તેમજ બાળકોના સર્ટીફીકેટ તો ૨૦૦૫ પહેલાનો જન્મેલા બાળકોનું સર્ટીફીકેટનું શું? ઉપરોકત બાબતો વિવાદાસ્પદ બની છે ત્યારે સાચા છે કે ખોટા અંગે તે અંગે મુખ્ય ચૂંટણી અધિકારી ગુજરાત સરકાર દ્વારા જાહેર જનતામાં સ્પષ્ટતા કરવામાં આવે તે જરૂરી હોય તેમ પત્રના અંતમાં કલ્પેશ આશાણીએ જણાવ્યું છે.

## જામનગરમાં ફોર્મ ભરવામાં ભાજપ વિજયમુહૂર્ત ચૂક્યુ



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૫

જામનગરમાં ભાજપના ઉમેદવારો આજે બપોરે વિજય મુહૂર્તમાં ફોર્મ ભરવાના હતાં, પરંતુ હોબાળો, વિરોધ વગેરે વચ્ચે બપોરે દોઢ વાગ્યા સુધી હજુ ફોર્મ તૈયાર કરવાની કામગીરીનો ધમધમાટ ચાલતો હતો એટલે કે હજુ સુધી એક પણ ભાજપના ઉમેદવારે ફોર્મ ભર્યુ નથી, પરંતુ પંચેશ્વર ટાવર પાસેની શ્રીમાળી વાડીમાં ભાજપના ઉમેદવારોના ફોર્મ તૈયાર કરવાની પ્રક્રિયા કરી રહ્યા છે. આમ ભાજપના ઉમેદવારો વિજય મુહૂર્તમાં ફોર્મ ભરી શક્યા નથી, એટલે કે સમય ચૂકી ગયા છે.

## કલ્યાણપુરના ચકચારી વિપ્ર મહિલા હત્યા પ્રકરણના ઝડપાયેલા આરોપીઓ પાંચ દિવસના રિમાન્ડ પર

ચક્રવાત ટીમ કલ્યાણપુર, તા.૦૫

કલ્યાણપુર પંથકમાં રહેતા એક વૃધ્ધ મહિલાની પૈસા સહિતના કારણોસર નિર્મમ હત્યા નિપજાવનાર બે શખ્સોની પોલીસે વિધીવત રીતે ધરપકડ કરી, રિમાન્ડ પર લીધા છે. કલ્યાણપુર ખાતે રહેતા અને નિવૃત્ત જીવન ગુજારતા એક બ્રાહ્મણ દંપતી પરિવારના ૬૫ વર્ષીય વૃદ્ધ મહિલા જયાબેન જટાશંકરભાઈ ભોગાયતા ગત તારીખ ૧ ના રોજ સાંજના સમયે બજારમાંથી રાશનની ખરીદી કરીને ઘરે પરત આવતા અગાઉના આર્થિક વહિવટ તથા અન્ય કારણસર થયેલા મનદુઃખનો રાગદ્વેષ રાખી તેમની પથ્થરના બેફામ ઘા મારી અને નિર્મમ હત્યા નિપજાવવામાં આવી હતી. આ ચકચારી હત્યા પ્રકરણમાં સ્થાનિક પોલીસ ઉપરાંત સમગ્ર જિલ્લાભરના પોલીસ સ્ટાફ દ્વારા સાધન કાર્યવાહી કરી અને ગણતરીના કલાકોમાં જ મુખ્ય બે આરોપીઓને દબોચી લેવામાં આવ્યા હતા. આ હત્યા પ્રકરણમાં પોલીસે મૂળ આગ્રા (યુ.પી.) ના અને હાલ કલ્યાણપુરમાં રહેતા સોનુ બ્રિજેશસિંગ રાજપુત નામના ૨૩ વર્ષીય પરપ્રાંતિય શખ્સ ઉપરાંત કલ્યાણપુરના રહીશ માંલો ઉર્ફે માઈકલ ખીમાભાઈ રાઠોડ (ઉ.વ. ૨૨) નામના બે શખ્સોની અટકાયત કરી લીધી હતી. બાદમાં તેઓના કોરોના ટેસ્ટ નેગેટીવ આવતા બુધવારે આ બન્નેની વિધિવત રીતે ધરપકડ કરવામાં આવી હતી. ઝડપાયેલા બન્ને શખ્સોને ગઈકાલે ગુરૂવારે વધુ તપાસ અર્થે તપાસનીસ અધિકારી પી.એસ.આઈ. એફ. બી. ગગનીયા દ્વારા કલ્યાણપુરની અદાલતમાં રજૂ કરી, આ શખ્સો દ્વારા મૃતક મહિલાના મોબાઈલ ફોન તથા રોકડ રકમ સહિતના મુદ્દામાલની લૂંટ કરીને લઈ જવામા આવેલા મુદ્દામાલને કબજે લેવા સહિતના મુદ્દાઓ રજૂ કરી, અદાલત સમક્ષ પાંચ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. રિમાન્ડની આ માંગણીને નામદાર અદાલતે ગ્રાહ્ય રાખી, ઉપરોક્ત બન્ને આરોપીઓને માંગ્યા મુજબ પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.

## ખંભાળિયા : પ્રાર્થનાસભાની મંજુરી તથા મ્યુ. ગાર્ડનનો સમય વધારવા રજૂઆત

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૦૫

ખંભાળિયા સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોરોનાની પરિસ્થિતિ કાબૂમાં છે. ત્યારે આમ જનતાને લગતા વિવિધ મહત્ત્વના મુદ્દે અહીંના પીઢ કાર્યકર મનુભાઈ તન્ના દ્વારા જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. સરકાર દ્વારા કોરોનાના ઘટતાં જતાં કેસો તથા વેક્સિન શોધાયા બાદની પરિસ્થિતિને ધ્યાને લઈને રાજ્યમાં સો ટકા ક્ષમતા સાથે સિનેમાગૃહો ખોલવા ઉપરાંત જીમ અને કરફ્યુમાં છૂટછાટ સહિતના પગલાં લેવામાં આવ્યા છે. આ આવકારદાયક બાબત વચ્ચે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ છેલ્લા દિવસોમાં એકલ-દોકલ પોઝિટિવ કેસ વચ્ચે કોરોના પરિસ્થિતિમાં ઘણો સુધારો આવ્યો છે. આ બાબતને ધ્યાને લઈ ખંભાળિયાના વયોવૃદ્ધ સેવાભાવી કાર્યકર અને એફ.પી. એસ. એસોસિયેશનના પૂર્વ પ્રમુખ મનુભાઈ રણછોડદાસ તન્ના દ્વારા અહીંના જિલ્લા કલેકટરને એક લેખિત પત્ર પાઠવી અને જિલ્લામાં અવસાન બાદ શ્રદ્ધાંજલિ અર્થ પ્રાર્થનાસભા તથા બેસણું યોજવા માટે નિયમોને આધીન મંજૂરી આપવાની રજૂઆત કરી છે. ઉપરાંત ખંભાળિયા શહેરમાં એકમાત્ર હરવા-ફરવાના સ્થળ એવા મ્યુનિસિપલ ગાર્ડન પણ રીનોવેશન બાદ દિવસ દરમિયાન તદ્દન મર્યાદિત સમય માટે ખુલ્લું રાખવાની મંજૂરી હોવાથી અહીં બાળકો તથા વોકિંગ કરનારાઓની ભીડ સર્જાય છે. આ પરિસ્થિતિમાં હાલ કોરોના સંક્રમણ ઓછું હોવાથી મ્યુનિસિપલ ગાર્ડન વધુ સમય માટે ખુલ્લું રહે તે માટેની પણ રજૂઆત કરી છે.

## અણછાજતી માંગણીને વશ ન થતી યુવતી પર બે શખ્સે કર્યો હુમલો

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૫

જામનગરમાં જુના રેલવે સ્ટેશન પાસે આવેલી એક શેરીમાં ગઈકાલે યુવતીના મકાનમાં ઘૂસી ગયેલા બે શખ્સે તે યુવતી પાસે અણછાજતી માંગણી કરી તેણીના કપડા ફાડી, વાળ પકડી પછાડયા પછી માર મારતા તે યુવતીએ પોલીસ સ્ટેશન ધસી જઈ ધા નાખી છે. પોલીસે બન્ને શખ્સની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. જામનગરના જુના રેલવે સ્ટેશન પાસે આવેલા વેલનગર વિસ્તારની શેરી નં. ૧માં રહેતાં ધીરજ ધનજીભાઈ રાણીવરીયા તથા મનોજ ધનજીભાઈ રાણીવરીયા નામના બે શખ્સ એક યુવતીની પાછળ પડી ગયા હતાં. આ શખ્સો તે યુવતીને અવારનવાર પજવતા હતાં તે દરમ્યાન ગઈકાલે રાત્રે તેણીના ઘરમાં ઘૂસી આ શખ્સોએ અણછાજતી માંગણી કરી તેણીનો હાથ પકડી લઈ કપડા ફાડવાની કોશિષ કરતા આ યુવતીએ દોટ મૂકી હતી તેથી વધુ ઉશ્કેરાયેલા બન્ને શખ્સે પાછળ દોડી તેણીને વાળ પકડી પછાડ્યા પછી ઢીકાપાટુ વડે માર મારતા આ યુવતીએ બન્ને સામે સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આઈપીસી ૩૫૪ (ક) (૧) (૨) સહિતની કલમો હેઠળ ગુન્હો નોંધી આરોપીઓની ધરપકડ માટે તજવીજ હાથ ધરી છે.

## ગોરસર જય મામા પાગલ આશ્રમના નવીનીકરણ બિલ્ડીંગનું કાલે લોકાર્પણ

### ૬૫ જેટલા સ્ત્રી-પુરૂષ માનસીક રોગીઓની ચાલી રહી છે સેવા : આશ્રમના મુખ્ય સંચાલક વણઘાભાઇ છેલ્લા ૧૮ વર્ષથી સેવા આપે છે

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૫

ગોરસર મુકામે કોસ્ટલ હાઈવે પર આજથી ૧૮-૨૦ વર્ષ પહેલા માનવ સેવાના એક દીપ સમાન જય મામા પાગલ આશ્રમની શઆત સામાન્ય ટ્રક ડ્રાઈવર વણઘાભાઈ દ્વારા શઆતમાં પાંચ પાગલોને આશ્રમમાં રાખી અને પાગલોની સેવા શ કરી હતી આજે આ પાગલ આશ્રમમાં ૬૫ જેટલા સ્ત્રી-પુષ પાગલો રહે છે અને તેની ભોજન, દવા, રહેવા સહિતની દેખરેખ સતત ૨૪ કલાક આશ્રમમાં હાજર રહી અને સેવાના ભેખ ધારી વણધાભાઈ દ્વારા કરવામાં આવી રહી છે. આ સેવા યજ્ઞમાં વણઘાભાઈને જુનાગઢના માનવ પ્રેમી ડો. બકુલભાઈ બુચ દ્વારા પાગલોની તમામ પ્રકારની સારવાર અને દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે, આ ઉપરાંત સુનિધી પ્રજ્ઞા કલ્યાણ આશ્રમનાં સૌ ટ્રસ્ટીઓ સ્વ.જયંતિભાઈ શાહ (મુંબઈ), અણભાઈ શાહ-મુંબઈ, પદુભાઈ રાયચુરા-પોરબંદર, રમેશભાઈ શેઠ-જુનાગઢ, કિરીટભાઈ નથવાણી-માધવપુર, હમીરભાઈ કેશવાલા-જુનાગઢ સહિતનો કાયમી તન, મન, ધનથી મામા પાગલ આશ્રમને સહયોગ સાંપડી રહ્યો છે. જય મામા પાગલ આશ્રમને મદદપ થવા માટે પોરબંદરમાં ઓમ ગ્રુપ દ્વારા યોજાયેલ શિવકથાના આયોજનના માઘ્યમથી અનેક દાતાઓ તરફથી મળેલ નાના-મોટા દાનનાં સહારે પરિવારના મૂખ્ય યોગદાથી ।.૩૨ લાખના ખર્ચે ફેઝ-૧નું કાર્ય આઠેક માસ પહેલા પુ થયં છે જેમાં ડાઈનીંગ હોલ, કીચન અને સ્ટોર્સની વ્યવસ્થા કરાઈ છે. આશ્રમમાં નવું બનાવેલ ફેઝ-૨નું કાર્ય પણ પૂર્ણ થયેલ છે.

# ગીરમાં વન્યપ્રાણીઓનો શિકાર કરતા ૩૦ ઈસમોની ટોળકી ઝડપાઈ

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૫

થોડા ઘણા સમય થી ગીર વિસ્તાર માં સિંહ ની પજવણી ,અને ગેરકાયદેસર લાઈન શો બતાવવાના કિસ્સાઓ બનતા આવ્યા છે ત્યારે થોડા દિવસો પહેલા શિકારી ગેંગ સક્રિય થઈ હતી.સુત્રાપાડા તાલુકાના પ્રાંચી નજીકના ખાભા ગામમાં કોઈ અજાણ્યા વ્યકિતને વન્યપ્રાણી સિંહ દ્વારા ઈજા અંગેનો મેસેજ મળતા સ્થાનીક સ્ટાફ મા દોડધામ મચી ગઈ હતી.બીજી બાજુ પ્રશ્ન એ ઊભો થાય છે કે જો વનવિભાગ એવા બડિંગા માટે છે કે સઘન પેટ્રોલિંગ ચાલુ હોય છે તો કેમ શિકારી જંગલ મા ધૂસી શકે છે કે તેની પૂછપરછ કરવામાં નથી આવતી.સમગ્ર વાસ્તવિકતા જ્યારે સામી આવી ત્યારે શિકારી એ શિકાર માટે ફાસલો રાખ્યો હતો તે ફાસલામાં એક સિંહ બાળ ફસાઈ ગયું હતું અને અચાનક સિંહણે આવી શિકારી પર હુમલો કરતા શિકારી ઈજાગ્રસ્ત થયો હતો. ઈજા પામનાર વ્યકિત તે સ્થળે મળી આવેલ ન હતા પરંતુ વન વિભાગના સ્થાનિક સ્ટાફ ધ્વારા સ્થળ તપાસ કરતા વિસ્તારમાં એક સિંહ બાળનું પગ ફાસલામાં ફસાયેલ જોવા મળેલ હતો. ફસાયેલ સિંહ બાળને તાત્કાલીક વેટરનરી ડોકટરની ટીમ બોલાવી ને રેસ્કયુ કરી ફાસલામાંથી સિંહબાળને મુકત કરવામાં આવેલ હતો. , ફાસલા આશરે ૪ વ્યાસના હતા . સિંહ બાળને એજ દિવસે સાંજે એજ વિસ્તારમાં માદા સિંહણ સાથે ભેગા કરવામાં આવ્યુ હતું. આ વિસ્તારમાં જે માણસને ઈજા થયેલ હતી તેઓ તાલાળા ખાતે સરકારી દવાખાનામાં પ્રાથમીક સારવાર લઈ ત્યાંથી તેઓના સંબધીઓ સાથે વન વિભાગ કે પોલીસ વિભાગને જાણ કર્યા વગર ભાગી છુટેલ હતો. જેના આધારે તેઓ ઉપર શંકા થતા વંથલી પોલીસ ની મદદથી તેમને જુનાગઢ નજીક વાડલા ફાટક પાસે ઓળખ કરી ત્રણ બીજા સંબધીઓ સાથે પકડી પાડવામાં આવ્યા હતા, ઈજાગ્રસ્ત માણસને વધુ સારવાર અર્થે સિવીલ હોસ્પીટલ જુનાગઢ ખાતે દાખલ કરવામાં આવેલ અને અન્ય ત્રણ ઈસમોથી પુછપરછ કરતા . ઈજાગ્રસ્ત માણસની ઓળખાણ હબીબભાઈ સમશેરભાઈ પરમાર ઉં- ૬૦ અને તેઓના સંબધીઓની ઓળખાણ (૧ ) અસમલભાઈ સમશેરભાઈ પરમાર , ( ૨ ) રાજેશાભાઈ મનસુખભાઈ પરમાર , ( ૩ ) મનીબેન હબીબભાઈ પરમાર , આરોપીઓ સુરેન્દ્રનગરના થાનના હોવાનું જાણવા મળ્યું હતું . ફાસલામાં ફસાયેલ સિંહ બનાવના વિસ્તારમાં સ્થળ તપાસ દરમ્યાન કુલ ૪ ફાસલા જોવા મળ્યા હતા . જેમાંથી એક ફાસલમાં સિંહબાળ ફસાયેલ હતો



તેમજ એક અન્ય ફાસલામાં શીયાળ ફસાયેલું જોવા મળેલ આ ફાસલાઓ માપમાં નાના.અને તેમાં સિંહ વાઘ માટે વપરાતા ફાસલાઓ જેવા દાંત કે માપસરની મજબુતી પણ ના હતી. . આ લોકો દંગા નાખીને રહેતા તેવુ સ્થાનીક તપાસમાં ધ્યાને આવેલ. આ લોકો તા.૦૩ જાન્યુ. ના વહેલી સવારે તે વિસ્તારમાંથી નાસી ગયેલ છે. તેવુ સ્થાનીકો દ્વારા જાણતા. જુનાગઢના વાડલા પાસેથી મળેલ ત્રણ ઈસમોથી સઘન પુછપરછ દરમ્યાન તેઓએ જણાવેલ કે તેઓ તેમના અન્ય સાથીઓ સાથે ખાંભા ગ્રામ્ય વિસ્તારમાં જીલ્લા - ગીર - સોમનાથ ) છેલ્લા અમુક સમયથી દેશી આયુર્વેદિક ઓષધીઓના વેચાણ કરી દંગા બનાવીને કામ કરી રહેલ હતા . પુછપરછના આધારે તેઓના સાથીઓ ઉના / ભાવનગર તરફ નાસી ગયેલ હોય તેવું જાણવા મળેલ જે અંગે પોલીસના જીંદ મદદથી સઘન તપાસ હાથ ધરવામાં આવેલ . મોબાઈલના લોકેશનના આધારે તેઓના સાથીઓને ભાવનગર જીલ્લાના શિહોર વિસ્તાર તેમજ ભાવનગર શહેર વિસ્તારમાંથી ઝડપી પાડેલ હતા. શિહોર વિસ્તારમાંથી કુલ - ૨૫ ઈસમો!ની તપાસ કરવામાં આવેલ હતી . ભાવનગર શહેરના નારી ચોકડી વિસ્તારમાંથી ઝડપાયેલ ઈસમ પાસેથી લોંખડની ફાસલો બુરા કપડાથી મઢેલું અને સાંકળ બાંધેલ અને અન્ય લગત સાધન સામગ્રીઓ કબ્જે લેવામાં આવેલ . ઝડપાયેલ ઈસમો સુરેન્દ્રનગર જીલ્લાના થાન ગામે તેમજ બે ઈસમો જુનાગઢ જીલ્લાના ડુંગરપુર વિસ્તારના રહેવાસીઓ તેવુ પુછપરછ દરમ્યાન જાણવા મળેલ . તેમજ શિહોર વિસ્તારમાંથી પકડાયેલ ઈસમો પાસેથી પણ લોખડના છરી , લગત સામગ્રી અને પ્રાણીના અવશેષો માંસ , હાડકા ) મળી આવેલ વધુમાં પાલીતાણાના બગદાણા ગામના ચેકીંગ દરમ્યાન વધુ ચાર ઈસમોની અટક કરવામાં આવેલ અને તેઓ પાસેથી ફાસલા / અન્ય સાધન સામગ્રીઓ તેમજ વન્યપ્રાણીના અવશેષો માંસ , હાડકા ) મળી આવેલ હતા . આ તમામ ઈસમોને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ -૧૯૭૨ હેઠળની વિવિધ કલમો હેઠળ ગુન્હો નોંધી જુનાગઢ વન વિભાગ , ભાવનગર વન વિભાગ અને શૈત્રુજી વન્યજીવ વિભાગ ધ્વારા નામદાર કોર્ટ સમક્ષ જુ કરવા અંગેની આનુસાંગીક કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે વધુમાં વનવિભાગના અધિકારી એ જણાવ્યું હતું કે આ પકડાયેલ ઈસમો પાસેથી મળેલ શંકાસ્પદ સાધન - સામગ્રી વધુ તપાસ માટે ફોરેન્સીક તપાસ અર્થે મોકલવામાં આવશે . આમ આ સમગ્ર પ્રકરણ માં પ્રથમ દષ્ટિએ એક જ વિસ્તાર ના ઈસમો દ્વારા આપસી સહકાર થી નાના વન્યપ્રાણીઓના શિકાર કરતા હતા. તે પ્રાથમિક તપાસ માં જણાઈ આવેલ છે . વધુમાં ઉપરોક્ત ઈસમો પાંરમપરીક દવા , તેલ અથવા સારવાર માટે ઔષધીઓ કે નાના વન્યપ્રાણીઓ જેવા કે સાંડા . શીયાળ જેવા શિકાર કરતા હોય તેમ જણાય છે . વન વિભાગ અને પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત રીતે સઘન તપાસના કારણે ખુબજ ટૂંકા સમયગાળા માં આ કેસ સાથે સંકળાયેલા શંકાસ્પદ ઈસમોને બુહદ ગીર વિસ્તારો માંથી ઝડપી લેવામાં સફળતા મળી છે.પરંતુ અત્યાર સુધીમાં જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર માં પણ શિકારના કિસ્સાઓ બનતા હોય છે ત્યારે વનવિભાગ કેટલું સક્રિય થશે એતો આવનાર સમય નક્કી કરશે.

## ઊનાના ગુંદાળા ગામે પરીવાર સાથે ઝગડો કરતા યુવાનને બે શખ્સોએ લોખંડના પાઈપ મારી હત્યા કરી

ચક્રવાત ટીમ ઊના, તા.૦૫

ઊનાના ગુંદાળા ગામે દેવીપુજક યુવાન કોઈ કામધંધો કરતો ન હોય અને શ્રમિક પરીવારના સભ્યો મજુરી કામ કરી પૈસા કમાવી લાવતા હોય તે પૈસા વાપરી નાખતા પરીવારના વડીલોએ ઠપકો આપતા ગાળો બોલવા લાગતા આ ગાળો બોલવાની પાડોસમાં રહેતા શખ્સે ના પાડતા બોલાચાલી થતાં દેવીપુજક યુવાનને પાડોસમાં રહેતા બે શખ્સોએ લોખંડનો પાઈપ માથામાં મારી ઢીમઢાળી દેતા પોલીસ ઘટના સ્થળે દોડી જઈ હુમલાખોર બન્ને શખ્સોની ધરપકડ કરવામાં આવેલ છે. પ્રાપ્ત વિગત મુજબ ગુંદાળા ગામે રહેતા મનુભાઈ વીરાભાઈ સોલંકી દેવીપુજક ઉ.વ.૫૧ રહે ગુંદાળા વાળાએ પોલીસમાં નોધાવેલ ફરીયાદમાં જણાવેલ કે પોતાના પરીવાર સાથે રહેતા હોય અને તેમની સાથે તેમના સાવકા ભાઈ જેન્તીભાઈ વીરાભાઈ સોલંકી અને તેના દિકરા પણ સાથે રહેતા હોય આ શ્રમિક પરીવાર સાથે મળીને મજુરી કરી ગઈ કાલે રાત્રીના સમયે મજુરીના પૈસા લઈ ઘરે આવતા અને આ પૈસા જેન્તીભાઈ વીરાભાઈ સોલંકીના દિકરા સેડો તથા અશોકે પૈસા વાપરી નાખતા અને કોઈ ધંધો કરતા ન હોય તે બાબતે ઠપકો આપી જેમફાવે તેમ ભુંડી ગાળો આપતા હતા. જેથી તેમના પાડોસમાં રહેતા અશરફ ઉમર નાયા રહે.ગુંદાળા તેમજ તેનો સાળો અરમાન હૈદર સંધી રહે. વિજપડી તા.સાંવરકુંડલા આ બન્ને શખ્સો આવેલા અને જેન્તીને કહેવા લાગેલ કે તુ અવાર નવાર જાહેરમાં ભુંડી ગાળો કેમ બોલે છે તેવું કહી ઝપાઝપી કરી અશરફ ઉમરે લોખંડના પાઈપ વડે જેન્તીભાઈ વીરાભાઈ સોલંકી ઉ.વ.૨૭ ને માથાના ભાગે જીવલેણ ઘા મારી દેતા રાડારાડ પાડી નીચે પડી ગયેલ અને અરમાનએ અશરફ પાસેથી પાઈપ લઈને જેન્તીભાઈને માથામાં ઘા મારી દેતા પરીવારના મનુભાઈ વીરાભાઈ સોલંકી તેમજ તેની પત્નિ કવીતાબેન તેથા પરીવારનો અન્ય સભ્યો આવી જતાં તાત્કાલીક ઈમરજન્સી ૧૦૮ માં લોહીલોહાણ હાલતમાં ઉના સરકારી હોસ્પીટલે લાવતા જેન્તીનું મોત થયેલ હોવાનું તબીબે જણાવેલ હતું. આ બાબતે તાત્કાલીક ઉના પોલીસ દોડી ગયેલ અને જેન્તીભાઈના સાવકા ભાઈ મનુભાઈ વીરાભાઈની ફરીયાદ નોંધી બન્ને આરોપી અશરફ અને અરમાનની ધરપકડ કરી આ બનાવની તપાસ હાથ ધરેલ છે.

## સોખડા ગામેથી હાઈવે પર ટ્રકમાં ચોરી કરેલા મુદ્દામાલને સંગ્રહ કરતો શખ્સ ઝબ્બે

ચક્રવાત ટીમ ધ્રાંગધ્રા, તા.૦૫

કચ્છ-માલવણ હાઈવે પર અનેક વાર રાત્રીના સમયે ચાલુ ટ્રકમાંથી ચીજ-વસ્તુઓની ચોરીના કિસ્સા સામે આવ્યા હતા જે આજ-દીન સુધી યથાવત છે અહિ ધ્રાગધ્રા-માલવણ હાઈવે પર રાત્રીના સમયે નિકળતા ટ્રક ચાલકોના ચાલુ ટ્રકમાંથી માલ-સામાનની ચોરી થાય છે. પોલીસ રેકર્ડ મુજબ ચાલુ ટ્રકમાંથી માલ-સામાન ચોરી કરનાર ‘ગેડીયા ગેંગ’ છે જોકે આ ગેંગને તાળપત્રી ગેંગ પણ કહેવાય છે. ગત અઠવાડીયામાં જ બેથી ત્રણ જેટલા ટ્રકોમાથી માલ-સામાનની ચોરી થઈ હોવાની ફરીયાદ સાથે આવી હતી જેથી સુરેન્દ્નનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે ધ્રાંગધ્રા તાલુકાના સોખડા ગામે રહેતો અમિતભાઈ રમણિકભાઈ ચિહલાના રહેણાંક મકાને તથા વરંડામા હાઈવે પર ટ્રકમાથી ચોરી કરેલો માલ-સામાન



સંગ્રહ કરવામા આવે છે જેના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે તુરંત બાતમી વાળા સ્થળે જઈ દરોડો કરતા રમણીક ચીહલાના રહેણાંક મકાન ખાતેથી સાડી, ડ્રેસીસ, જેન્શના પેન્ટ, સાબુ ,મોબાઈલ ,તેલ સહિત ૩,૯૦,૩૧૯ રુપિયાનો મુદામાલ મળી આવ્યો હતો. જ્યારે અન્ય વરંડામા તપાસ કરતા ત્યાથી પણ એસી, ટીવી, ઈલેક્ટ્રોનિક આઈટમ, બ્લેન્કેટ, શેમ્પુ, મોબાઈલ સહિત ૮,૩૯,૦૪૯નો મુદામાલ મળી આવ્યો હતો.

## ઉના તુલશીશ્યામ રોડ ઉપર બાઈકનું ટાયર ફાટતા ૩ યુવાનોને ગંભીર ઈજા

**બાઈકનું ટાયર ફાટતા બન્ને બાઈક સામ સામી અથડાય અકસ્માત સર્જાયો હતો**



ચક્રવાત ટીમ ઊના, તા.૦૫

ઉના તુલસીશ્યામ રોડ પર ચાલુ બાઈકનું ટાયર ફાટતા બે બાઈક અથડાતા અકસ્માત સર્જાયો જેમાં ત્રણ યુવાનોને ગંભીર ઈજા પહોચી સારવાર અર્થે ઈમરજન્સી ૧૦૮ મારફતે ઉના ખાનગી હોસ્પીટલે ખસેડાયેલ છે. ગીરગઢડાના નગડીયા ગામે રહેતા જીણાભાઈ બાઈક પર પોતાના ઘરે જતાં હતા. ત્યારે ધોકડવા નજીક તુલસીશ્યામ રોડ પર ચાલુ બાઈકમાં આગલું વીલનું ટાયર ફાટતા સામેથી આવતા ડબલ સવારી બાઈક સાથે ધડાભેર અથડાતા બન્ને બાઈક ચાલકના જીણાભાઈ રહે. નગડીયા, રોહીતભાઈ વસંતભાઈ ભાદરીયા, તેમજ સનીભાઈ હરેશભાઈ વાજા રહે. બન્ને જેતપુર વાળાને હાથ પગ માથા તેમજ મોઢાના ભાગે અલગ અલગ જગ્યા પર ગંભીર ઈજા પહોચી હતી. આ અકસ્માત સર્જાતા ધડાકાભેર અવાજથી આજુબાજુની વાડીના ખેડૂતો દોડી ગયા હતા.અને રસ્તા પરથી પસાર થતાં વાહન ચાલકો એકત્ર થઈ ગયા હતા. અને ત્રણેય યુવાનોને ગંભીર ઈજા સાથે ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઉના ખાનગી હોસ્પીટલે ખસેડવામાં આવેલ હતા. જોકે આ અકસ્માત સર્જાતા બન્ને બાઈકમાં નુકશાન થયેલ હતું.

## વેરાવળની સરકારી હોસ્પિટલ સામે જ ગટરના પાણી મેઈન રોડ ઉપર રેલમછેલ



ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૦૫

વેરાવળમા સિવીલ હોસ્પિટલ સામે જ રાજેન્દ્ર ભુવન રોડ પર વગર ચોમાસે પાણી ભરાયા છે. આ રોડ પર સ્કૂલો, દર્દીઓ, મેડીકલ સ્ટોર્સ અને રાહદારીઓ ત્રાહિમામ. વારંવાર રજૂઆત કરવા છતા સમસ્યાનો કોઈ ઉકેલ નહી. એક તરફ કોરોનાની મહામારી ચાલી રહી છે અને એકબાજુ નગરપાલીકાની ચુટણી આવી રહી છે ત્યારે આપ જોઈ શકો છો કે નગરપાલીકા વિસ્તારમા સાફ સફાઈ કેવી થઈ રહી છે. આ વિસ્તારમા સ્કૂલ, કોલેર્જો, હોસ્પિટલો, મેડીકલ સ્ટોર્સ સહીતનો મુખ્ય વિસ્તાર હોય પરંતુ વારંવાર રજૂઆત કર્યાં બાદ પણ આ સમસ્યાનો ઉકેલ આવતો નથી. ગટરો વ્યવસ્થિત સાફ ન થવાથી કચરો ફસાઈ જતા ગટરનુ ગંદુ પાણી બહાર નીકળે છે અને ભારે દુર્ગંધ ફેલાવે છે ત્યારે રોગચાળો ફેલાય પહેલા નગરપાલીકા તંત્ર જાગે તો સારુ.

## મોરબી તાલુકા પંચાયત ટીડીઓએ કોરોના વેકસીન લીધી



ચક્રવાત ટીમ મોરબી, તા.૦૫

કોરોના વાયરસની વેકસીન મળી ગયા બાદ દેશભરમાં અધિકારીઓ અને આરોગ્ય કર્મચારીઓને કોરોના વેકસીનનો ડોઝ લેવા નો તબ્બકો ચાલી રહ્યો છે. ત્યારે મોરબી જિલ્લામાં જિલ્લા કલેકટર, અધિક કલેક્ટર, જિલ્લા પોલીસ વડા, પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓમાં મોટા ભાગના એ વેકસીનનો ડોઝ લઈ લીધો છે. ત્યારે આજે મોરબી તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી પીએ ગોહિલ સિવિલ હોસ્પિટલમાં કોરોના વેકસીનનો ડોઝ લીધો હતો. અને તેમના સ્ટાફને કોરોના વેકસીનનો ડોઝ લેવા સલાહ આપી હતી.

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માલવણ ખાતે આંખોની તપાસ કેમ્પ યોજાયો



ચક્રવાત ટીમ માલવણ, તા.૦૫

આ કેમ્પમાં મોતિયા, ઝામર, નેત્રખીલ, ત્રાસી આંખ, આંખમાંથી પાણી પડવું અને લાલ આંખ વગેરેની તપાસ કરવામાં આવી તદ ઉપરાંત કેમ્પમાં કુલ આડત્રીસ દર્દીઓએ લાભ લીધો જેમાં મોતિયાના-ચાર દર્દીઓ જોવામાં તકલીફ હોય તેવા અલગ ઓગણત્રીસ અન્ય તકલીફવાળા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.

## માનખુર્દના મડલ વિસ્તારમાં ભારે આગ ભભૂકતા ભાગમભાગ



માનખુર્દના મડલ વિસ્તારમાં ભારે આગ ભભૂકી ઉઠી છે. લાકડા અને અન્ય જ્વલનશીલ પદાર્થોના વખારો છે. ફાયર બ્રિગેડના ઓગણીસ વાહનો ઘટના સ્થળે પહોંચી ગયા છે અને આગને કાબૂમાં લેવાના પ્રયાસો ચાલુ છે. જે વિસ્તારમાં આગ લાગી હતી. તેમાં રહેવાસીઓ પણ વસે છે. આગનું કારણ હજી સ્પષ્ટ નથી.

## બે વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૫

માણાવદર પોલીસ મથકના પીએસઆઈ પી વી ધોકડીયાએ તેમની ટીમને જણાવતા માણાવદર પોલીસ મથકમાં પ્રોહીબીસીનનો ગુનો નોંધાયેલ આરોપી વિપુલ પરસોતમ ચાઉ છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો હોવાની બાતમી મળતા દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામખમભાળિયા ખાતે રહેતો હતો ત્યાંથી માણાવદર પો.કો. વિક્રમ પરમાર, રવી ખીમાં અને વિપુલ રમેશે ઝડપી લઈ માણાવદર પોલીસ મથકે લાવી કાયદેસરની કાર્યવાહી કરી હતી જૂનાગઢ જિલ્લામાં દારૂ અને દારૂનો વેપલો બંધ કરવા તંત્રની આકરી કાર્યવાહીમાં હાલ ફફડાટ ફેલાવા પામયો છે.

## બારડોલી નગરપાલિકામાં ૫૦,૦૦૦થી વધુ મતદારો કરશે મતદાન

(જી.એન.એસ.)સુરત,તા.૫

સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. રાજકીય પક્ષોની સાથે સાથે વહીવટી તંત્રએ પણ નિષ્પક્ષ ચૂંટણી યોજવા માટે તૈયારીઓ આરંભી દીધી છે. આગામી ૨૮મીના રોજ તાલુકા, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીને લઈને ચૂંટણી અધિકારી અને જીલ્ડ્સ વી.એન.રબારીની અધ્યક્ષતામાં મંગળવારના રોજ વિવિધ રાજકીય પક્ષોના આગેવાનોની ઉપસ્થિતિમાં એક બેઠક અને ટ્રેનિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ચૂંટણી અધિકારી વી.એન.રબારીએ જણાવ્યું હતું કે, ચૂંટણી દરમિયાન ફરજીયાત કોવિડ-૧૯ ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે.

## ઉપલેટા નગરપાલિકામાં પ્રમુખ ઉપપ્રમુખના રાજીનામા બાદ ફરી એક વાર ભાજપનો ભગવો લહેરાયો

ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૦૫

ઉપલેટા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી જેમાં ઉપલેટા નગરપાલિકાના પ્રમુખ તરીકે ભાજપ પક્ષના મયુર સુવા બિનહરીફ ચુંટાયા હતા જ્યારે ઉપપ્રમુખ તરીકે મંજુલાબેન માકડિયા ચુંટાયા હતા. ઉપલેટા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી ધોરાજી પ્રાંત અધિકારી ગૌતમ મિયાણીના અધ્યક્ષ સ્થાને ઉપલેટા નગરપાલિકાના સભા ખંડ ખાતે યોજાઈ હતી અને આ ચૂંટણી બાદ ઉપલેટા નગરપાલિકાના પ્રમુખ તરીકે ભાજપ પક્ષના યુવા નેતા મયુર સૂવાની બિનહરીફ પસંદગી થઈ છે અને ઉપપ્રમુખ તરીકે મંજુલાબેન માકડિયા ચુંટાયા છે સાથે કારોબારી ચેરમેન તરીકે જયંતીભાઈ ગજેરા



ચુંટાયા છે. આ ચૂંટણીમાં વિજેતા થયા બાદ સૌ આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખ તેમજ કારોબારી ચેરમેનને ફૂલહાર પહેરાવી અને મોઢું મીઠું કરાવી શુભેચ્છા આપી હતી બાદમાં શહેરના મુખ્ય માર્ગો અને ચોક પર ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય પ્રવિણભાઈ માંકડીયા જિલ્લા ભાજપના કિશોરભાઈ શાહ, ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા, દાનભાઈ ચંદ્રવાડીયા, રણુભા જાડેજા, માધવજીભાઈ પટેલ, રાજાભાઈ સુવા, નીતિનભાઈ અઘેરા, પરાગભાઈ શાહ જિલ્લા બેંકના ડિરેક્ટર હરીભાઈ ઠુંમર, સ્કૂલ બોર્ડના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, કનુભાઈ સુવા, વિક્રમસિંહ સોલંકી, હરસુખભાઈ સોજીત્રા, જીજ્ઞેશ ડેર, ગજેન્દ્ર કોઠડીયા, રાજનભાઈ સુવા, સહિતના આગેવાનો ટેકેદારો તેમજ પત્રકારો સહિત નેતાઓ પણ જોડાયા હતા.

## જૂનાગઢ જિલ્લાના ભાજપમા ભંગાણ : માણાવદર વિધાનસભાના મતવિસ્તારમા કોંગ્રેસી વાયરો

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૫

માણાવદર ભાજપ માંથી વિધાનસભા ની ચૂંટણી લડેલા અને જિલ્લા ભાજપ ના મહામંત્રી નીતિનભાઈ (ટીનુભાઈ) ફળદુ, શરદભાઈ ઉર્ફે ભીખુભાઈ શાપુર વાળા,



સરપંચો, આગેવાનો યુવાનો જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નટુભાઈ પોંકીયા, ધારાઅભ્ય હર્ષદ રીબડીયા, અમિત પટેલ કોંગ્રેસી હોદેદારોની આગેવાનીમાં નીતિન ફડદુ અને તેમના સાથી મિત્રો સર્વ જ્ઞાતિજનોના સમુદાયને વિશ્વાસ સાથે ૩૦૦ જેટલાં સમર્થકો સાથે કોંગ્રેસમાં જોડાયા. બીજી બાજુ માણાવદર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પટેલ સમાજ ખાતે તાલુકા તથા જિલ્લા પંચાયતની ચુંટણી અનુસંધાને બપોરનાં ત્રણ વાગ્યે મીટીંગ યોજાયેલ તથા માણાવદર તાલુકા કોંગ્રેસ પાર્ટીનુ ચુંટણી કાર્યાલય બેંક ઓફ બરોડા સામે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નટુભાઈ પોકીયાના વરદહસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું.અને બહોળી સંખ્યામાં તાલુકાભરના કાર્યકરો હાજર રહેલ જેમાં જિગ્નેશભાઈ છૈયાની ઓફીસથી ભરતભાઈ ડાંગર સાથે ૧૦૦ જેટલાં ભાજપ કાર્યકરો મોટરસાયકલ રેલી કાઢી મીટીંગ ખાતે હાજર રહી કોંગ્રેસ મા જોડાયા. મીટીંગમાં ઉપસ્થિત તમામ કાર્યકર ભાઈઓએ તથા આગેવાનો દ્વારા દ્રઢપણે આવનારી જિલ્લા તાલુકાની ચુંટણી કોંગ્રેસ પક્ષ જીતશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

તંત્રીસ્થાનેથી......

# ગોદી મિડિયા : મોદી સરકાર સામે મીડિયાનું વલણ કુણું કેમ?

ગત શુક્રવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદમાં પોતાના એક વર્ચ્યુઅલ ભાષણમાં કહ્યું હતું કે "ભારતે કોવિડ-૧૯ની વિરુદ્ધ લડાઈને એક જનઆંદોલન બનાવી દીધું છે." મોદીના આ નિવેદનને ભારતીય મીડિયામાં ખૂબ કવરેજ મળ્યું પરંતુ આશ્ચર્યની વાત એ છે કે કોઈએ પણ વડાપ્રધાનના દાવાને પડકાર્યો નહીં. એ અલગ વાત છે કે ભારતમાં સંક્રમણના કેસ તે દિવસે દસ લાખને પાર પહોંચી ગયા હતા અને દરરોજ સંક્રમણના નવા કેસના રેકર્ડ બની રહ્યા છે. ભારતીય મીડિયાએ આ દાવાને પડકાર્યો નહોતો. આનાથી વિપરીત સોશિયલ મીડિયા પર હજારો સામાન્ય લોકો આંખે આંસૂ લાવી દે, એવી આપવીતી લખી રહ્યા છે. દર્દીઓ હૉસ્પિટલોના ચક્કર લગાવી રહ્યા છે અને ક્યાંક-ક્યાંક હૉસ્પિટલ સુધીના રસ્તામાં જ મૃત્યુને ભેટી રહ્યા છે. ૨૪ માર્ચે જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લૉકડાઉનની જાહેરાત કરી હતી ત્યારે તેમણે અતિઆત્મવિશ્વાસ દેખાડતાં દાવો કર્યો હતો કે ૨૧ દિવસમાં કોરોનાને નિયંત્રણમાં લઈ લેવાશે. જોકે કેટલાય મહિનાઓ વીત્યા પછી પણ કોરોના વાઈરસની મહામારી દેશમાં તબાહી લાવી રહી છે. વડાપ્રધાન મોદીના કોરોનાને નિયંત્રિત કરવાના વાયદા પૂર્ણ ન થયા, આ અંગે મીડિયાએ તેમને તીખા પ્રશ્નો ન કર્યા. એ વાત જગજાહેર છે કે આરોગ્યસેવા પહેલાં કરતાં સારી પરિસ્થિતિમાં છે. હૉસ્પિટલોમાં પથારીઓની સંખ્યા વધી છે, આઈસીયુ યુનિટ પણ વધ્યાં છે. ટેસ્ટ કિટ પણ પહેલાંની સરખામણીમાં વધારે છે અને ફિલ્ડ હૉસ્પિટલ પણ વધી છે. આ દરમિયાન સામાન્ય લોકોની મુશ્કેલીઓમાં પણ એટલો જ વધારો થયો છે અને કોરોના વાઈરસ વિરુદ્ધની લડાઈ જનઆંદોલન બનવાના પુરાવા દેખાતા નથી. આ બસ ફ્રન્ટલાઈન ડૉક્ટરો, મેડિકલ સ્ટાફ અને પ્રશાસનની લડાઈ બનીને રહી ગઈ છે. આવી જ રીતે હાલ દેશની મિડિયા ખેડૂત આંદોલન સંદર્ભે વર્તી રહી છે. જેમાં ભારતીય મિડિયા અને સોસીયલ મિડિયામાં આવતા સમાચારોમાં જમીન આસમાનનો તફાવત જોવા મળે છે. મિડિયા હાલ ખેડૂતોને દેશ સામે મહોરા ચિતરવામાં વ્યસ્ત છે તો સોસીયલ મિડિયામાં ખેડૂતો પોતાની આપવીતી જણાવી રહ્યા છે જેને મોદી સરકાર ઈગ્નોર કરી રહીં છે. અને પોતાની ખેડૂતો વિરોધી છબી ઢાંકવાનો પ્રયાસ કરી રહી છે જેમાં ભારતીય મિડિયા સિંહફાળો આપી રહી છે. જાગૃતતા જ લોકશાહીની કિંમત છે પરંતુ મીડિયાએ પોતાની આલોચનાત્મક પ્રશંસાની ભૂમિકા પૂરી રીતે નિભાવી નથી. છેલ્લાં અમુક વર્ષોથી ટ્રેન્ડ સ્પષ્ટ છે, મીડિયા સરકારના ઈશારા પર ચાલી રહ્યું છે. ભારતમાં કોરોના મહામારીને લઈને જે રીત મીડિયાએ કવરેજ કર્યું છે, તેણે મીડિયાની પરંપરાગત ભૂમિકાની વિરુદ્ધ કામ કર્યું છે. મીડિયા હંમેશાં સત્તામાં બેઠા લોકોને જવાબદાર ઠેરવે છે. આદર્શ પરિસ્થિતિની તુલના વાસ્તવિકતા સાથે કરવામાં આવે છે. મીડિયાની આદર્શ ભૂમિકા અને વાસ્તવિકતાની સરખામણી પણ થવી જોઈએ. ભારતમાં આ અંતર આટલું વધારે ક્યારેય નહોતું. ભારતમાં મીડિયા નિયંત્રિત છે કારણ કે મિડિયાના માલિકો સરકારના મિત્રો છે, સાથે જ પત્રકારોને ડરાવવા-ધમકાવવામાં પણ આવે છે.



યાકુબ બાદી
તંત્રી

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્ભૂત ફ્યૂચર ફીક્શન નવલકથા.....




### પ્રકરણ ૫૮

મીરા પણ મારી જેમ આ અનુભૂતિમાંથી બહુ મોડી બહાર નીકળી શકી. રાહુલ અને હેપ્પી બંને આઈડિયા જનરેશનનું લેટેસ્ટ વર્ઝન જોઈ મોંમાં આંગળાં નાખી ગયા હતાં. અનેક યાદગાર મોમેન્ટ્સના ખજાના સાથે આ સ્પર્ધા પૂરી થઈ. કેટલાક સ્ટાઈલિશ રોબોએ લોકના દિલ જીતી લીધા હતા. બધી કોલેજોએ અનઓફિશ્યલી રોબોટ માટેના 'ફેશન શો' નું પણ આયોજન કર્યુ હતું. મેં પ્રથમ વખત લોકોને માણસ કરતાં પણ વધારે રોબોટને પ્રેમ કરતાં જોયાં. રોબોટની ભવિષ્યની દુનિયા સાથે હું પરિચયમાં આવ્યો. તે બધા આપણાં ભવિષ્યનાં દોસ્ત અને કંઈક અંશે દુશ્મન બનવાના હતાં. શું મારા ફ્યુચરમાં પણ તેમનો કોઈ રોલ રહેવાનો હતો ?

★ ★ ★ ★ ★

ગ્રાન્ડ FM મારું બીજું ઘર બની ચૂંક્યું હતું. સાગરે ટ્રેનીંગના નક્કી કરેલા શેડ્યુઅલ મુજબ રોજ સવારે કસરત કરવા માટે ત્યાં જતો. તેનું બીજું કારણ બગીચામાં વોકિંગ માટે આવતી બ્યુટીફૂલ ગર્લ્સ કે મોડેલ જેવા બોડીશેપ ધરાવતાં છોકરા હતા. તેમને જોઈને મને પણ ફીટ રહેવા માટે ચાનક ચડતી. સહુથી વધારે તો જેઠા બાપા, નવીનભાઈ, રતીલાલ, પરસોત્તમબાપા, વર્ષાબેન, લાભુ મા અને જોશના મેમ ની ટોળકી સાથે બંધાયેલો સંબંધ હતો. મારો કસરત કરીને જવાનો સમય થાય અને તેમનો ત્યાં આવવાનો. નંદિનીની મૉર્નિંગ પડતી હોય ત્યારે અમે ચાની ચુસ્કી લેતાં હોય. એ 'શિરામણની શીખ' આપીને અમને જોઈને કરતી. અવનવી વાતોથી મારી સવાર સુધરી જતી.

રોબોરોકસ' ની ઈવેન્ટ પછી તે રખડવા નીકળેલો સાગર આજે પાછો ફર્યો હતો. એને મને આજની કસરત પછી ગ્રાન્ડ FM માં રોકાઈ જવાનું ફરમાન કર્યું હતું. પોતે અહીં સીધો પધાર્યો હતો.

"એય, છોકરાવ હાલોને અહીંયા શું ઉભા છો ? પ્રોગ્રામ શરૂ થવાની તૈયારીમાં છે." નયનભાઈએ બૂમ મારી.

હું અને સાગર પાર્કની વચ્ચેની લોનમાં તરફ રહ્યા હતા. ત્યાં પાછળથી કોઈયે ધબ્બો માર્યો. એકલા એકલા ધૂળેટી રમવું છે એમ ને ? એ રાહુલ હતો. મને સાવ મગજમાં જ નહોતું. નંદિનીએ એને ઈન્વાઈટ કર્યો હશે. "સોરી યાર મને નહોતી ખબર નંદુએ તને ઈન્વાઈટ કર્યો હશે ?" મે માફીના સુરમાં કહ્યું.

"ઈટ્સ ઓકે બ્રધર"તે બોલ્યો.

"રાહુલ આ છે સાગર શેખ. જેની ઘરે હું રહું છું" મેં સાગર સાથે તેની ઓળખાણ કરાવી. બંનેએ હાથ મિલાવ્યા. આમતો રાહુલમારી ઘરે ઘણીવાર આવેલો. પણ તે સાગરને પહેલીવાર મળી રહ્યો હતો.

ધૂળેટીની રમવાની શરૂઆત થવાના બ્યુગલો વાગી રહ્યા હતા. બધાને લોનમાં રમવા આવી જવાનું ફરમાન થઈ રહ્યુ હતું. અમે લોનના ગ્રાઉન્ડમાં પહોંચ્યા. ચારેબાજુ અબીલ, ગુલાલ સહિત વિવિધ કલરોના ઢગલાં થી શણગારેલાં હતા. સાથે વિવિધ ફૂલોની મિક્સ કરેલી પાંદડી પણ વાંસની ટોપલીઓમાં ભરેલી પડી હતી. નંદિની સ્ટેજ પરથી વડીલોને રંગે રમવા માનસિક રીતે તૈયાર કરી રહી હતી. અમને જોઈને હાથ ઉચા કરી અમારું અભિવાદન કર્યુ. સાગરે તેને ફ્લાઈંગ કીસ આપી. તેને પણ રીપ્લાયમાં એટલા જ ઉત્સાહથી રિટર્ન કરી. રાહુલને આ જોઈને અચરજ થયું.

"મારા હમઉમ્ર નૌજવાનો."ત્યાં તો બધા વડીલોએ ટેસમાં આવી વાતને વધાવી લીધી. હવે પ્રો.પવન દેસાઈએ માઈક હાથમાં લીધું હતું.

"ગ્રાન્ડ ફાધર અને મધર પાર્ક ચાલુ થયા પછી આ આપણી પ્રથમ હોળી છે. ઉંમરનો એક તબક્કો વટાવી એ પછી સમાજ અમુક તહેવારો ઉજવવાની ના પાડી દે છે. સંસ્કાર, મર્યાદા કે ઉંમરના નામે વડીલોને કેટલા હેરાન કરવામાં આવે છે. કેટલા બંધનમાં રાખવામાં આવે છે. એ તો અમારું મન જાણે છે. અહિંયા ચાર-પાંચ જુવાનિયાઓ છે. જે આપણા દર્દનું દિલ સારી રીતે સમજી શકે છે. સામાન્ય રીતે આપણે ધૂળેટીનો તહેવાર સાર્વજનિક રીતે ઉજવવાની પ્રથા નથી. શહેરી વિસ્તારમાં પણ ગ્રૂપ, કલબ, કે મહોલ્લા પૂરતું સિમીત છે. પરંતુ આજે...આજે...આજે...આ વડીલોની ગેંગ કે ટોળી મન મૂકીને ધૂળેટી રમશે. રંગેચંગે કલરે રમી ઉજવણી કરશે.. અહીયા, બધા માટે જીવનનો આ પડાવ સેકન્ડ ઈનિંગ જેવો છે. આજે અંગત દુઃખ દર્દ ભૂલાવીને આપણે મન ભરીને નાચીશું અને રમીશું ! ડી.જે. તૈયાર છે. સાથે ઢોલ વાળાને પણ બોલાવવામાં આવ્યા છે. આપણે હવે જીવી જ જાણવું છે તો ચાલોઆજે જ મનભરીને નાચ-ગાન સાથે નવી શરૂઆત કરીએ ...!

બધાને પ્રોફેસર સાહેબે પાનો ચડાવી દીધો. તાનમાં લાવી દીધા. ઓયે હોયે... કરતાં બધા ટેસમાં આવી ગયા હતા. હાકલાં પડકારા કરતાં બધાં ઢળતી ઉંમરે જુવાની ઉજવવા નીકળ્યા હતા.

"આ પ્રોફેસર ભાષણમાં જ હોળી પૂરી થઈ જાય નઈ. તને ખબર છે ને હવે તાનમાં આવ્યા પછી સ્ટેમિના બહુ ના ટકે." ટોળકીમાંથી અવાજ આવ્યો. હાસ્યની છોડો ઉડી. ડી.જે. ના બીટ્સ ધબકી ઉઠ્યા. હવામાં અબીલ ગુલાલના રંગો ઉડવા માંડ્યા.

બધા હેપ્પી હોલી કરતાં એક બીજાને રંગો લગાડવા લાગ્યા. અમે ત્રણેય પણ એ વડીલ ટોળીમાં ભળી ગયા. એટલામાં સ્ટેજ પરથી નંદિની પણ આવી ગઈ. તે બધા એકબીજાને રંગ લગાડ્યા પછી જાણે અમને ટાર્ગેટ કરવાનું જ નક્કી કરી રાખ્યું હોય તમે અમારા પર તૂટી પડ્યા. મોટી ઉંમરની ડોશીઓ પણ તાનમાં આવી ગઈ હતી. કોઈના ચહેરા ઓળખાય એવા નહોતા રહ્યા. વર્ષો પછી હોળી રમતાં વડીલો જાણે છેલ્લી હોળી એમ ડી.જેના તાલે ઝૂમી રહ્યા હતા. સાથે ઢોલની રમઝટે માહોલમાં રંગ જમાવી દીધો હતો. એ વડીલોની ટોળીમાં કેટલાય વચ્ચે પ્રેમરંગની હોળી ખેલાવાની પણ શરૂ થઈ ગઈ હતી. અમારા ચારેયની ચાંડાળ ચોકથી પણ ખૂબ નાચી. સાગર તો જોરદાર ડાન્સર હતો જ. મારો અને નંદિનીનો સાથ મળતા રાહુલ પણ બધુ ભૂલીને ધમાચકડી બોલાવતો હતો. ત્યા જોશનામેમ પણ અમારામાં ભળી ગયા.

"રાહુલ તારા પાર્ટનર આવી ગયા" નંદિની એ ચાડી ફૂકી.

"એય. નંદુ ડોઢડાહી નો થતી જરાય, રાહુલ મારા દિકરા જેવો છે. હી ઈઝ માય ડાર્લિંગ બોય" તે રાહુલના મોં પર કલર લગાડતા બોલ્યા. અમે બધા હસી ગયા.

એટલામાં જેઠાબાપાએ નાચી રહેલા ટોળા પર પાણીની ડોલ ફેંકી. બીજા ચારેક જણાયે નળીઓની પિચકારીનો મારી શરૂ કરી દીધો હતો. વડીલ ટોળીને પોતાની જુવાની યાદ આવી હોય તેમ નખરા શરૂ થયા. એમાં પણ ડી.જે વાળાએ ટ્રેક ફેરવ્યો. 'એ મેરી જોહરા જબી...તું જે માલૂમ નહીં...'"બધાની હાલત જોવા જેવી હતી. સાગરે મારો હાથ પકડ્યો. મારી પાછળ આવી મારા ખભ્ભા પર માથું ટકેવીને બોલ્યો. "ખાલી શાંતિથી જો. નૃત્ય અને સંગીત શું ચીજ છે. માણસની જિંદગી તેની અસરમાં કેવી ખીલી ઉઠે છે."

મને અહીં ઉજવેલો રાહુલનો બર્થ ડે યાદ આવી ગયો. સાગરની જેમ નંદિનીના એજ શબ્દો... અમે બંને મનભરીને એમનો ડાન્સ માણતાં રહ્યા. એ કરચલીયોવાલા બોખા ચહેરા પરના સ્મિત, નાચવા સાથે જાતને સાચવવા સતત સર્તક રહેતી વૃદ્ધાઓ, હૈયે હરખ હોય પણ નાચવામાં શરમાતી હોય દૂરથી તાળીઓ પાડી ટેકો પૂરાવતી ડોશીઓ. તેમના તાળીઓ પાડતાં કચરલી વાળા હાથ થાકવાના મૂડમાં નહોતાં. વૃદ્ધોનું એક ટોળું કીર્તન લેતું હોય એવી ઠેસ મારી ટીટોડા રાસમાં ગરકાવ હતું. જોશનામેમ જેવી વૃદ્ધ યોવનાઓનું પાણીથી નીતરતું શરીર કેટલાય ને પાનો ચડવાતું હતું. માહોલ બધાને પોતાની ત્રેવડથી વધુ પરર્ફોર્મન્સ આપવા મજબૂર કરી રહ્યો હતો. જે નાચી નહોતા શકતાં તે વ્યવસ્થા સાચવવા માં વ્યસ્ત હતા. રાહુલ અને નંદિની પણ તેમની વચ્ચે તેમના જેવા થઈ નાચી રહ્યા હતા. કેટલાય રીતસરના હાંફી રહ્યા હતા. છતાં મેદાન છોડવાનું નામ નહોતાં લેતાં.

"ઈટ્સ લાઈફ જીવનની આ એવી ક્ષણો છે. જેમાં તમે જીવવા માટે નફા-ખોટની ગણતરી નથી માંડી શકતાં. બસ આમ જ ચસચસાવીને જીવી લેવાનું મન થાય. દુનિયાદારી, સમાજ, મર્યાદા, સંસ્કાર બધુ નેવે મૂકી દેવાનું મન થાય. જ્યાં બધા બંધનો ફગાવીને ઈશ્વર સાથે એકાકાર થવાનું મન થાય જિંદગીમાં એવી મોમેન્ટ્સ બહુ ઓછી મળશે. આવા સમયે જીવવામાં કંજૂસાઈ ના કરવી" સાગર બોલી રહ્યો હતો.

હું આજ શબ્દો નજર સામે અનુભવી રહ્યો હતો. અમે મોબાઈલમાં ફોટા પાડ્યા જિંદગી જ્યારે પોતાની ધૂનમાં બિંદાસ બનીને નાચતી હોય ત્યારે સહુથી વધુ ખૂબસુરત લાગતી હોય છે. ત્યારે રંગ, રુપ, કદ, સ્વભાવ કશું જ માન્ય નથી રહેતું. ફક્ત એક જ વાત યાદ રહેતી હોય છે. મન ભરીને જીવી લેવું.

કાર્યક્રમ પુરો થયો. અમારે નાસ્તો કરવા માટે ફરજીયાત ન્હાવું પડ્યું. સવારમાં ગરમાગરમ ગાંઠિયા જલેબી અને ચીપ્સની જયાફત ઉડાવી. મારા માટે આ ધૂળેટી યાદગાર બની ગઈ. સાગરે હજુ 'ફ્રીડમ બૉક્સ'માં રમવા જવા માટે ઓફર કરી. મેં ના પાડી એક દિવસમાં બહુ બધી ખુશી સહન કરી શકવાની મારી ક્ષમતા નથી.

મારી નજર વૃક્ષોને પાણી પાતા, સાવ ધીરે ધીરે ચાલતા એક વ્યક્તી પર પડી.હું ઘણીવાર તેમને જોતો. તે એકલાં એકલાં પોતાની ધૂનમાં બગીચામાં કશુંક કામ કર્યા જ રાખતાં. ક્યારેય સૂકાયેલા પાંદડા વીણતાં હોય, ક્યારેય ધ્રૂજતા હાથે ફૂલોને પાણી પાતાં હોય. ક્યારેક બગીચામાં લાંબા થઈને મોજથી પુસ્તકો વાંચતાં હોય. મેં તેમને ક્યારેય કોઈ સાથે વાત કરતાં નહોતાં જોયા.

"સાગર, પેલા ભાઈ કોણ છે ?" મેં તેના ધ્રૂજતા શરીર તરફ ઈશારો કર્યો.

"તેમના વિશે બહુ જાણકારી નથી પણ બધા તેને 'જીથરો ભાભો' કહીને બોલાવે છે. તે ભાગ્યે જ લોકો સાથે વાતચીત કરે છે. મેં એકવાર પ્રયત્ન કરી જોયો.પરંતુ સંવાદ શક્ય ના બન્યો. મારે જાણવું પડશે તે હસ્તી કોણ છે" સાગરે જલેબી ખાતાં કહ્યું.

મને કાનજી ભૂટા બારોટવાળો 'જીથરો ભાભો' યાદ આવી ગયો. શું આ દાદા પણ તેના જેવા ભયાનક હશે ? બધા તેને આ નામે કેમ બોલાવતાં હશે ? મનમાં અનેક સવાલો ઉભા થયા. પણ કડકડતી લાગેલી ભૂખને લીધે તે એક ચમકારાથી આગળ ના વધી શક્યાં.

મને નહોતી ખબર પણ....મારી લાઈફમાં આવનારા આવા નાના કેરેક્ટર પણ આગળ જતાં મહત્વનો ભાગ ભજવવાના હતાં. **(ક્રમશઃ)**

## આજનું પંચાંગ

**વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૬-૦૨-૨૦૨૧, શનિવાર, પોષ વદ-૯, સૂર્યોદય-૭-૨૫, સૂર્યાસ્ત-૬-૩૭, જૈન નવકારશી-૮-૧૫, આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ અનુરાધા**

**- શુભ ચોઘડીયા -**

૧૨-૩૯થી અભિજીત ૧૩-૨૪,સુધી ૮-૪૯થી શુભ-૧૦-૧૩ સુધી,૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત૧૭-૧૩ સુધી, ૧૮-૩૮ થી લાભ-૨૦-૧૩ સુધી, ૨૧-૪૯ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૨૧ થી ૯-૧૭ સુધી, ૧૧-૦૯થી ૧૩-૫૭ સુધી, ૧૪-૫૩થી ૧૫-૪૯ સુધી ૧૭-૪૧થી ૨૦-૪૫ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ (અ.લ.ઈ.) :- માનસિક ચિંતા હળવી બને. વાહન-મકાનની ખરીદી થાય. સુખ ઉત્તમ મળે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે.

» વૃષભ (બ.વ.ઉ.) :- શારીરિક સુખ, ઉત્તમ, સંતાનસુખ સારું મળે. બુદ્ધિ-વિવેકથી કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

» મિથુન (ક.છ.ઘ.) :- રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હલવી બને. આકસ્મિક ધનલાભ. વાહન સુખ ઉત્તમ.

» કર્ક (ડ.હ.) :- ધંધાનું આયોજન સફળ બને. શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ મળે. નાણાંકીય દૂર થાય.

» સિંહ (મ.ટ.) :- કુટુંબ સુખમાં વધારો થાય. શુભ સમાચાર મળે. નોકીર-ધંધામાં પ્રગતિ થઆય. આવકમાં વધારો થાય.

» કન્યા (પ.ઠ.ણ.) :- કુટુંબ તરફથી શુભ સમાચાર મળે. શેરબજારથી લાભ. વિવાહ - લગ્ન સંબંધી ઉત્તમ સમય.

» તુલા (ર.ત.) :- જમીન-વાહન-મકાનનો યોગ. નાણાંકીય સ્થિતિ ઉત્તમ બને. આરોગ્ય સુખાકારી ઉત્તમ રહે.

» વૃશ્ચિક (ન.ય.) :- ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ, કુટુંબ સુખ ઉત્તમ મળે. નોકરીમાં લાભ થાય. ધંધાકીય નવું રોકાણ શક્ય બને.

» ધન (ભ.ધ.ફ.ઢ.) :- નોકરીમાં લાભ, શેર બજારથી લાભ થાય, વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.

» મકર (ખ.જ.) :- વાહન-મકાન સુખ ઉત્તમ, ભાગ્યોદય ઉત્તમ, નોકરી-ધંધામાં પ્રગતિ થાય. કુટુંબિક વાતાવરણ સુમેળ ભર્યુ બને.

» કુંભ (ગ.શ.સ.) :- ધંધાનું આયોજન, સફળ બને. કુટુંબ સુખ ઉત્તમ વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. જમીન ખરીદી થઈ શકે.

» મીન (દ.ચ.ઝ.) :- કુટુંબનો સહકાર મળે. વિવાહ લગ્ન સંબંધિ શુભ સમય, શુભ સમાચાર મળે. સામાજિક જવાબદારીમાં વધારો થાય.

# ગાંધીજીને મહાત્મા બનવવામાં રાજકોટની સ્કૂલલાઈફનો અગત્યનો ફાળો

*फिर बाल बना, फेर चेहरा सव्वा*
*फिर हार सिंघार से दाग छुपा*
*महफिल के संग, हम कदम चल*
*अब्ब रँग बादल और रुतों में ढल,*
*फिर ढल व्हा व्हमना में।*

*कभी शेव्ह्नी कमा अघोष बसा,*
*कहीं चादर ओढ़, कहे व्हाँम उठा*
*फेर गेसु रंग, ढलती उमर छुपा*
*फरि ग़म भुला, और मुस्कुरा*
*फरि ढल व्हा व्हमाने में।*

*निगाह-ई -बज़्म है तेरे लिबास पे*
*के कोई दाग साबित हो कहीं*
*तोहमत लगाए किसी शव्ह्न. पर*
*सब संग उठाये है संसार को*

*इन्हें कोइ दलीले हक न दो*
*केह व्हाईसा देश वैसा भैस चलाए*
*इस कारे नड में सताए अब तलाए*
*हें सब मुनिफिक चार सु*

*व्हाब हाथ पड़े तेरे आँचल पे*
*कोई चीख न मार, कोई सुन ना ले,*
*तू बांध को धाप, तू व्हाख्म छुपा*
*खामोश ही रे, है तेरी खता*

*फिर चस्मा पेहन, भीगे नैन छुपा*
*फिर आंसू पोंच और मुस्कुरा*
*फरि बाल बन, फरि चेहरा सव्वा*
*फिर हार सिंघार से दाग छुपा*
*फरि ढल व्हा व्हमाने में।*

યૂટ્યૂબ પર 'sarkash' બેન્ડનું આ ગીત સાંભળવા જેવું છે. કેટલીય બેન દીકરીઓને તેમાંથી અવશ્ય ઈંસ્પીરેશન મળશે. યૂટ્યૂબ પર 'જહ્નુજ્ઞિજર' બેન્ડનું આ ગીત સાંભળવા જેવું છે. કેટલીય બેન દીકરીઓને તેમાંથી અવશ્ય ઈંસ્પીરેશન મળશે.

દરેક ઘરમાં છોકરીને શીખવવામાં આવે છે...ચૂપ રહો, બહાર ન જાઓ, દુપટ્ટો નાંખો, જોર જોરથી હશો નહીં, કપડાં ઢંગના પહેરો,....અને ઘણું બધું. બલ્કે તેને શીખવવું જોઈતું હતું.. .બોલો, બરાડા પાડી પાડીને બોલો, બહાર જાઓ, જુઓ, ખુલો, પંખીની જેમ ફરો, મન ભરીને હસો, હસાવો, દુપટ્ટો!! તેનો ઉપયોગ કરવો તમારી મરજી. આગળ વધો, દુનિયા જેટલી પુરૂષની છે એટલી જ તમારી છે, કોઈની પણ બુરી નજર સાંખી ન લ્યો, આંખો ખેંચી લો તેની, તમને ગમે તે કામ કરો, સુંદર દેખાવા માટે જરા પણ મહેનત ન કરો કેમકે તમે ક્યારેય બધાને ખુશ નથી કરી શકવાની, તમારો રસ્તો ખુદ પસંદ કરો, તમારૂં જીવન તમારી શરતોને આધીન જીવો કેમકે તમે એટલી જ આઝાદ છો જેટલાં આ પંખીઓ.

●●●●●●●●●




શાળાઓ બન્ધ છે તેને તો ખાસ્સો સમય થયો છે, પણ આ જૂની તસ્વીર સ્મૃતિપટ પર તાજી છે. સ્કૂલમાં ખૂણામાં લગાવેલ 'જર્ષ્ટ હ્રૃટ'ને સાફ કરતી વખતે કુતૂહલવશ તેણે પૂછ્યું.

"બેન! આ પેટીમાં કાંવ સે?"

મને સવાલ કરે એ ખૂબ ગમે એમાં પણ આવો ઈન્ટેલિજન્ટ કવેશ્ચન!

" એમાં તમારું સર્વસ્વ છે. " તેવું કહેવાનું મન થઈ આવ્યું પણ તેની બે ભોળી આંખો જોઈને આવું ન સમજાય તેવું બોલવાનું ટાળ્યું.

" ક્યારેય પણ, કોઈપણ તમને ન ગમે તેવું વર્તન કરે, તમને ન ગમે તેવી જગ્યાએ સ્પર્શ કરે, કે કોઈ ખરાબ ઈરાદાથી તમારી નજીક આવવાનો પ્રયત્ન કરે તો આ પેટી તમારી વાત સાંભળીને તમારૂં રક્ષણ કરશે."

તેની આંખોમાં ચમક આવી.

"બેન, આમાં ચીઠ્ઠી લખીને નાખવાની?"

"હા, અને તેમાં બધું જ લખી નાખવાનું, નામ.. કોણે.. ક્યારે.. શું.. કેમ..."

કંઈક હાશકારો થયો હોય તેવા એક્સપ્રેશન હું જોઈ શકી. મ્હોતું ખંખેરીને તેણે ફરીથી બૉક્સ સાફ કર્યું. મેં તેને ક્લાસની બીજી છોકરીઓને પણ કાનમાં આ વાત ખોંસતા જોઈ. કાયમ તાળું વાસીને ખૂણામાં પડી રહેતી પેટી પર તેને વિશ્વાસ બેઠો હશે કે નહીં તે તો ખબર નથી.. પણ તેઓને ચોક્કસ ગમ્યું હતું. કદાચ તેને જાદુઈ પેટી જેવું લાગ્યું હશે. પેટી ભલે સાવ નાની છે પણ તેમાં પડતી ચીઠ્ઠી એ બહુ મોટી વાત છે.

શા માટે છુપાવવાનું છે? શા માટે કહી નથી શકતી ? કેમ ટાળી દ્યો છો? શું છુપાવીને સહી લેવું વાજબી છે? કદાચ પ્રેમથી ખોળામાં બેસાડે તો કોઈ જ તકલીફ નથી પર બળ ઈરાદાથી ખાલી હાથ પકડે છે તો પણ સાંખી શકાય નહીં. કોઈને હક નથી તમને ન ગમતું હોય તેવું વર્તન કરવાનો. ન ગમે તેવી માંગણી કરવાનો ઈવન બોયફ્રેન્ડ કે પતિને પણ ચોખ્ખા શબ્દોમાં 'ના' કહી શકાય છે. દીકરીના ચારિત્ર્યનું ધ્યાન રાખવું એટલું જ જરૂરી છે જેટલું દીકરાને ઈજ્જત કરતા શીખવવું. ફિયરલેસ બનીને જીવો. બધા તમારા પર આંગળી ઉપાડશે અને એ માટે ચૂપ બેસી રહેવાનો નિર્ણય તદ્દન ખોટો છે... તેનાંથી બાકીનું જીવન પોતાની જાતને કોસતા રહેશો. રોજ પોતાને હલકી ગણવી એના કરતાં એક દિવસ સામે થઈ જવું બેટર છે.

તમારી ખુદની જાદુઈ પેટી તમે જ છો. ક્યારેય હલકું વર્તન ન સહી લેવું એ જ ડહાપણ છે.

(તમારા અભિપ્રાયો pateljigna1190@gmail.com પર મોકલી શકો છો.)



જિજ્ઞા પટેલ
"चरैवेति चरैवेति"

## એક્શન ઈઝ મસ્ટ ઈન સક્સેસ

કોઈ કામ હાથ પર લેવાનું વિચાર્યું હોય, તેના માટે સરસ મજાનું પ્લાનિંગ કર્યું હોય,બહુ સરસ તૈયારી કરી હોય અને તેમ છતાંય આયોજન મુજબ આગળ ન વધાતું હોય તો ખામી બીજે ક્યાંય નહિ પણ વધુ પડતાં વિચારોમાં રહેતી હોય છે.

આપણે વિચારીએ છે ઘણું,પણ તેના પર અમલ કરવામાં હંમેશા પાછા પડીએ છીએ. સંજોગો થોડા અનુકૂળ સર્જાય, પરિસ્થિતિ વધારે સારી બને, થોડા વધુ ઊંડા ઉતરીએ આવું ઘણું બધું વિચારવામાં જ મોટાભાગનો સમય વિતી જાય છે અને કંઇ થતું નથી પછી છેવટે પરિસ્થિતિને નસીબના નામે વશ થવાનો વખત આવે તેમાં કોઈ નવાઈ નહિ.

કોઈપણ કામ કરવા માટે અગાઉથી કોઈ સંજોગો સાનુકૂળ હોતા નથી આવા સમયે વધુ પડતા વિચારો કે

શંકા-કુશંકાઓમાં અટવાયા વગર કામ હાથ પર લેવું જ સમજદારીભર્યું પગલું કહેવાય. હા, સમજી વિચારીને કરેલા પ્લાનને ફાઈનલ ગણવું કે નહિ તેવી અસમંજસ હોય ત્યારે પ્લાનના પ્લસ માઈનસ પોઈન્ટ પર એક વખત નજર કરવી અને પછી યોગ્ય નિષ્કર્ષના તારણ પરથી જે તે દિશામાં આગળ વધવું કે નહિ સ્પષ્ટરૂપે નક્કી થઈ શકે છે.

જો કામ હાથ પર લઈશું તો સફળ થવાની સંભાવનાઓ રહેશે પણ જો હાથ પર જ નહિ લઈએ તો માત્ર વિચાર્યા કરવાથી તો સો ટકા સફળ નહિ જ થવાય. થોડું આયોજન ચોક્કસ કરવું પણ વધુ પડતાં આયોજનમાં તો સમય અને શક્તિની બરબાદી જ છે. વધુ પડતું વિચારવાનું છોડીને કોઈ એક નિષ્કર્ષ પર આવવાથી એક બહુ મોટો બોજ હળવો થાય છે જે આગળ વધવા માટે બીજું કશુંક વિચારવાનો અવસર આપે છે.



શાહ ધ્વનિ
ધ્વનિના સથવારે

અનિશ્ચિતતાઓની બહુ પરવા કર્યા વગર કાર્ય આરંભી દેવું કેમ કે કહેવાય છે ને કે વધુ પડતું વિચારવાથી વિચારોમાં એટલા ઊંડા ઉતરી જવાય છે કે ઈરાદોના મૂળિયાં જ નબળા પડી જાય છે ! સરોવર પાસે બેસી રહીને તરણકળા શીખવાનું પુસ્તક વાંચનાર વ્યક્તિ તરવાનું શીખી શકે કે યા હોમ કરીને પાણીમાં ઝંપલાવી દેનાર ? પાણીમાં જતા પહેલા તરવાનું જ્ઞાન હોવું જરૂરી છે નહિતર તો ડૂબી જવાય પણ હંમેશા વાચતા જ રહીએ તો તરતા ક્યારેય ન આવડે એવું પણ બને એટલે જ બહુ વિચાર્યા વગર કામની શરૂઆત તો કરવી જ પડે.

તળેટીમાં ઉભા ઉભા રળિયામણા ડુંગરો જોવાથી ટોચ ઉપર ક્યારેય પહોંચી નહિ શકાય.વળી પહેલી નજરમાં તો એ કામ ઘણું અઘરું પણ લાગે પણ જો હિંમત કરીને ડુંગર ચઢવાનું શરૂ કરી દઈએ તો દરેક પગલે બીજું આગળનું સ્ટેપ મળતું જાય. આ જ તો છે સફળતાનું રહસ્ય ! અનિશ્ચિતતાઓને વિઘ્ન ગણીને તેની ઉપર ધ્યાન આપવાના બદલે જે આગેકૂચ કરી છે તેની માટે સફળ થવાની શક્યતાઓ વધી જાય છે.

કામ હાથ પર લઈશું તો ધૂંધળો માર્ગ ધીરે-ધીરે સ્પષ્ટ થશે, માત્ર વિચારો કરવાથી રસ્તો નહિ મળે, જેમ જેમ પગલાં માંડતા જઈશું તેમ તેમ આગળના રસ્તાનું ચિત્ર વધુ ને વધુ સ્પષ્ટ બનવાનું જ. એક કદમ ખરી દિશામાં ઉઠશે તો બીજા કદમ માટે અવકાશ બનશે અને રસ્તો સુઝશે પરંતુ જો વિચારોના જ વમળમાં ફસાઈ રહેશું તો પછી શંકા ભૂત ને મંછા ડાકણ !

અંતિમ બિંદુ : જીતનું પહેલું મહત્વપૂર્ણ સોપાન એટલે કે રસ્તે ચાલવાની શરૂઆત કરવી.

## લોકડાઉન સમયગાળા દરમિયાન વીજ બિલ માફી માટે રાજ્યમાં વિવિધ સ્થળોએ આંદોલન માટે ભાજપ આક્રમક



ભાજપે કોરોના સમયગાળા દરમિયાન નાગરિકો દ્વારા કરવામાં આવતા વીજ બિલ માફ કરવાની માંગને લઈને રાજ્યવ્યાપી આંદોલન શરૂ કર્યું છે. ભાજપ દ્વારા રાજ્યના જિલ્લા સ્થળો અને મહત્વપૂર્ણ શહેરોમાં આંદોલન શરૂ કરાયું છે. ભાજપના પદાધિકારીઓએ એમએસઈડીસીએલ સામે ઘોષણા કરી અનેક સ્થળોએ એમએસઈડીસીએલ કચેરીને ટાળા માર્યા હતા.

# મહિલાઓને ફેસબુક પર મોડેલ હોવાનું જણાવી છેતરપીંડી : આરોપીની નવી મુંબઈથી ધરપકડ

### મુંબઇ, નવી મુંબઈ, કલ્યાણ, ભિવંડી, વસઈ, પુણે, અમરાવતી, સાતારા અને રત્નાગીરીમાં અનેક મહિલાઓ શિકાર

ચક્રવાત ટીમ, મુંબઈ ૫

નવી મુંબઈથી બીજા નામથી બનાવટી ફેસબુક એકાઉન્ટ બનાવવા અને મહિલાઓને 'મોડેલ' તરીકે જણાવી જાળમા ફસાવી તેઓ સાથે છેતરપીંડી કરનાર સતીષ મોરે ઉર્ફે શુભમ પાટીલ ઉર્ફે સોનુ પાટિલની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે મુંબઇ, નવી મુંબઈ, કલ્યાણ, ભિવંડી, વસઈ, પુણે, અમરાવતી, સાતારા અને રત્નાગીરીમાં અનેક મહિલાઓ સાથે છેતરપીંડી કરી શિકાર બનાવ્યા હોવાનો આક્ષેપ પોલીસે કર્યો હતો. કલ્યાણની એક ગૃહિણી સાથે રૂ .૩ લાખ ૧૯ હજારની ઠગાઈ કરવામાં આવી છે અને ગયા વર્ષે ૨૯ ડિસેમ્બરે બજારપેઠ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. છેતરપિંડી કરનારાએ શુભમ પાટિલ નામથી બનાવટી ફેસબુક એકાઉન્ટનો ઉપયોગ કર્યો હતો. આ મહિલાને ખોટા કારણો બતાવી તેની પાસેથી આરોપીએ પૈસા લીધા હતા.આ કેસમાં સમાંતર તપાસ કરી રહેલા પ્રોપર્ટી ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન સેલના પોલીસ કોન્સ્ટેબલ અંકુશ શિંદે દ્વારા શુભમ પાટિલ નામના તેના ફેસબુક એકાઉન્ટ પર મોબાઈલ નંબર દ્વારા પૂછપરછ કરી હતી, જેમાં જાણવા મળ્યું હતું કે તે નંબર નવી મુંબઈના સતીષ મોરેનો છે. તેમના કહેવા મુજબ, પોલીસની એક ટીમ તાત્કાલિક નવી મુંબઈના ઘનસોલી સ્ટેશન વિસ્તારમાં તે ફરતો હતો ત્યારે તેની ધરપકડ કરી હતી. સતીષની પૂછપરછ દરમિયાન તેણે કલ્યાણમાં ગૃહિણી સાથે છેતરપીંડીની કબૂલાત કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. તે શુભમ પાટિલ અને સોનુ પાટિલના નામથી ફેક ફેસબુક એકાઉન્ટ બનાવતો હતો અને મહિલાઓ સાથે દોસ્તી કરતો હતો. ત્યારબાદ તે મહિલાઓના મોબાઈલ નંબર મેળવીને વાતચીત કરતો હતો. મોડેલ હોવાનો ઢોંગ કરીને મહિલાઓને જુદા જુદા ખોટા કારણો આપીને પૈસા હડપ કરતો હતો. તેણે રાજ્યની ઘણી મહિલાઓની સાથે આર્થિક રીતે છેતરપિંડી કરી હોવાની સંભાવના પણ પોલીસે વ્યક્ત કરી છે. ક્રાઈમ બ્રાંચના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ લક્ષ્મીકાંત પાટીલ, મદદનીશ પોલીસ કમિશનર એન.કે. ટી. કદમના માર્ગદર્શન હેઠળ પ્રોપર્ટી ક્રાઈમ સેલમાં વરિષ્ઠ પોલીસ ઈન્સ્પેક્ટર ચેતન કાકડેની આગેવાની હેઠળની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી. ઘનસોલીના દત્તાનગરમાં રહેતો સતીષ હાલ બાઝારપેઠ પોલીસની કસ્ટડીમાં છે અને ૬ ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં રખાયો છે. માર્કેટ પોલીસે જણાવ્યું છે કે આરોપીઓ કેટલી મહિલાઓ સાથે છેતરપિંડી કરે છે તેની તપાસ કરી રહ્યા છે.

## ઇંધણના ભાવ વધારા સામે રાજ્યવ્યાપી રસ્તા પર શિવસેના



એક તરફ ભાજપ મહાવીકાસઆઘાડી સરકાર વિરુદ્ધ વીજળીના બીલ મુદ્દે આક્રમક છે, તો બીજી તરફ શિવસેનાએ ઈંધણના ભાવ વધારા સામે રાજ્યભરમાં કેન્દ્ર સરકાર વિરુદ્ધ આંદોલન કર્યું છે. શિવસેના રાજ્યભરમાં મોદી સરકાર વિરુદ્ધ રસ્તાઓ પર ઉતરતા જોવા મળ્યા હતા. શિવસેનાએ વિવિધ સ્થળોએ દેખાવો કર્યા હતા. મોદી સરકારની વિરુધ્ધમા ટુ વ્હીલર અંતિમયાત્રા અને બળદ ગાડીના મોરચા દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

# મુંબઈ ઈજનેર પર બળાત્કારનો આરોપ : મહિલા પોલીસ અધિકારીએ પુણેમાં આત્મહત્યા કરી

ચક્રવાત ટીમ, મુંબઈ ૫

મુંબઈમાં સાર્વજનિક બાંધકામના એન્જીનીયર દ્વારા મહિલા પર પોલિસ પર બળાત્કાર કર્યાનો આક્ષેપ કરવામા આવેલ છે. બળાત્કારનો ભોગ બનેલ ૪૭ વર્ષીય મહિલા પોલીસ અધિકારીએ પિમ્પરી ચિંચવાડમાં આત્મહત્યા કરી છે.પંદર દિવસ પહેલા સંબંધિત મહિલાએ વરલી પોલીસમાં બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીના પતિએ પણ ચાર વર્ષ પહેલા આત્મહત્યા કરી હતી. આરોપી, જે જાહેર બાંધકામ વિભાગમાં એન્જિનિયર છે, લગ્નના બહાના હેઠળ તેની જુદી જુદી જગ્યાએ બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ તેણે લગ્નનો ઈનકાર કરી દીધો, હતો. ફરિયાદીએ છેલ્લા પખવાડિયામાં વરલી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મહિલા ડિપ્રેશનથી પીડિત છે, એમ પોલીસે જણાવ્યું હતું. પ્રથમ સંબંધિત પુણે રૂરલ પોલીસ હેડક્વાર્ટરમાં કામ કરતી હતી. તેનો પતિ પણ પોલીસ કોન્સ્ટેબલ હતો. તેણે ચાર વર્ષ પહેલા આત્મહત્યા કરી હોવાનું જાણવા મળે છે. ફરિયાદી મહિલાએ પુણે સ્થિત એક સંસ્થામાં વિધવા પુનર્લગ્ન માટે નોંધણી કરાવી હતી. ત્યાં તેને ૫૩ વર્ષીય આરોપીનો સંપર્ક નંબર મળ્યો. આરોપી જાહેર બાંધકામ વિભાગમાં ઈજનેર તરીકે કામ કરતા હોવાનું જાણવા મળે છે. આરોપીએ મહિલા સાથે છૂટાછેડા લીધા હોવાનું જણાવી લગ્ન કરવાનું વચન આપ્યું હતું. આરોપી દ્વારા સપ્ટેમ્બર ૨૦૧૯ થી ૨૨ ડિસેમ્બર,૨૦૨૦ની વચ્ચે તેની પર અનેક વખત બળાત્કાર ગુજાર્યો હતો, તેણીએ ૧૪ જાન્યુઆરીએ વરલી પોલીસને કરેલી ફરિયાદમાં આરોપ મૂક્યો હતો. તેણે દાવો કર્યો હતો કે તેને વરલી સ્થિત તેના નિવાસસ્થાન અને પનવેલમાં બે સ્થળે તેના પર અત્યાચાર ગુજારવામા આવ્યો હતો. મહિલાને પાછળથી ખબર પડી કે આરોપીના છૂટાછેડાની પ્રક્રિયા પૂરી થઈ નથી. ૨૬ જાન્યુઆરીએ પવના નદીમાં એક મહિલાએ આત્મહત્યા કરી હતી. તેણે લખેલી સ્યુસાઇડ નોટ પોલીસને મળી નથી. તેના પરિવારના જણાવ્યા મુજબ તે હતાશ હતી, એમ સાગવીના એક સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું. તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે, ફરિયાદી મહિલાને આત્મહત્યા માટે ઉશ્કેર્યા હોવાના હજુ સુધી કોઈ પુરાવા મળ્યા નથી.

# આવતીકાલે શિવસેનાના પ્રીતિ, પિન્કી અને ભૂમિ ત્રિવેદી રાસગરબા રમાડશે

### જલેબી ફાફડા ની સફળતા પછી રાસરમૈયાઓની દે ધમ્માલ

ચક્રવાત ટીમ મુંબઈ ૫

મુબઈ મહાનગરપાલિકા ચૂંટણી નજર સામે રાખીને શિવસેનાએ મુબઈના ગુજરાતી સમાજ ને પોતાની તરફેણમાં ખેંચી લેવામાટે વિવિધ પ્રકારના ગતકડાં શરૂ કરી દીધા છે. ૧૦ જાન્યુઆરી એ 'જલેબી ને ફાફડા, ઉદ્ધવ ઠાકરે આપડા' આ સ્લોગન ચમકાવીને મેળાવડા ની સફળતા મેળવ્યા બાદ હવે રાસગરબા નો જંગી જલસો રવિવાર, ૭ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ મલાડ આ મુબઈ ના પશ્ચિમ ઉપનગરમા આયોજીત કર્યો છે. શિવસેનાના રાષ્ટ્રીય સંયોજક શ્રી. હેમરાજ શાહ ના જણાવવા મુજબ નવરાત્રી દરમિયાન રાસગરબા ની ધમ્માલ કરતી પ્રીતિ, પિન્કી અને ભૂમિ ત્રિવેદી ની મધુર સ્વર તેમજ ઈન્ટરનેશનલ ટ્રેઈનર જીગર અને સુહુદ સોની ભાઈઓ ના માર્ગદર્શન હેઠળ શિવસેનાના મેળાવડા માં રાસગરબા ની ધૂમ મચાવી લોકોને આકર્ષિત કરશે. ૭ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ સાન્જે ૪ વાગે લૅણ્ડમાર્ક હૉલ, સિલ્વર ઓક રેસ્ટોરન્ટ ના ઉપર, B2B અગ્રવાલ બિઝનેસ સેંટર, કાચપાડા, મલાડ (પશ્ચિમ) આ ઠેકાણે શિવસેનાના મેળાવડા અને રાસગરબા ના કાર્યક્રમ થી ચૂંટણીનૂ વાતાવરણ ગરમ થશે, એવી ચર્ચા કરવામાં આવી રહી છે.

# જાતીય શોષણના હેતુ વિના બાળકોના ગાલને સ્પર્શ કરવો એ 'પોક્સો' હેઠળ ગુનો નથી

ચક્રવાત ટીમ, મુંબઈ ૫

જાતીય શોષણના ઈરાદા વિના બાળકોના ગાલને સ્પર્શ કરવો એ 'પોક્સો' હેઠળ ગુનો નથી, તેમ જણાવી મુંબઈ સેશન્સ કોર્ટે પોકસોમાંથી એક આરોપીને નિર્દોષ જાહેર કર્યો. જો કે, આ જ કેસમાં આરોપીને યુવતીની માતાની છેડતી કરવા બદલ એક વર્ષની કેદ અને ૧૦,૦૦૦ રૂપિયા દંડની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે ૨૮ વર્ષીય આરોપીને કેસ સુધારવાની તક આપવામાં આવી કારણ કે તે તેનો પહેલો ગુનો હતો. આ ઘટના મુંબઈમાં ૨૦૧૭માં બની હતી. ફરિયાદીએ આરોપ લગાવ્યો હતો કે બપોરે મકાનમાં ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરવા આવેલી વ્યક્તિએ વ્યભિચાર કર્યો હતો. એક ટાવરના બિલ્ડીંગમા રહેતી ૩૩ વર્ષીય મહિલાના ઘરનું રેફ્રિજરેટર બગડી ગયું. તેથી તેણે વોચમેનને બિલ્ડિંગ ઈલેક્ટ્રિશિયનને ઘરે મોકલવાનું કહ્યું. જેને લઈને આરોપી ઈલેક્ટ્રિશિયન ઘરે આવ્યો. તે મને ફ્રીજનો પાર્ટ બદલવાનું કહયા બાદ થોડી વાર પછી પાછો આવ્યો. તે સમયે, મહિલા તેની બે યુવાન પુત્રી સાથે ઘરમાં એકલી હતી. અચાનક વ્યક્તિએ એક નાની છોકરીના ગાલને સ્પર્શ કર્યો. મહિલા તેને ત્યાંથી હટાવી દમ આપ્યો હતો.. ત્યારબાદ તેણીએ બંધ પડેલ વોશિંગ મશીન પણ તપાસવાનું કહ્યું હતુ. આરોપીએ મહિલાને ગળે લગાવી દીધી હતી.. મહિલા ઝડપથી પીછેહઠ કરી, ઈલેક્ટ્રિશિયનને ચુકવણી કરી અને તેને ઘરની બહાર કાઢી મુક્યો હતો. જતા વખતે આરોપીએ ફરીથી તે નાની છોકરીના ગાલને સ્પર્શ કર્યો. મહિલાએ તરત જ તેના પરિવાર અને બિલ્ડિંગ મેનેજરને આ બાબતની જાણ કરી હતી. બાદમાં આરોપી વિરુધ્ધ રીતસર પોલીસમા ફરિયાદ કરતા તેની અટક કરવામા આવી હત્તી. મુંબઈ પોલીસે તેની વિરુદ્ધ મહિલાની છેડતી કરવા અને પોસ્કો હેઠળ ગુનો નોંધ્યો હતો. ઘટના સમયે બાળકી ચાર વર્ષની હતી. સુનાવણી દરમિયાન તેની જુબાની પણ નોંધાઈ હતી. જો કે, સાત વર્ષની બાળકીએ કોર્ટને કહ્યું કે તેને કંઈ યાદ નથી. તેથી, મહિલાના નિવેદનના આધારે, મુંબઈ સેશન્સ કોર્ટની વિશેષ પોકસો કોર્ટે આરોપીને હત્યાનો દોષી ઠેરવ્યો હતો. આરોપીની ઉંમર અને તેના પ્રથમ ગુનાને કારણે તેને ઓછામાં ઓછી એક વર્ષની સજા અને ૧૦,૦૦૦ રૂપિયા દંડ આપવામાં આવ્યો છે. છોકરીના ગાલને સ્પર્શ કરતી વખતે તેની જાતિય જાતિય દુર્વ્યવહાર કરવાનો ઈરાદો સાબિત ન કરવા બદલ તેને પોક્સોમાંથી પણ નિર્દોષ જાહેર કરવામાં આવ્યો.હતો.

# ધારાસભ્યના ફાર્મહાઉસમાંથી ચાર અજગર પકડાયા : ડરથી ભાગમભાગ

ચક્રવાત ટીમ, મુંબઈ ૫ ફેબ્રુઆરી

કલ્યાણ નજીકના મમનોલ નજીક ચૌરે ગામમાં ધારાસભ્ય ગણપત ગાયકવાડના ફાર્મહાઉસમાં એક સાથે ચાર અજગર મળી આવ્યા હતા. સરપમિત્રને જાણ કરાતા તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને ચારેય અજગરને પકડ્યા હતા અને વન વિભાગની સૂચના મુજબ જંગલમાં છોડ્યા હતા. ધારાસભ્ય ગાયકવાડનું ફાર્મહાઉસ ચૌરે ગામ ખાતે આવેલું છે અને બપોરના સુમારે આ વિસ્તારમાં કામ કરતા કામદારોને ચાર અજગરો જોવા મળ્યા હતા. જેથી આ કામદારો ગભરાઈ ગયા. જો કે, ચંદ્રકાંત જોશી અને તેના સાથીદારોએ ચારેય અજગરને ખાલી ડ્રમ્સમાં ભરીને સરપમિત્રને બોલાવ્યા હતા. માહિતી મળતાં સરપમિત્ર દત્તા બોમ્બે, જ્ઞાનેશ્વર સુતાર, સિદ્ધિ ગુપ્તા અને હિતેશ કરંજાવકર ઘટના સ્થળે પહોંચી ચારેય અજગરને તાબામા લીધા હતા.. જાધવના માર્ગદર્શન હેઠળ તેમણે



નજીકના વન વિભાગના જંગલમા નૈસર્ગિક વાતાવરણમા છોદી તેઓને જીવતદાન આપ્યુ હતુ. અજગર શિયાળા. સમય દરમિયાન, માદા સાપ ફેરોમોન નામની ગંધ હવામા છોડે છે.આ ગંધનો નશો આસપાસના નરને આકર્ષિત કરે છે અને માદા સાપની આસપાસ ભેગા થાય છે. સાપ મિત્ર દત્તા બોમ્બેએ જણાવ્યું હતું કે આ કારણે ચારેય અજગરો તેને લીધે ભેગા થયા હશે. દરમિયાન, એક સાથે એક સાથે ચાર અજગરો મળ્યા પછી તેઓને હિમતથી પકડવા બાબતે જોશીની હિંમતની પ્રશંસા થઈ રહી છે.

# ભિવંડીમાથી ૪૦ લાખના ગુટકા સાથે કંટેનર જપ્ત : ડ્રાયવરની અટકાયત કરાઈ

ચક્રવાત ટીમ, મુંબઈ ૫

ગુજરાતથી ભિવંડીમા કંટેનરમા વેચવા માટે લઈ આવેલ આશરે ૪૦ લાખની કિમતનો ગુટકા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ગુરુવારે જપ્ત કરી ડ્રાયવરને તાબામા લીધો છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના ભિવંડી વિસ્તારના આસિસ્ટંન્ટ કમિશ્નર ભુષણ મોરેને માહિતી મળી હતી કે ગુજરાતથી વાડાના રસ્તે ભિવંડીમા એક કંટેનરમા ગુટકા વેચવા માલ આવવાનો છે.તેઓના ફૂડ એન્ડ ડ્રગ્સના અધિકારી માણિક જાદવ ,શંકર રાઠોડ ,મનિષ સાનપ ,અરવિંદ ખડકેની ટીમ દ્વારા .ભિવંડી-વાડા રોડ પર પેટ્રોલિંગ કરી રહ્યા હતા.ત્યારે ભિવંડી તાલુકા પોલિસની હદમા શેલાર ખાતે તેઓએ એક કંટેનર જોતા તેને અટકાવ્યુ



હતુ. તેમજ તે કંટેનરની તપાસણી કરતા તેમાથી ૧૦૦ ગુણીમા આશરે ૪૦ લાખની કિમતના વિમલ ગુટકા તેમજ તંબાકુજન્ય પદાર્થ મળી અવ્યા હતા,કંટેનરચાલક અર્જુન ભિમરાવ ઘોયેકરને તાબામા લઈ ભિંવડી તાલુકા પોલિસમા ગુનો નોંધાવવામા આવ્યો છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના ભિવંડી વિસ્તારના આસિસ્ટન્ટ કમિશ્નર ભુષણ મોરેના નેતૃત્વ હેઠળ તેઓના એરિયામાથી ઓક્ટોમ્બર ૨૦૧૯ થી આહજ દિ સુધી આશરે ૧૧ કરોડ ૮૦ લાખની કિમતનો ગુટકાનો માલ જપ્ત કરી માફિયાઓને રેકેટ પકડ્યુ છે.

# કાંદિવલીમા એક દિવસમાં બે આત્મહત્યા : ૧૨મા ધો.માં બે વખત નાપાસ થતા વિદ્યાર્થીએ કરી આત્મહત્યા

ચક્રવાત ટીમ, મુંબઈ ૫

કાંદિવલીમા એક જ દિવસે બે આત્મહત્યા ઘટના બની હોવાનું જાણવા મળે છે.બારમા ધોરણની પરિક્ષામા બે વખત નાપાસ થતા વિધ્યાર્થીએ તેમજ બેરોજગારીથી ત્રાસી યુવકે આત્મહત્યા કરી છે. કાંદિવલી પૂર્વમા આકુર્લી વિસ્તારમા માતા-પિતા સાથે રહેતો કિસન શર્મા (૧૯) બારમા ધોરણમા ભણતો હતો.તેણે બે વખત પરિક્ષા અપ્યા બાદ પણ નાપાસ થયો હતો.બુધવારે બપોરે દોઢ વાગ્યાની આસપાસ તેની માતા કોઈ કામે બહાર ગઈ હતી,ત્યારે રહેતા ઘરે તેણે ગળે ફાંસો ખાઈ અત્મહત્યા કરી હતી.તેની માતા ઘરે પરત આવતા સઘળી હકિકત બહાર આવી હતી.,સ્થાનિકોએ પોલિસને જાણ કરી હતી. બીજી ઘટનામા કાંદિવલીની નરસીવાડીમા રહેતા અભિજીત વાડેકર (૪૦ એ ઘરમા ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.તે કેટલાય સમયથી બેરોજગાર હતો.તેની પત્ની એક હોસ્પીટલમા નોકરી કરતી હતી.બેરોજગારીએ નિરાશ થતા બુધવારે બપોરે અભિજીતે પોતાને નહાવાનુ હોવાનુ કહી પુત્રીને ઘરમાથી બહાર મોકલી હતી. ત્યાર બાદ તેણે ગળે ફાંસો ખાઈ અત્મહત્યા કરી હતી.આ પ્રકરણમા કોઈ સુસાઈડ નોટસ મળી નથી.બંન્ને કેસમા સમતાનગર પોલિસે અકસ્માતી મૃત્યુની નોંધ કરી હોવાનું જાણવા મળે છે.

# બજેટ સંપૂર્ણ રીતે સરકારના ઉદ્યોગપતિ મિત્રો પર કેન્દ્રીત છેઃ રાહુલ ગાંધી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૫

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રક્ષા બજેટને લઈને સરકાર પર હુમલો કરતા કહ્યું કે આમાં માત્ર ઉદ્યોગપતિ મિત્રોને લાભ પહોંચાડવાનું કામ થયું છે અને દેશની રક્ષામાં જોડાયેલા સૈનિકોની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે બજેટ સંપૂર્ણ રીતે સરકારના ઉદ્યોગપતિ મિત્રો પર કેન્દ્રીત છે અને આમાં સીમા પર દુશ્મન સામે લડી રહેલા સૈનિકોના હિતમાં કંઈ જ નથી. રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યુ કે, ' મોદીના 'મિત્ર' કેન્દ્રીત બજેટનો મતલબ છે વિષમ પરિસ્થિતિઓમાં ચીન સામે ઝઝૂંબી રહેલા જવાનોને મદદ નહીં.

# વિદ્યા બાલનની 'નટખટ' ઓસ્કારમાં




ચક્રવાત ટીમ, મુંબઈ ૫

અભિનેત્રી વિદ્યા બાલનની શોર્ટ ફિલ્મ 'નટખટ'ને હવે ઓસ્કર માટે. ફિશિયલ એન્ટ્રી મળી છે. નટખાટને ભારત દ્વારા પ્રતિષ્ઠિત ઓસ્કર માટે નામાંકિત કરાય છે. શ્રેષ્ઠ શોર્ટ ફિલ્મ (લાઈવ વિભાગ) માટે ઓસ્કર માટેની દોડમાં છે. તે રોની સ્ક્રુવાલા અને વિદ્યા બાલન દ્વારા નિર્માણિત ટૂંકી ફિલ્મ છે. આ શોર્ટ ફિલ્મનું દિગ્દર્શન શાન વ્યાસે કર્યું છે. નટખાટ એ ૩૩ મિનિટની ટૂંકી ફિલ્મ છે. કોરોના રોગચાળા દરમિયાન, નટખટએ વિશ્વભરના ઘણા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવોમાં ભાગ લીધો હતો. ટ્રિબેકામાં ગ્લોબલ ફિલ્મ ફેસ્ટિવલ (૨ જૂન, ૨૦૨૦) માં તેનું વર્લ્ડ પ્રીમિયર હતું. તે પછી તેને ભારતીય ફિલ્મ ફેસ્ટિવલ સ્ટટગાર્ટ (૧૫ જુલાઈ, ૨૦૨૦) માં દર્શાવવામાં આવ્યું હતું. શોર્ટ ફિલ્મને જર્મન સ્ટાર ઓફ ઈન્ડિયા એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવી છે.

# કર્જ ચાર લાખનું અને વસૂલાત ૯૭ લાખ નાગપુરમાં સસ્પેન્ડેડ પોલિસની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ ૫

'પઠાણી વ્યાજ' શબ્દનો ઉપયોગ ગેરકાયદેસર પૈસા વસુલકરનારા લોકો માટે કરવામાં આવે છે, જે લોકો પાસેથી ઉંચુ વ્યાજ વસૂલ કરે છે. નાગપૂરમા ૪ લાખ રૂપિયાની લોન પર ૯૭ લાખ રૂપિયા વસૂલવાનો પ્રયાસ કરવામા આવ્યો છે., જોકે, પીડિત દેવાદારએ પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા પછી, ભૂતપૂર્વ પોલીસકર્મીની તેના ભાઈ સાથે અટક કરવામા આવી છે. નાગપુરના ભગવાન નગર વિસ્તારમાં રહેતા મનીષ રાઉતે ૨૦૧૬માં જયંત શેલોત અને તેના ભાઈ વિજય શેલોત પાસેથી ૪ લાખ રૂપિયાની લોન લીધી હતી. કેટલીક આર્થિક મુશ્કેલીઓને કારણે તેણે આ લોન લીધી હતી. પોલીસના જણાવ્યા મુજબ, મનીષ રાઉતે શેલોટને લોનની ચુકવણી રૂપે સાડા સાત લાખ રૂપિયા ચુકવ્યા હતા. જો કે, એક સમયે પોલીસ દળના સભ્ય એવા જયંત શેલોતે મનીષ રાઉતને ફસાવવાની યોજના બનાવી હતી અને હજી સુધી તમારું દેવું પત્યુ નથી. વ્યાજ સહિત મુદ્દલ કિંમત ૯૭ લાખ રૂપિયા છે. તેથી જયંતે માગણી કરી કે પૈસા પાછા ન આપી શકતો હોય તો તેનુ ઘર તેના નામે કરી આપવા દબાણ કરતો હતો. ડરી ગયેલા મનીષ રાઉત કેટલાક મહિનાઓથી અન્ય જગ્યાએ સંતાઈ ગયો હતો.. આખરે મનીષ રાઉતે પોલીસ સ્ટેશનનો દરવાજો ખખડાવ્યો. અજની પોલીસ સ્ટેશનની ટીમે ગેરકાયદેસર ધિરાણ અને ખંડણી માંગવાના આરોપમાં બંન્ને ભાઈઓની અટક કરી છે. દરમિયાન, બંને આરોપીઓ કેટલા લોકોને ગેરકાયદેસર ધિરાણ આપીને તેમનું આર્થિક શોષણ કર્યું છે. કોની સંપત્તિ હડપ કરી છે? તેની તપાસ કરવામાં આવી રહી છે.

# કોટનના વાયદાના ભાવમાં રૂ. ૨૧૦નો ઉછાળો

ચક્રવાત ટીમ, મુંબઈ,૦૫

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૦૧૩૧૦ સોદામાં રૂ.૧૨૮૨૭.૪૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદી, તમામ બિનલોહ ધાતુઓ, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસના વાયદાના ભાવમાં સાર્વત્રિક સુધારાનો સંચાર થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૨૧૦ના ઉછાળા સાથે કોટનમાં કુલ ઓપન ઈન્ટરેસ્ટ ૧,૮૧,૭૫૦ ગાંસડીના સ્તરે પહોંચ્યો હતો. કપાસ, સીપીઓ, રબરના વાયદા વધવા સામે મેન્થા તેલમાં નરમાઈ હતી. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૨૯૫૭ સોદાઓમાં રૂ.૫૨૫૧.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૦૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૭૦૭૫ અને નીચામાં રૂ.૪૭૦૭૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૦ વધીને રૂ.૪૭૦૭૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૧૨ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૭૮૩૧ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૫ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૭૦૦ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૯ વધીને બંધમાં રૂ.૪૬૯૪૪ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૭૨૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૮૩૩૩ અને નીચામાં રૂ.૬૭૨૦૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૯૯ વધીને રૂ.૬૮૦૧૭ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૧૧૮૩ વધીને રૂ.૬૭૯૮૪ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૧૧૮૨ વધીને રૂ.૬૭૯૮૩ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૭૬૪૬૩ સોદાઓમાં રૂ.૪૨૮૫.૮૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૧૩૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૧૬૭ અને નીચામાં રૂ.૪૧૨૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૪ વધીને રૂ.૪૧૪૪ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૨૦૦ સોદાઓમાં કુલ રૂ.૨૬૭.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૩૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૪૯૦ અને નીચામાં રૂ.૨૧૩૬૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૧૦ વધીને રૂ.૨૧૪૫૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૮૪.૮ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૮.૫ વધીને બંધમાં રૂ.૯૮૪.૫ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૮ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૮ અને નીચામાં રૂ.૯૫૧.૨ રહી, અંતે રૂ.૯૫૩.૬ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૧૩ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૨૦ અને નીચામાં રૂ.૧૨૧૩ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩ વધીને રૂ.૧૨૧૮.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૨૯૫૬ સોદાઓમાં કુલ રૂ.૨૫૨૨.૫૫ કરોડ ની કીમતનાં ૫૩૬૪.૮૦૧ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૦૦01 સોદાઓમાં કુલ રૂ.૨૭૨૮.૪૬ કરોડ ની કીમતનાં ૪૦૨.૩૬૩ ટન, ક્રૂડ તેલમાં ૨૨૦૭૦ સોદાઓમાં રૂ.૧૩૩૨.૭૧ કરોડનાં ૩૨૧૫૭૦૦ બેરલ્સ, કોટનમાં ૬૧૫ સોદાઓમાં રૂ.૫૪.૫૬ કરોડનાં ૨૫૩૭૫ ગાંસડી, સીપીઓમાં ૧૪૭૯ સોદાઓમાં રૂ.૨૦૭.૬૧ કરોડનાં ૨૧૨૦૦ ટન, મેન્થા તેલમાં ૨૪ સોદાઓમાં રૂ.૩.૭૨ કરોડનાં ૩૮.૮૮ ટન, કપાસમાં ૩૯ સોદાઓમાં રૂ.૧.૦૨ કરોડનાં ૧૬૮ ટનના વેપાર થયા હતા.

## લોઅર પરેલમા ૪૦ ગ્રામ એમડી સાથે બે જણની અટક સાડા છ લાખનો માલ જપ્ત

ચક્રવાત ટીમ, મુંબઈ

મુંબઈ પોલિસની એન.એમ.જોશી માર્ગ પોલિસે ડ્રગ્સ વેચનારા બે જણની અટક કરી તેઓ પાસેથી ૪૦ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ૬,૬૦,૦૦૦/-ની મત્તા જપ્ત કરવામા આવી છે. લોઅર પરેલ વિસ્તારના મોહન ગંગારામ આહિર માર્ગ પર રાતના સમયે નશા માટે ડ્રગ્સ વેચવામા આવતી હોવાની માહિતી એન,એમ. જોશી માર્ગ પોલિસને મળી હતી.પોલિસે ૪ ફેબ્રુઅરીના મધરાત ૩.૪૦ વાગે તે ઠેકાણે છાપો મારી મોહમ્મદ શાહિદ મોહમ્મદ સઈદ કુરેશી (૩૬) અને અસપાક અહમદ શાહિદ અહમદ કુરેશી (૩૫) પાસેથી ૨,૪૦,૦૦૦/- કિમતનું ૪૦.૪ ગ્રામ એમડી ડેઅગ્સ મળી આવ્યુ હતુ.પોલિસે બંન્નેની અટક કરી રોકડ, બાઈક સહિત ૬,૬૦,૦૦૦/- ની મત્તા જપ્ત કરી છે.બંન્ન આરોપીઓને કોર્ટમા રજૂ કરતા ૯ ફેબ્રુઆરી સુધીની પોલિસ કસ્ટડી સોપી છે.

## મલાડના નામચિન મોલમા 'લેકમે'નો નકલી માલ વેચનારા પાંચ જણની અટક : ૨૪ લાખનો માલ જપ્ત

ચક્રવાત ટીમ, મુંબઈ ૫

મુંબઈ ક્રાઈમ બ્રાંન્ચ દ્વારા મલાડમા નામચિન કંપની હિંન્દુસ્થાન યુનિલિવર લિમિટેડની 'લેકમે' બ્રાન્ડની નકલી વસ્તુઓ વેચનારા પાંચ જણની અટક કરી ૨૪ લાખનો માલ જપ્ત કરવામા આવેલ છે. ક્રાઈમ બ્રાંન્ચ યુનિટ ૮ ના એપીઆઇ પ્રથમેશ વિચારેને માહિતી મળી હતી કે મલાડ પશ્ચિમમા કિસ્ટલ પ્લાઝા શોપિંગ મોલમા દેશની નામચિન કંપની હિંન્દુસ્થાન યુનિલિવર લિમિટેડની 'લેકમે' બ્રાન્ડની નકલી વસ્તુઓ વેચીને ગ્રાહકો સાથે છેતરપીંડી કરવામા આવે છે, તે બાબતની તપાસ કરી ૩ ફેબ્રુઆરીના રોજ પોલિસ દ્વારા કિસ્ટલ શોપિંગ મોલના પાંચ ગાળામા છાપો મારવામા આવ્યો હતો.તે સ્થળેથી 'લેકમે' બ્રાંન્ડના નકલી માલના પ્રોડકટો મળી આવ્યા હતા. જેમા લેકમેના પ્રોડકટ આઈ કોનિક કાજલ, એનરિચ માટે લિપસ્ટીક, ર્ફેકટીંગ લિકવિડ ફાંઉન્ડેશન, પાવડર કેક, અલ્ટ્રા માટે કોમ્પેક્ટ, નેલ કલર, જેવી અનેક નકલી આઈટમો મળી આવી હતી. પોલિસે ૨૪ લાખની કિમતનો નકલી માલ જપ્ત કરી પાંચ જણની અટક કરી છે.આરોપીઓને લોર્ટમા રજૂ કરતા ૧૦ ફેબ્રુઆરી સુધીની પોલિસ કસ્ટડી સોપી છે.

## મોરબી જિલ્લામાં ચૂંટણીલક્ષી જાહેરનામું પ્રસિદ્ધ

ચક્રવાત ટીમ મોરબી, તા.૦૫

મોરબી જિલ્લાની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી-૨૦૨૧ આદર્શ આચારસંહિતાના અમલીકરણ હેતુ મોરબી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કેતનભાઈ પી. જોષીએ જાહેરનામું પ્રસિદ્ધ કરી લોકોની માલ-મિલ્કતને તેમની ઈચ્છા વિરુદ્ધ થતું નુકસાન, હાની, બગાડ અટકાવવા કેટલીક સુચનાઓ આપી છે. આ જાહેરનામા અનુસાર કોઈ સરકારી જગ્યા કે તેના પરની કોઈ પણ મિલ્કત-મકાન પર પોસ્ટર્સ, પેપર્સ ચોંટાડી શકાશે નહીં. કટઆઉટ હોંર્ડિંગ્ઝ, બેનર્સ પ્રદર્શિત કરી શકાશે નહીં. પરંતુ જો કોઈ અન્ય જાહેર સ્થળે સ્થાનિક કાયદો સુત્ર લખવા, પોસ્ટર્સ લગાડવા કે કટઆઉટ, હોંર્ડિંગ્ઝ બેનર્સ વગેરે ચૂકવણીના ધોરણે કે અન્ય રીતે પ્રદર્શિત કરવાની પરવાનગી આપતો હોય તો તે કાયદાનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. કોઈ પણ રાજકીય પક્ષો તથા ઉમેદવારોએ ખાનગી મકાન, મિલ્કત, જમીન, દિવાલ કે કંપાઉન્ડનો તે મિલ્કત ધારણ કરનાર અધિકૃત વ્યક્તિ કે માલિકની પરવાનગી સિવાય ચૂંટણીલક્ષી પ્રચાર માટે ધ્વજ, પતાકા લગાડવા, બેનરો લટકાવવા, નોટિસો ચોંટાડવી, સુત્રો-નિશાનીઓ લખવા વગેરે પ્રકારનું ચૂંટણીલક્ષી પ્રચાર માટેનું કૃત્ય કરી મિલ્કતને નુકસાન કરવુ નહીં કે કરવા દેવુ નહીં. જાહેર કે ખાનગી મકાનોની દિવાલો પર સુત્રો લખવા, પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. એક રાજકીય પક્ષના કાર્યકર કે ટેકેદારો અન્ય રાજકીય પક્ષો દ્વારા આયોજિત કરવામાં આવેલ સભામાં તેમના પોતાના પક્ષનું સાહિત્ય વિતરણ કરી ખલેલ કરી કરશે નહીં તેમજ એક પક્ષ દ્વારા લગાવવામાં આવેલ પોસ્ટર બીજા પક્ષના કાર્યકરો કે ટેકેદારો દૂર કરી શકશે નહીં.

## ગેડિયા ગેંગના આરોપીઓએ ચોરેલો ૧૯ લાખનો મુદ્દા માલ એલ.સી.બી સુરેન્દ્રનગર દ્વારા જપ્ત



ચક્રવાત ટીમ પાટડી, તા.૦૫

અમદાવાદ, સુરેન્દ્રનગર, લીંબડી વિવિધ પંથકોમાં ચોરી કરી ધ્રાંગધ્રા તાલુકાના સોખડા ગામે સમાન રાખી સસ્તા ભાવે વેચવાની બાતમી મળતા લોકલ ક્રાઈમ બ્રાન્ચ-સુરેન્દ્રનગરને ખબર મળતા રેડ પાડી હતી જેમાં એસી. વોશિંગ મશીન, ટીવી સહિતનો કુલ ઈલેક્ટ્રોનિક નો ૧૯ લાખની મુદામાલ જપ્ત કર્યો હતો આ ગેંગ આગાઉ માલવણ ટોલટેક્સ પર ચાલુ કન્ટેનરમાંથી તાંડપત્રી, તથા લાખોના મુદામાલની ચોરીમાં આગાઉ પણ સંડોવાયેલા છે. તેમાં આગાઉ ૧૩ શખ્સોની ધરપકડ કરવામાં આવેલ હતી પરંતુ અમુક નાસતા ફરતા આરોપીઓએ લગભગ ૦૭ ગુન્હાનોને અંજામ આપ્યો હતો. એલ.સી.બી પી.આઈ દિપક ઢોલ દ્વારા પકડી પાડવામાં આવેલ છે, જેઓ એ આજુબાજુના પંથક ખેરવા, ગેડિયા, સેડલા, પીપળી, વગેરે ગામોમાંથી જુદી જુદી ચોરીઓ કરી હોવાનું કબુલ્યું છે.

## પાટડીમાથી રામ મંદિર બનાવવા ઉદાર હાથે દાનની સરવાણી



ચક્રવાત ટીમ પાટડી, તા.૦૫

સમગ્ર ભારતમાંથી શ્રી રામ ભગવાનના ભવ્ય મંદિર માટે હાલ યથા શક્તિ દાન લેવામાં આવે છે ત્યારે પ્રવિણભાઈ હીરાભાઈ ભાલૈયા જેઓ ગામ બુબવાણા તા. દસાડાના છે તેમને અયોધ્યામા બનનાર ભવ્ય પ્રભુ શ્રી રામ મંદિરમા તેમના દ્વારા રૂપિયા એક લાખનું દાન આપી હી ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડેલ છે.

## મહીસાગર જીલ્લામાં ભાજપના આઈ.ટી. સેલના કાર્યકરોના નામોની ઘોષણા

ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૦૫

ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ દશરથભાઈ બારીઆ અને મહામંત્રી રાવજીભાઈ પટેલ પ્રદીપસિંહ રાઠોડ જયેન્દ્રભાઈ બારોટના માર્ગદર્શન પ્રમાણે મહીસાગર જીલ્લામાં શોશીયલ મીડીયા આઈ ટી મીડીયા વિભાગના નામ જાહેર થતાં કાર્યકરો માં ખુશીનો માહોલ શોશીયલ મીડીયામાં કન્વીનર અરવિંદભાઈ પટેલ સહ કન્વીનર જીગ્નેશભાઈ પગી સદ્દામ અબ્બાસી આઈ ટી માં કન્વીનર સાવનભાઈ પ્રજાપતિ સહ કન્વીનર રાકેશભાઈ વાળંદ સંજયભાઈ પ્રજાપતિની નિમણુંક કરવામાં આવી. જ્યારે મીડીયા વિભાગમાં અશ્વીનભાઈ પંડ્યા સહ કન્વીનર પ્રહલાદભાઈ જી ગઢવી હરીશચન્દ્ર ઝાલા દિનેશભાઈ રાવલ.લુણાવાડા.ખાનપુરમા અલ્પેશભાઈ સુથાર સંતરામપુર તાલુકામાં દિલીપભાઈ બારીઆ. ઉપેનદર ગૌર વીરપુર મા રાકેશભાઈ દરજી પ્રકાશભાઈ ઠાકોર બાલાસિનોર મા સમીરભાઈ સુથાર પ્રણવભાઈ મકવાણા કડાણા મા શૈલેન્દ્રસિંહ પુવાર હરપાલસિંહ ચૌહાણની નિમણૂક કરવામા આવી છે.

## મોરબીના લાલપર નજીક હીટ અજાણ્યા વાહનની હડફેટે એકનું મોત!

ચક્રવાત ટીમ મોરબી, તા.૦૫

મોરબી નજીકના હાઈવે ઉપરના લાલપર નજીક રાત્રીના સમયે અકસ્માતમાં યુવાનનું મોત નીપજતા તેના મૃતદેહ પી.એમ.માટે હોસ્પીટલમાં ખસેડાયો હતો. પ્રાપ્ત થયેલી માહિતી મુજબ મોરબી વાક્નેર હાઈવે પર લાલપર નજીક મોડીરાત્રે પ્રકાશ ખીમજી નામના યુવાને રહે. જાબુડીયા વાળાને કોઈ અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતા તેને ગંભીર ઈજા થતા અને ૧૦૮ ની ટીમ જાણ થતા તે ઘટનાસ્થળ પર દોડી જઈ અને ઈજાગ્રસતને સારવાર માટે હોસ્પિટલ ખસેડવા તજવીજ હાથ ધરી હતી. પણ તને સારવાર મળે તે પહેલા તેનું મોત નીપજતા આ અંગે મોરબી તાલુકા પોલીસ નોધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કોડીનાર તાલુકાના બોડવા ગામે થયેલ અનડીટેક્ટ મર્ડરનો ગુન્હો શોધી કાઢતી ક્રાઈમ બ્રાન્ચ તથા કોડીનાર પોલીસ

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૫

ગીર સોમનાથ જિલ્લામાં ગઈ તા.૦૩/૦૨/૨૦૨૧ રોજ વહેલી સવારના નંદુબેન વા / ઓ બાબુભાઈ રાઠોડ ધંધો. મજુરોના મુકાદમનું કામકાજ રહે.બોડવા વાળાઓને કોઈ અજાણ્યા ઈસમોએ છાતીના ભાગે , ગળામાં તથા સાથળમાં તિક્ષ્ણ હથિયારના ઘા મારી ગંભીર ઈજાઓ કરી નિર્મમ હત્યા કરી લોહી લુહાણ હાલતમાં બોડવા ગામે ખેતરમાં મુકી જઈ ફરાર થઈ ગયેલ . કોડીનાર પો.સ્ટે . ગુ.ર.નં, ૧૧૧૮૬૦૦૨૨૧૦૧૭૮ આઈ.પી.સી. કલમ ૩૦૨ જી.પી. એક્ટ કલમ ૧૩૫ વિ . મુજબ ગુન્હો નોંધવામાં આવેલ. નાયબ પોલીસ



અધિક્ષક શ્રી જી.બી.બાંભણીયા દ્વારા આ ગંભીર ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓને તાત્કાલિક પકડી પાડવા સખત સુચના આપવામાં આવેલ હોય જેથી કોડીનાર પો.સ્ટે.ના ઈન્ચાર્જ પો.ઈન્સ. એસ.એન.ચુડાસમા તથા કોડીનાર ડી.સ્ટાફ અને ઓ.પી. સ્ટાફ એલ.સી.બી. ગીર સોમનાથના પો.સબ.ઈન્સ. કે.જે.ચૌહાણ તથા એ.એસ.આઈ અજીતસિંહ પરમાર તથા પો.હેડ.કોન્સ. પ્રફુલભાઈ વાઢેળ તથા નરેન્દ્રભાઈ પટાટ તથા પો.કોન્સ. ઉદયસિંહ સોલંકી તથા એસ.ઓ.જી. ગીર સોમનાથના પો.સબ.ઈન્સ. વી.આર.સોનારા તથા એ.એસ. આઈ. નરવણસિંહ ગોહિલ દ્વારા અલગ અલગ ટીમો બનાવી શકમંદ ઈસમ દિપક પ્રેમજીભાઈ સોસા ઉવ. રહે. બોડવા તા.કોડીનાર વાળાને પકડી પાડવામાં આવેલ. બાદમાં જીણવટભરી પુછપરછ દરમ્યાન આરોપી ભાંગી પડેલ અને પોતાના અને મરણજનારની વચ્ચે પ્રેમ સંબંધ હોય , મરણજનાર વારંવાર રૂપિયાની માંગણી કરતા હોય અને રૂપિયા ન આપે નો મરણ જનાર પોતાના અંગત સંબંધની જાણ આરોપીના માતા - પિતા તથા ગામમાં જણાવી દેશે તેવી વારંવાર ધમકી આપતા હોય અને ઘણા લાંબા સમયથી રૂપિયા આપી - આપી માનસિક રીતે ત્રાસી ગયેલ હોય, આરોપીએ કંટાળીને ખુન કર્યાની કબુલાત કરેલ.

## જૂનાગઢ નશાબંધી ખાતામાં જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા અનિલભાઈ સોલંકીનું અવસાન



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૫

જુનાગઢ રેલ્વેમાં હેડ ટીસી તરીકે ફરજ નિવૃત્ત જીતેન્દ્ર પીઠાભાઈ સોલંકીનાં સૌથી નાના પુત્ર અને જુનાગઢ નશાબંધી અને આબકારી ખાતામાં જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા અનિલભાઈ સોલંકીને અચાનક હાઈબીપી થઈ જતા તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ત્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. અનિલભાઈનું અકાળે અવસાન થતાં પરિવાર, મિત્રો, સ્ટાફ અને કુટુંબીજનો શોકમગ્ન થયાં હતાં.

## VSSM સંસ્થા દ્વારા ૧૯ વૃદ્ધ નિરાધારને રાશનકીટનુ વિતરણ કરાયુ



ચક્રવાત ટીમ, તા.૦૫

બગસરા તાલુકામા રહેતા વિચરતી અને વિમુક્ત જાતિના અશકત, વૃદ્ધ અને નિરાધાર કે જે કામ કરી શકે તેમ નથી એવા ૧૯ માવતરોને એક માસ ચાલે તેટલા કરીયાણાની ફેબ્રુઆરી-૨૦૨૧ મહિનાની કીટનું વિતરણ સંસ્થાના સ્થાપક મિતલબેન પટેલના માર્ગદર્શન હેઠળ વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થાના અમરેલી જીલ્લા કો-ઓર્ડીનેટર રમેશભાઈ મકવાણા દ્વારા કરવામા આવ્યુ હતુ. દર મહિને આવા વૃદ્ધોને રાશનકીટ આપવામા આવશે.

## ત્રણ વર્ષથી પ્રોહિબીશનના ગુનાના નાસતો ફરતો આરોપીને ઝડપાયો

ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૦૫

નાસતા ફરતા આરોપીઓને જડપી પાડવા માટે ઉમલ્લા પોલીસ સ્ટેશન ના મહિલા પી,એસ,આઈ, વી.આર.ઠુમ્મર નાઓ તેઓ ના સ્ટાફના સાથે ઉમલ્લા પોલિસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ખાનગી બાતમીદારથી



બાતમી હકકીત મળેલ કે .ઉમલ્લા પો. સ્ટે ગુ.ર.નં - ૭૬ / ૨૦૧૮ પ્રોહી એક્ટ કલમ- ૬૫.૪, ૯૮ (૨) મુજબના ગુનાના કામના છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપી રમેશભાઈ ફોગટભાઈ વસાવા રહે, બાબજી ફળીયુ ઉમલ્લા તા.ઝઘડીયા જી.ભરૂચ નાઓ ઉમલ્લા ચાર રસ્તા પાસે લાલ રંગનું આખી બાયનું સ્વેટર તેમજ ભુરા કલરનું પેન્ટ પહેરી ઉભો છે. તેવી બાતમી હકિકત મળતા સદર બાતમી વાળી જગ્યા ઉપર તપાસ કરતા આ કામના આરોપી ઉભો હોય જેઓને સાથેના પોલીસ માણસોએ પકડી અત્રેના ઉમલ્લા પોલીસ સ્ટેશનમાં હસ્તગત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## ભાજપના પાર્લામેન્ટ બોર્ડે લીધેલ નિર્ણયથી યુવાનોને ચૂંટણીમાં તક : ચેતનગીરી ગોસ્વામી

ચક્રવાત ટીમ, તા.૦૫

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાબતે ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં પક્ષે નિર્ણય લીધો છે કે ૧) કોઈ પણ કાર્યકર્તા ત્રણ એટલે કે ૧૫ વર્ષ જે તે સંસ્થામાં સેવા આપી ચૂક્યા હોય, ૨) ૬૦ કરતાં વધુ ઉંમરનો હોય, અને ૩) સંગઠનના હોદ્દેદારો અને ભાજપના ચૂંટાયેલા પદાધિકારીઓના લોહીના સંબંધ ધરાવતા વારસદાર હોય તેવા કાર્યકર્તાને ભાજપની ટિકિટ આપવામાં નહીં આવે, તેનાથી ઘણા બધા યુવાનોને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પક્ષ તરફથી ઉમેદવારી કરવાની તક મળશે, આ સાથોસાથ નેતૃત્વ કરવા માટે દરેક યુવાનો માટે નવી તકોનું સર્જન થશે અને પક્ષના દરેક કાર્યકર્તાઓને એક



ઉત્તમ સોભાગ્ય પ્રાપ્ત થશે. જેથી પક્ષના આ નિર્ણયને ઐતિહાસિક નિર્ણય ગણી શકાય. પક્ષના આ નિર્ણયથી યુવાનોને પોતાની રાજકીય કારકિર્દી ઘડતર કરવાનો અવસર પ્રાપ્ત થશે જે બદલ ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલનો મોરબી જિલ્લા યુવા ભાજપના મહામંત્રી ચેતનગીરી ગોસ્વામી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## કોડીનાર ખાતે પ્રાથમિક શિક્ષક સંઘ આયોજિત જિલ્લા કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૫

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ સંલગ્ન ગિર સોમનાથ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ આયોજિત જિલ્લા કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટનું સુંદર આયોજન કોડીનાર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આયોજન કરવામાં આવેલું હતું. ક્રિકેટ મહાસંગ્રામની શરૂઆત મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિતે અને ભારત સરકારના ફિટ ઈન્ડિયા કાર્યક્ર્મને વેગ મળે તે માટે કોડીનાર સ્યૂગર ફેક્ટરીના ગોલ્ડન ક્રિકેટ ગ્રાઉંડ ખાતે તા.૩૦/૧/૨૧ ને શનિવારના રોજ ક્રિકેટ ટૂર્નામેન્ટનું ઉદઘાટન તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અભેસિંહભાઈ ડોડીયા અને રાજ્ય ઉત્કર્ષમંડળ ના પ્રમુખ ડી.ડી. મકવાણા,કાનજીભાઈ ચુડાસમા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ હરિભાઈ વાળાના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. ઉપરોક્ત ટુર્નામેન્ટમાં ગિર સોમનાથ જિલ્લાની કુલ ૮ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં વેરાવળ, તાલાળા, ગિરગઢડા, ઉના, સુત્રાપાડા અને કોડીનારની ટીમોનો સમાવેશ થાય છે.

## ભોજપરા નજીકથી ૪૦૦ લીટર દેશી દારૂ ભરેલી કાર સાથે એક ઝડપાયો

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૫

વાંકાનેર તાલુકાના ભોજપરા ગામ નજીક ૪૦૦ લીટર દેશી દારૂ ભરેલ એક કાર વાંકાનેર પોલીસે ઝડપી પાડી હતી. આ બનાવમાં વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં એક શખ્સ સામે પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર શહેર પોલીસ દ્વારા ગઈકાલના રોજ વાંકાનેર તાલુકાના ભોજપરા ગામ પાસેથી જયંતીભાઈ કરશનભાઈ રંગપરાને ગે.કા. પાસ પરમીટ કે આધાર વગર દેશી દારૂ ભરેલ પ્લાસ્ટિકના બાચકા નંગ ૮ (દેશી દારૂ લીટર ૪૦૦, કી.રૂ. ૮૦૦૦)નો મુદામાલ વેચાણ કરવાના ઈરાદે કાર રજી નંબર ય્ન્ન ૧૩-છર્સ-૦૪૫૪મા હેરાફેરી કરતો પકડી પાડવામાં આવ્યો હતો. આ બનાવમાં વાંકાનેર શહેર પોલીસે દેશી દારૂનો જથ્થો, કાર અને મોબાઈલ મળી કુલ રૂ. ૧,૨૮,૫૦૦નો મુદામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લાલપર નજીક હાઈવે પર અજાણ્યા વાહનની હડફેટે યુવાનનું મોત

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૫

વાંકાનેર શહેર નજીક આવેલ લાલપર ગામ પાસે હાઈવે પર કોઈ અજાણ્યા વાહનની હડફેટે આવી જતાં યુવાનનું મોત થયું હોવાનો બનાવ સામે આવ્યો છે. જે બનાવની વાંકાનેર પોલીસે અકસ્માત નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર શહેર નજીક આવેલ લાલપર ગામ પાસે ગઈકાલે મોડી રાત્રે જાંબુડિયા ગામના પ્રકાશ ખીમજી નામના યુવાનને કોઈ અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી જેમાં ગંભીર ઈજાથી યુવાનનું મોત થયું હતું. જેથી આ બનાવની વાંકાનેર પોલીસે નોંધ કરી અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબીના ધૂળકોટ ગામે ઝેરી દવા પી યુવતીનો આપઘાત

ચક્રવાત ટીમ મોરબી, તા.૦૫

મોરબી તાલુકાના ધૂળકોટ ગામે વાડીમાં કોઈ અગમ્ય કારણોસરયુવતીએ ઝેરી દવા પી લેતા ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસેનોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત થયેલી વિગત મુજબ મોરબી તાલુકાના ધૂળકોટ ગામે રહેતા ભાવનાબેન નરેશભાઈ નાયક વાડીએ કામ કરતા હોય દરમિયાન કોઈ અગમ્ય કારણોસર ઝેરીદવા પી લેતા તેણીનું મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે નોધ કરીવધુ તપાસ હાથ ધરી છે તો બનાવને પગલે પરિવારજનોમાં શોકનો માહોલ ફેલાયો છે.

## જામનગરમાંથી આર.ટી.ઓ. દ્વારા ટેક્સ ભર્યા વિનાના ૧૦ વાહનોને દંડ



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૦૫

આર. ટી. ઓ જામનગર જે.જે.ચૌધરી.ની સૂચનાથી આર.ટી. ઓ. ઈન્સ્પેકટરો દ્વારા જામનગર માં સિક્કા તથા બેડેશ્વર તથા વિવિધ વિસ્તારોમાં આકસ્મિક ચેકીંગ કરીને મોટર વાહન ટેક્સ ભર્યા વગર ફરતા ૧૦ ભારે વાહનોને કુલ રૂ.૨,૭૯,૫૭૨ નો દંડ કરીને મેમાં આપીને ડીટેઈન કર્યા. વધુમાં આ અંગે જે.જે ચૌધરીની પાસે જાણવા મળેલ કે આગામી દિવસોમાં મોટર વાહનોની કર ભર્યા વગર ફરતા વાહનોનું કડક ચેકીંગ કરવામાં આવશે જેથી તેઓ દ્વારા મોટર વાહનનો ટેક્સ ભર્યા વગર ફરતા વાહન સંચાલકોને ટેક્સ ભરવા અપીલ કરવામાં આવી.

## મોરબીમાં ચીફ ઓફિસરે આંખ આડા કાન કરતા વેપારીઓએ સ્વખર્ચે રીપેર કરાવ્યુ યુરીનલ

### ચીફ ઓફિસરે અમુક લોકોના જ કામ કરવાનું મન મનાવ્યું છે કે શું?

ચક્રવાત ટીમ મોરબી, તા.૦૫

મોરબીના હાર્દ સમાન નગર દરવાજા ચોકમાં પબ્લિક યુરીનલ લાંબા સમયથી બંધ હાલતમાં હતી. જેના રીપેરીંગ માટે વેપારીઓ રજૂઆત કરીને થાકી ગયા હોય છતાં નીમ્ભર તંત્રને શરમ ના આવી તો તંત્રની રાહ જોવાનું છોડી વેપારીઓએ સ્વખર્ચે જ યુરીનલ રીપેર કરાવવા માટે કવાયત હાથ ધરી છે. વિકાસ ના બણગાં ફુંકતા ચીફ ઓફિસર નેં અમુક લોકો ના જ કામ કરવાનું મન મનાવ્યું છે કે શું? તેવો સવાલ શહેરી જનો સવાલ સાથે ચર્ચા કરી રહ્યા છે. મોરબીના નગર દરવાજા ચોકમાં આવેલ પબ્લિક યુરીનલને મરામતની તાતી જરૂરિયાત હોય જે અંગે ચોકમાં આવેલ બિસ્મીલાહ હોટલ, કે. બી. બેકરીના સંચાલક વેપારીઓ તેમજ સામાજિક કાર્યકર રાજુભાઈ દવે સહિતના દ્વારા નગરપાલિકા ને અનેક રજૂઆત કરવામાં આવી હતી. જોકે અનેક રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી ના હોય જેથી વેપારીઓએ થાકી કંટાળીને તંત્રની આશા છોડી દીધી હતી. અને વેપારીઓએ



સ્વખર્ચે નગર દરવાજા ચોકમાં પબ્લિક યુરીનલનું રીપેરીંગ કરાવ્યું હતું. અહીં એ વાત જણાવી દઈએ કે નગર દરવાજા ચોક માં ખાસ કરીને મહિલાઓ માટે યુરીનલ નથી. તે માટે નગરપાલિકા દ્વારા યુરીનલ બંને તેવી જગ્યા આપે તો કેટલાક સેવાભાવી સંસ્થાઓ આ મહિલા યુરીનલ બનાવવા સહમત હતા પણ નગરપાલિકા એ તરફ ધ્યાન ન આપ્યું. ત્યારે છેલ્લા એક વર્ષથી ચોક્કસ લોકોને મદદરૂપ થાય તેવા જ કામ કરે છે તેવો શહેરી જનો માં એક ચર્ચા નો વિષય બન્યો છે.

# પ્રથમ દિવસે જ ભારત સામે રનનો પહાડ બનાવતી ટીમ ઈંગ્લેન્ડ : ત્રણ વિકેટ ગુમાવી ૨૬૩ રન



(જી.એન.એસ.)ચેન્નાઇ,તા.૫

શાનદાર ફોર્મમાં રમી રહેલા કેપ્ટન જો રૂટની સદી તથા ડોમિનિક સિબ્લીની અડધી સદીની મદદથી ઈંગ્લેન્ડે શુક્રવારથી ચેન્નઈમાં શરૂ થયેલી પ્રથમ ટેસ્ટ ક્રિકેટ મેચના પ્રથમ દિવસે ભારત સામે પોતાનો દબદબો બનાવ્યો છે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ ઈંગ્લેન્ડે શાનદાર બેટિંગ કરી હતી. ભારતીય બોલર્સ જો રૂટને નિયંત્રણમાં રાખી શક્યા ન હતા. પ્રથમ દિવસના અંતે ઈંગ્લેન્ડે તેના પ્રથમ દાવમાં ૩ વિકેટ ૨૬૩ રન નોંધાવ્યા છે. દિવસના અંતે જો રૂટ ૧૨૮ રને રમતમાં છે. આમ ભારતે ઈંગ્લેન્ડને મોટો સ્કોર કરતું અટકાવવું હશે તો બીજા દિવસે જો રૂટને વહેલા આઉટ કરવો પડશે.

ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગનો નિર્ણય કર્યો હતો. રોય બર્ન્સ અને ડોમિનિક સિબ્લીની જોડી ઓપનિંગમાં આવી હતી. આ બંનેએ મક્કમતાપૂર્વક ભારતીય બોલર્સનો સામનો કર્યો હતો. જોકે, બાદમાં ઈંગ્લેન્ડે ઉપરા ઉપરી બે વિકેટો ગુમાવી દીધી હતી. ટીમનો સ્કોર ૬૩ રનનો થયો હતો ત્યારે બર્ન્સ અશ્વિનના બોલ પર વિકેટકીપર રિશભ પંતના હાથે કેચ આઉટ થયો હતો. તેણે ૬૦ બોલમાં બે ચોગ્ગાની મદદથી ૩૩ રનની ઈનિંગ્સ રમી હતી. જ્યારે ડેનિયલ લોરેન્સ ખાતુ પણ ખોલાવી શક્યો ન હતો. જસપ્રિત બુમરાહે તેને એલબીડબલ્યુ આઉટ કર્યો હતો.

ઉપરા-ઉપરી બે વિકેટ ગુમાવ્યા બાદ કેપ્ટન જો રૂટે ઓપનર સિબ્લી સાથે મળીને બાજી સંભાળી લીધી હતી. આ જોડીએ ત્યારબાદ ભારતીય બોલર્સને દબાણ બનાવવાની એક પણ તક આપી ન હતી.

# અક્ષય અને રણવીરને પછાડી સતત ચોથી વાર વિરાટ બન્યો દેશનો નં.૧ સેલિબ્રિટિ



નવી દિલ્હી,તા.૫

ડફ એન્ડ ફેલ્પ્સે ૨૦૨૦માં ભારતની મોસ્ટ વેલ્યુએડ સેલિબ્રિટીની યાદી બહાર પાડી છે. આમાં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલી સતત ચોથી વખત ટોપ પર રહ્યો છે. કોહલીની બ્રાન્ડ વેલ્યુ ૨૩૭.૭ મિલિયન યુએસ ડોલર (લગભગ ૧૭૩૩ કરોડ રૂપિયા) છે. ડફ અને ફેલ્પ્સએ આ રિપોર્ટને 'ઈમ્બ્રેસિંગ ધ ન્યૂ નોર્મલ' નામ આપ્યું છે. રિપોર્ટમાં ટોપ-૧૦ ની યાદીમાં કોહલી એકમાત્ર ખેલાડી છે. બાકીના ૯ સેલેબ્સ ફિલ્મજગત સાથે સંકળાયેલા છે, એમાં ૨ મહિલા અભિનેત્રીઓ પણ સામેલ છે. કોહલી પાસે હાલમાં તેના પોર્ટફોલિયોમાં ૩૦થી વધુ બ્રાન્ડ છે. તેમની બ્રાન્ડ વેલ્યુમાં કોઈ ઘટાડો થયો નથી અને તેઓ ૪ વર્ષથી સતત અનેક બ્રાન્ડની પસંદગી રહ્યા છે. જ્યારે, તેમના સિવાય ટોપ -૨૦ સેલેબ્સની બ્રાન્ડ વેલ્યુમાં ૫% એટલે કે ૧ અબજ ડોલર (૭૨૯૨ કરોડ)નો ઘટાડો થયો છે. બોલિવુડના સુપરસ્ટાર અક્ષય કુમાર ૧૧૮.૯ મિલિયન ડોલર (લગભગ ૮૬૭ કરોડ રૂપિયા) સાથે સૌથી વધુ મૂલ્યવાન સેલેબ્સમાં બીજા ક્રમે છે. તેમની બ્રાન્ડ વેલ્યુમાં પણ ૧૩.૮%નો વધારો થયો છે, જ્યારે રણવીરસિંહ સતત બીજા વર્ષે ત્રીજા સ્થાન પર કાયમ છે. તેની બ્રાન્ડ વેલ્યુ ૧૦૨.૯ મિલિયન ડોલર (લગભગ ૭૫૦ કરોડ રૂપિયા) છે.

શાહરુખ ખાન ૫૧.૧ મિલિયન ડોલર (લગભગ ૩૭૨ કરોડ રૂપિયા) સાથે ચોથા સ્થાન પર છે. જ્યારે, દીપિકા પાદુકોણની બ્રાન્ડ વેલ્યૂમાં ઘટાડો થયો છે. તે ૫૦.૪ મિલિયન ડોલર (લગભગ ૩૬૭ કરોડ રૂપિયા) સાથે ત્રીજાથી પાંચમા માનબર પર પહોંચી ગઈ છે. આલિયા ભટ્ટ ૪૮ મિલિયન ડોલર (લગભગ ૩૪૯ કરોડ)ની બ્રાંડ વેલ્યુ સાથે છઠ્ઠા નંબર પર છે.

# ૫૦૭ ખેલાડી-સપોર્ટ સ્ટાફનો ટેસ્ટ : નક્કી શિડ્યૂલ પર જ યોજાશે ઓસ્ટ્રેલિયન ઓપન



મેલબોર્ન,તા.૫

મેલબોર્નમાં જે હોટલમાં ટેનિસ ખેલાડી રોકાયા છે, ત્યાં બુધવારે એક સ્ટાફ મેમ્બરનો કોરોના પોઝિટિવ આવતા ટેનિસ ઓસ્ટ્રેલિયા સહિત વિક્ટોરિયા રાજ્ય સરકારમાં હાહાકાર મચી ગયો હતો. તમામ ૫૦૭ ખેલાડી અને સપોર્ટ સ્ટાફને આઈસોલેટ કરાયા છે. હોટલ સ્ટાફ પણ આઈસોલેશનમાં ગયો છે. હવે રાજ્યમાં કોરોના નિયમોની શરતો ફરીથી લાગુ કરાઈ છે. ગુરુવારે આખો દિવસ તમામ ખેલાડી અને સપોર્ટ સ્ટાફનો ટેસ્ટ થયો.

ઓસ્ટ્રેલિયન ઓપનના સીઈઓ ક્રેગ ટીલેએ કહ્યું કે, 'મને આશા છે કે, તમામનો ટેસ્ટ નેગેટિવ આવશે. વર્ષની પ્રથમ ટેનિસ ગ્રાન્ડ સ્લેમ નક્કી શિડ્યુલ મુજબ ૮ ફેબ્રુઆરીએ જ શરૂ થશે. હોટલ સ્ટાફ સાથે સંપર્ક ન હોવાને કારણે તમામનો રિપોર્ટ નેગેટિવ આવવાની આશા છે'.

ગુરુવારે નક્કી પ્લાન મુજબ વોર્મઅપ મેચ રમાવાની હતી. સાથે જ ટૂર્નામેન્ટનો ડ્રો પણ જાહેર થવાનો હતો, પરંતુ હવે તેને શુક્રવાર પર ટાળી દેવાયો છે. શુક્રવારે ભારે વરસાદની ચેતવણી અંગે ટીલેએ કહ્યું કે, અહીં ૧૧ કોર્ટ છે, જ્યાં ઈનડોર મેચ કરાવી શકાય છે. આથી શુક્રવારે વોર્મઅપ મેચો રમાડાશે. વિક્ટોરિયા રાજ્યના પ્રીમિયર ડેનિયલ એન્ડ્ર્યુ અનુસાર, ટૂર્નામેન્ટનું ભવિષ્ય આગામી દિવસોમાં આવનારા કોરોના વાઈરસ પરિણામો પર નિર્ભર રહેશે.

# ખેડૂત આંદોલન મુદ્દે રિહાનાના ટ્વિટનો કરણ જોહરે આપ્યો જડબાતોડ જવાબ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૪

ખેડૂત આંદોલનને લઈ અમેરિકન પોપ સ્ટાર રિહાનાના ટ્વીટ બાદથી સોશિયલ મીડિયા પર હલચલ તેજ થઈ ગઈ છે. બોલિવુડ ઈન્ડસ્ટ્રીઝમાં તેના પર એક પછી એક રિએક્શન આવી રહ્યા છે. અક્ષય કુમાર, અજય દેવગણ અને કંગના રાનૌત જેવા સ્ટાર્સ બાદ હવે પ્રખ્યાત પ્રોડ્યુસર અને ડાયરેક્ટર કરણ જૌહરે પણ ટ્વીટ કરી છે. જે ખૂબ વંચાય રહી છે. કરણ જૌહરનું કહેવું છે કે આપણે કોઈને પણ પોતાને વહેંચાવા દેવા જોઈએ નહીં. તેમણે પોતાની ટ્વીટમાં હેશટેગ ઈન્ડિયા ટુગેદર પણ જોડ્યું. કરણ જોહરે પોતાની ટ્વીટમાં લખ્યું કે આપણે ઉથલપાથલ ભર્યા



સમયમાં રહીએ છીએ અને દરેક અવસર પર સંયમ બનાવી રાખવાની જરૂર છે. આવો આપણે મળીને દરેક શકય પ્રયાસ કરીએ કે આપણે એવું સમાધાન નીકાળીએ જે તમામ માટે કામ કરે. આપણા ખેડૂત ભારતની કરોડરજ્જુ છે. આપણે કોઈને પણ ખુદને વહેંચાવા દેવા જોઈએ નહીં. કરણ જોહરની આ ટ્વીટ પર યુઝર્સ જોરદાર રિએક્શન આપી રહ્યા છે.

# ગ્રેટા થનબર્ગનું વધુ કે ટ્વીટ: ભારત સરકાર પર દબાણ વધારવાની કેટલીક ટીપ્સ આપી



(જી.એન.એસ.)મુંબઈ,તા.૪

ભારતમાં કૃષિ કાયદા વિરૂદ્ધ ચાલી રહેલા ખેડૂત આંદોલનને સમર્થન આપી વિવાદ જગાવનારી જાણીતિ પર્યાવણ એક્ટિવિસ્ટ ગ્રેટા થનબર્ગએ લઈને વિવાદ હજી અટકવાનું નામ નથી લઈ રહ્યો ત્યારે વધુ એકવાર કાંકરીચાળો કર્યો છે. ગ્રેટાએ ભારતના ખેડૂત આંદોલનને લઈને વધુ એક ટ્વિટ કર્યું છે. આ મામલે વિવાદ વધુ વકરે તેવી શક્યતા છે. ગ્રેટા થનબર્ગે આજે વધુ એક ટ્વિટ કરીને અપડેટેડ પ્લાન જાહેર કર્યો છે. ગ્રેટાએ ખેડૂતોનું સમર્થન કરવા અને ભારત સરકાર પર દબાણ વધારવાની કેટલીક ટીપ્સ આપી છે. ભારતીય ખેડૂતોને પોતાનું સમર્થન આપો અને તેમાં હેશટેગ ઈફાર્મરપ્રોટેસ્ટ ઈસ્ટેન્ડવિથફાર્મરનો ઉપયોગ કરો.

તમારા કોઈ પણ સરકારી પ્રતિનિધિને ફોન કોલ કે ઈ-મેલ કરો અને તેમને કાર્યવાહી કરવા કહો. સાથે જ ઓનલાઈન અરજીઓ પર હસ્તાક્ષર કરો. તમારી નજીકના ભારતીય દૂતાવાસ, મીડિયા હાઉસ કે તમારા સ્થાનીક સરકારી કાર્યાલય પાસે ૧૩/૧૪ ફેબ્રુઆરીએ પ્રદર્શન કરો. સાથે જ સોશિયલ મીડિયા પર હેશટેગ ઈફાર્મરપ્રોટેસ્ટ ઈસ્ટેન્ડવિથફાર્મરનો ઉપયોગ કરી ફોટો શેર કરો. ગ્રેટાએ આ વખતે ટ્વિટ કરીને ખેડૂતોના સમર્થનમાં અને સરકારના વિરોધમાં શું શું પગલા લેવા અને વિરોધ કઈ રીત કરવો તેની આખી રૂપરેખા જ જાહેર કરી દીધી છે.

# જૂનથી ફ્લોર પર જશે પરિણીતી ચોપરાની 'એનિમલ'



મુંબઈ,તા.૫

'કબીર સિંહ' ફેમ ડિરેક્ટર સંદીપ રેડી વાંગા 'એનિમલ' ફિલ્મ લઈને આવી રહ્યા છે. થોડા અઠવાડિયા પહેલાં તેનું ટીઝર રિલીઝ થયું હતું. હવે સૂત્રોએ કન્ફર્મ કર્યું છે કે આ ફિલ્મ આ વર્ષે જૂનથી શરૂ થઈ જશે. તે એટલા માટે કે ત્યાં સુધી તે લવ રંજનની ફિલ્મ પૂરી કરી શકશે. ફિલ્મના ડાયલોગ લખી રહેલા સિદ્ધાર્થ ગરિમાએ આ વાતની પુષ્ટિ કરી છે. ટીઝરમાં રણબીર કપૂરના ડાયલોગથી લાગી રહ્યું હતું કે તેમાં પુનર્જન્મનો પ્લોટ પણ હશે, પરંતુ એવું નથી. આ પણ કન્ફર્મ થઈ ગયું છે.

દિવ્ય ભાસ્કર સાથેની ખાસ વાતચીતમાં ડાયલોગ રાઈટર્સે જણાવ્યું, સંદીપ રેડ્ડી વાંગા સાથે અમે 'કબીર સિંહ' પણ કરી હતી. તે લાર્જર ધેન લાઈફ ફિલ્મ જ વિચારે છે. 'એનિમલ' પણ એવી જ છે. સંદીપે આને ક્રાઈમ ડ્રામા જોનર નામ આપ્યું છે. તેમાં ફેમિલી પણ ઈન્વોલ્વ છે. દીકરો પોતાના પિતાને કહી રહ્યો છે કે તે આવતો જન્મ લેશે, તેમાં તે પિતા બને. પછી તે દીકરાને કેમ પ્રેમ કરાય તે પોતાના પિતાને શીખવશે. સંદીપે આ રીતે આને ઘણું ઈમોશનલ બનાવ્યું છે. રાઈટર જણાવે છે- આનું ટાઈટલ એનિમલ જ કેમ રાખવામાં આવ્યું, તે મારો પણ સવાલ છે. આ તો સંદીપ જ જણાવી શકે છે. આ રાઝનો ખુલાસો ત્યારે થશે, જ્યારે તેમની સ્ટોરી પૂરી થશે. રહ્યો સવાલ ટીઝરથી લગતા આ પહેલુંનો કે દીકરાના રોલનો પુનર્જન્મ છે, તે તો નથી. અહીંયા દીકરાનો તેના પિતા માટે જે લિમિટલેસ પ્રેમ છે, તેને દેખાડવામાં આવ્યું છે. સિદ્ધાર્થ અને ગરિમા કહે છે કે 'શક્તિ' કે પછી 'શરાબી'માં અમિતાભ બચ્ચનનો દિલીપ કુમાર અથવા પછી પ્રાણ સાથે જે બાપ દીકરાનો ક્લેશ હતી, તેનાથી અલગ સ્ટોરી છે. અહીંયા બાપ દીકરા વચ્ચે કોઈ દુશમની નથી. ડિરેક્ટર સંદીપનું અહીંયા પ્રોગ્રેશન છે. પહેલી ફિલ્મ 'કબીર સિંહ' કપલના રોમાન્સની સ્ટોરી હતી. અહીંયા બાપ દીકરાના પ્રેમની સ્ટોરી છે.

હજુ રણબીર અને પરિણીતીના રીડિંગ સેશન કે મીટિંગ નથી થઈ. રાઈટિંગ પૂરું થયા બાદ ફેબ્રુઆરી એન્ડમાં બધા રીડિંગ સેશનમાં જોડાશે.

# શહનાઝના ગળામાં મંગળસુત્ર અને માંગમાં સિંદુરથી લગ્નની અટકળો થઈ તેજ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨

સિદ્ધાર્થ અને શહનાઝનો એક ફોટો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ફોટામાં કંઈક એવું જોવા મળી રહ્યું છે કે બંનેના ચાહકોએ તેમના લગ્નની અટકળ શરૂ કરી દીધી છે . કહેવામાં આવી રહ્યું છે કે ગુપ્ત રીતે બંન્નેએ લગ્ન કરી લીધા છે. આ ફોટામાંમંગળસૂત્ર અને સિંદૂર જોવા મળી રહ્યા છે. શહનાઝ ગિલની માંગમાં સિંદુર જોઈને અભિનેત્રીએ સિદ્ધાર્થ શુક્લા સાથે લગ્ન કરી લીધાના સમાચાર વહેતા થયા છે. ફોટામાં સિદ્ધાર્થ શુક્લા એક સેલ્ફી ક્લિક કરતો જોવા મળી રહ્યો છે.

આ એક ફેનમેઈડ ફોટો છે. જે હવે વાયરલ થઈ રહ્યો છે. ફોટો વાયરલ થયાં હવે દરેક જણ પૂછી રહ્યું છે કે શું બંનેના લગ્ન થયા છે. સિદ્ધાર્થ અને શહનાઝનો આ ફોટો જોઈને તેના ચાહકો ખૂબ જ ખુશ છે. તમને જણાવી દઈએ કે હાલમાં સિદ્ધાર્થ શુક્લા શહનાઝ ગિલના જન્મદિવસ પર પણ તેના ઘરે જોવા મળ્યો હતો. જ્યાં તેણે શહનાઝ સાથે ખૂબ મસ્તી કરી અને તેને પૂલમાં પણ ફેંકી દીધી હતી.

# વિદેશી કલાકારોના સમર્થનમાં આવી સોનાક્ષી સિંહા, સરકાર વિરૂદ્ધ ફૂંકયો બૂંગીયો



(જી.એન.એસ.)મુંબઈ,તા.૪

સોનાક્ષી લઈ છે. સિન્હાએ ખેડૂત આંદોલન પર વિદેશી કલાકારોના ટ્વીટ્સને પોતાની ઈંસ્ટાગ્રામ સ્ટોરી પર ખુલીને પોતાની પ્રતિક્રિયા આપી સોનાક્ષી સિન્હાએ કેટલીક પોસ્ટ ઈંસ્ટાગ્રામ સ્ટોરીમાં નાંખી છે અને કહ્યું છે કે આ વિદેશી કલાકારોને એ બહારી લોકોની જેમ રજૂ કરાશે જે દેશમાં અશાંતિ ફેલાવા માંગે છે. પરંતુ વાત એટલી જ છે કે તેઓ પણ માણસ છે અને માણસના પક્ષની વાત કરવા માંગે છે. આમ તેમણે રિહાના, મિયા ખલીફા અને ગ્રેટ થનબર્ગના અવાજ ઉઠાવવાને જરાય ખોટો ગણ્યો નથી. સોનાક્ષી સિન્હાએ પોતાની ઈંસ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું છે, 'આની પહેલાં તમે આજે રાત્રે રિહાના અને ગ્રેટા કે અન્ય 'બહારીઓ'ના ભારતીયના આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવા અંગે સાંભળો, તમારે એ વાત જાણી લેવાની જરૂર છે.

સ્વાભાવિક છે કે તેઓ આપણા ત્રણ કૃષિ બિલો અને આપણા કૃષિ ક્ષેત્રની બારીકાઈઓને જાણતા નથી. પરંતુ ચિંતા માત્ર એ વાતની નથી. અવાજ ઉઠાવામાં આવ્યો છે માનવાધિકાર ઉલ્લંઘનને લઈ, ફ્રી ઈન્ટરનેટને દબાવાને લઈ, અભિવ્યક્તિની સ્વતંત્રતાને લઈ, સરકારના પ્રોપેગેન્ડા, હેટ સ્પીચ અને સત્તાના દુરૂઉપયોગને લઈ. જ્યારે સમાચાર અને મીડિયાના લોકો તમને એ વિચારવા પર મજબૂર કરશે કે આ બહારની તાકાતો છે જે આપણા દેશની કાર્યપ્રણાલીને સંચાલિત કરવાની કોશિષ કરી રહ્યા છે. તમારે એ યાદ રાખવું જોઈએ કે આ કોઈ એલિયન્સ નથી પરંતુ આપણી જેમ જ માણસ છે જે બીજા માણસ માટે અવાજ ઉઠાવી રહ્યા છે. આ બે અલગ-અલગ ચર્ચાઓ છે. તમારી નીતિ, કાયદો અને તેના અમલીકરણને લઈ અલગ-અલગ વિચાર હોઈ શકે છે. પરંતુ આ મતભેદોને અન્ય ચર્ચાનો હિસ્સો ના બનવા દો જો કે માનવાધિકાર અને આઝાદી અંગે છે. પત્રકારોને ડરાવામાં આવી રહ્યા છે.

ઈન્ટરનેટ પ્રતિબંધિત થઈ રહ્યા છે. સરકાર અને મીડિયાના પ્રોપેગેન્ડા દ્વારા પ્રદર્શનકારીઓની ખોટી છબી રજૂ કરી રહ્યા છે. હેટ સ્પીચ (દેશના ગદ્દારોને, ગોળી મારોપ)નો વધારી-વધારીને ઉપયોગ થઈ રહ્યો છે. આ એ જ મુદ્દો છે જે દુનિયાભરમાં ચર્ચામાં આવી રહ્યો છે. દમનકારી હંમેશા આ પ્રકારની વાતો કરે છે. ઘર પર હિંસાને 'ઘરની વાત' કહે છે. 'તમે કોણ છો અમારા અંદરની બાબતોમાં બોલવાવાળા. દમનકારી આઝાદ મગજ લોકોથી ડરે છે જે તેમના પર નિર્ભર હોતા નથી અને સાચું બોલવાની હિંમત ધરાવે છે. હું એકવખત ફરીથી કહીશ કે આજે રાતના સમાચારમાં એ દેખાડવાની કોશિષ કરાશે કે બહારની તાકાતો દેશમાં અશાંતિ ફેલાવા માંગે છે. પ્લીઝ તેને એ નેરેટિવ ના બનાવી દો. આ માણસો માટે વ્યક્તિનો અવાજ બુલંદ કરવાનો મામલો છે. બસ આટલી જ વાત છે.

રાજકોટ વોર્ડ નં. ૧૫ના વોઘોડીયાના પુત્રને ટીકિટ ન મળતા તેમણે ધમકી આપતા કહ્યું હતું કે "બીજી તો ઘણી પાર્ટીઓ છે એક જ પાર્ટી પર છાપ મારી નથી"

# ભાજપમાં લોકસેવા કરવા માટે રોકકળ : ઠેર ઠેર ભંગાણ

### અમદાવાદમાં ૫૦૦ કાર્યકર્તાઓની રાજીનામાની ધમકી

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૫

જનતાના પ્રતિનિધિ બન્યા બાદ જનતા વચ્ચે રહેવાનું ભૂલી જતા અનેક સભ્યો પોતાના બદલામાં કોઈ નવો વિકલ્પ ઉભરી ન આવે તેવા પ્રયાસો કરી પોતાની મનમાની ચલાવતા લોકો સામે જનરોષ પ્રગટ થતા ભાજપ તથા કોંગ્રેસ પક્ષ દ્વારા આવા મૂરતીયાઓની બાદબાકી કરવાનું નક્કી કરવાનો હળવો અમલ શરૂ કરતા ૬ મહાપાલિકાના પોતાની ઉમેદવારી નિશ્ચિત માનનારા સેંકડો લોકોના પત્તા પ્રસિધ્ધ થયેલ યાદીમાં કપાતા આવા જનપ્રતિનિધિઓ દ્વારા રોકકળ શરૂ કરવામાં આવી છે. પક્ષના મવડીઓને પક્ષ પલ્ટા અને બળવાખોરીની આડકતરી ધમકી સાથે ચેતવણી પણ ઉચ્ચારવામાં આવી છે.

ભાજપે વોર્ડ ૧૫માં વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવના પુત્રને ટિકિટ આપી ન હતી. આજે ઉમેદવારોની જાહેરાત બાદ વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે કહયું હતું કે, હવે મારો પુત્ર વિધાનસભા અને હું સાસંદની ચૂંટણી લડીશુ. બીજી તો ઘણી પાર્ટીઓ છે એક જ પાર્ટી પર છાપ મારી નથી. અમે બીજેપીના ધારાસભ્ય અને વફાદાર રહેવાના છે ચૂંટાયા પછી પણ બીજેપીને સપોર્ટ કરીશું. ભાજપે વોર્ડ ૧૫માં વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવના પુત્ર પૂર્વ કોર્પોરેટર એવા દીપકને ટિકિટ આપી ન હતી. આ મુદ્દે ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે જણાવ્યું હતુ કે, ભાજપના ગુજરાત પ્રમુખ મરાઠી બન્યાં તે માટે હું અભિનંદન આપું છું.

કોંગ્રેસના સગાવાદના આક્ષેપ સામે ભાજપે કોર્પોરેશનની ચૂંટણીમાં પ્રથમ નિર્ણય કર્યો તેના માટે પણ હું ધન્યવાદ આપુ છું. મારા પુત્રએ ટિકિટ માંગી હતી, સગાવાદમાં બધા આવી ગયાં. શૈલેષ સોટ્ટાના પુત્ર અને સસંદ સભ્યના બહેનને ટિકિટ મળી નથી. મારા પુત્રને પણ ટિકિટ આપી નથી તેનો આનંદ છે. હજુ બે દિવસ બાકી છે. બે દિવસ દરમિયાન ઉપરથી ભાજપની સૂચના આવશે. અને મારા પુત્રને ટિકિટ અપાવીશ.

આ વિસ્તારમાં ભાજપને લાવનાર મધુ શ્રીવાસ્તવ છે, તે ઈતિહાસ છે. ભાજપમાં મને ૩૫ વર્ષ થયાં છે. કોર્પોરેશનથી લઈ ધારાસભ્ય સુધી હું પહોંચ્યો છું. મારી પત્નીને ચૂંટણી લડાવી નથી, મારી પત્ની જ્યારે ચંટણી લડી છે ત્યારે જીતી હતી. હવે મારો પુત્ર વિધાનસભા અને હું સાસંદની ચૂંટણી લડીશ. મારો પુત્ર ધારાસભ્ય બનશે અને હું છેલ્લી ઘડી સુધી સાસંદની ચૂંટણી લડવાનો પ્રયાસ કરીશ. ચાંદખેડાના કાર્યકરો મહિલા ઉમેદવાર પ્રતિમા સક્સેના સામે વિરોધ કરવા ખાનપુર કાર્યાલય પહોંચ્યા હતા. અહીં આઈકે જાડેજાને આવેદન પત્ર આપી ચીમકી ઉચ્ચારી હતી કે શુક્રવારે બપોરે ૧૨ વાગે ઉમેદવાર નહીં બદલાય તો ૫૦૦ કાર્યકરોના રાજીનામા આપી દેવાશે. ૨૦૧૫માં પણ સ્થાનિક ઉમેદવારને બદલે અન્યને ટિકિટ આપવામાં આવી હતી.



સરદારનગર વોર્ડમાં પણ નારાજ

### અસંતોષની આગ

કાર્યકરો ખાનપુર કાર્યાલય પહોંચ્યા હતા. જ્યારે વાસણામાં આયાતી ઉમેદવાર સામે વિરોધ થયો હતો. ગોતામાં પણ ભાજપના કાર્યકરોએ હાય હાયના નારા બોલાવ્યા હતા. કેતન પટેલ વોર્ડ પ્રમુખ હોવા છતાં ટિકિટ અપાતા તેના સામે વિરોધ ઉભો થયો હતો જ્યારે અજય દેસાઈ મહામંત્રીનો દીકરો હોવાને કારણે વિરોધ થયો હતો.

કાંકરિયા ખાતે જુલાઈ ૨૦૧૯માં રાઈડ અકસ્માત થયો હતો જેમાં જવાબદાર અને રાઈડનો કોન્ટ્રાક્ટ ધરાવતા ઘનશ્યામ પટેલના ભાઈ મહેન્દ્ર પટેલને અમરાઈવાડીથી ટિકિટ આપવામાં આવતા વિવાદ સર્જાયો છે. વિવાદાસ્પદને ટિકિટ આપવામાં આવતા સ્થાનિક કાર્યકરોએ પણ વિરોધ નોંધાવ્યો છે. જોકે આ વખતે ટિકિટ ફાળવવામાં ધારાસભ્યોનું વર્ચસ્વ રહ્યું હોવાને કારણે આ પરિસ્થિતિ સર્જાઈ હોવાનું ભાજપના સૂત્રોનું કહેવું છે. સુરત શહેરમાં પાલિકાની ચૂંટણીમાં ભાજપે ઉમેદવારો જાહેર કર્યા બાદ ભાજપના કાર્યકર્તાઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ગત રોજ મોડી રાત સુધી કાર્યકરો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. શહેરના વિવિધ વોર્ડમાં કાર્યકર્તાઓએ ભારે વિરોધ કર્યો હતો. ત્યારે સરથાણા વિસ્તારમાં ભાજપના ધારાસભ્ય વીડી ઝાલાવાડિયાની ઓફીસની બહાર સૂત્રોચાર કરી ભાજપના કાર્યકરોએ પોતાનો રોષ વ્યકત કર્યો હતો. જેથી પોતાના જ કાર્યકર્તાઓને ધારાસભ્યે સમજાવવા આવવું પડ્યું હતું. સરથાણા વોર્ડના ભાજપના ઉમેદવાર જાહેર થયા બાદ ભાજપના કાર્યકરો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. કાર્યકર્તાઓ ખૂબ જ મોટી સંખ્યામાં ધારાસભ્યની ઓફિસને બહાર સુત્રો વિરોધ પ્રદર્શન કરતા આખરે ધારાસભ્ય વિધિ ઝાલાવાડીયાએ પોતે કાર્યકર્તાઓને સમજાવવા માટે આવવું પડ્યું હતું. તેમણે પોતે પણ સ્વીકાર્યું હતું કે, તેમના વોર્ડમાં આયાતી ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. અમદાવાદ ભાજપમાં પણ બળવા જેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરના વાસણા, નારણપુરા, ગોતા, ચાંદખેડા, સરદારનગર સહિતના વોર્ડમાં કાર્યકરોએ ભારે વિરોધ કર્યો છે. ચાંદખેડાના કાર્યકરો મહિલા ઉમેદવાર પ્રતિમા સકસેના સામે વિરોધ કરવા ખાનપુર કાર્યાલય પહોંચ્યા હતા.

અહીં આઈકે જાડેજાને આવેદનપત્ર આપી ચીમકી ઉચ્ચારી હતી કે શુક્રવારે બપોરે ૧૨ વાગે ઉમેદવાર નહીં બદલાય તો ૫૦૦ કાર્યકરો રાજીનામાં આપી દેશે. ૨૦૧૫માં પણ સ્થાનિક ઉમેદવારને બદલે અન્યને ટિકિટ આપવામાં આવી હતી. સરદારનગર વોર્ડમાં પણ નારાજ કાર્યકરો ખાનપુર કાર્યાલય પહોંચ્યા હતા. જ્યારે વાસણામાં આયાતી ઉમેદવાર સામે વિરોધ થયો હતો. ગોતામાં પણ ભાજપના કાર્યકરોએ હાય હાયના નારા બોલાવ્યા હતા. કેતન પટેલ વોર્ડ પ્રમુખ હોવા છતાં ટિકિટ અપાતાં તેની સામે વિરોધ ઊભો થયો હતો.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને

### જામનગરમાં ભાજપ કાર્યકરોના રાજીનામા અને પક્ષપલ્ટો

રાજકીય માહોલમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. ગઈ કાલે ગુરુવારનાં રોજ ભાજપે ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. જેમા ઘણા લોકોને ટિકિટ ન અપાતા નારાજગીનાં સૂર જોવા મળી રહ્યાં છે. ત્યારે જામનગર ભાજપમાં રાજીનામાં બાદ પક્ષપલ્ટો જોવા મળી રહ્યો છે. આપને જણાવી દઈએ કે, જામનગરમાં પૂર્વ ભાજપ શહેર મંત્રી હંસાબેન ત્રિવેદી કોંગ્રેસમાં જોડાયા હોવાનુ સામે આવી રહ્યુ છે.

હંસાબેન ત્રિવેદીએ ભાજપથી નારાજ થયા બાદ કોંગ્રેસનો ખેસ પહેર્યો છે. ઉપરાંત પૂર્વ ડેપ્યુટી મેયરનાં પુત્ર પણ કોંગ્રેસમાં જોડાયા છે. શહેર કોંગ્રેસ પ્રમુખે બન્ને ખેસ પહેરાવી આવકાર્યા છે. સુત્રોનાં જણાવ્યા અનુસાર, અસંતોષ અને અન્યાયનાં કારણે તેઓ કોંગ્રેસમાં જોડાયા હોવાની ચર્ચા તેજ બની છે.

# રાજકોટ : ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં ઉદય કાનગડ અને રેશ્મા પટેલ બાખડ્યા

### ભાજપ અને એન.સી.પી.ના નેતાઓએ એકબીજા પર રાજકીય આક્ષેપો કર્યા પરંતુ અમલદારો મૌન રહ્યા



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૫

આજે મહાપાલિકાના ઉમેદવારોનાં ઉમેદવારી પત્રકો ભરવાના સમયે રાજકોટ ભાજપના ઉદય કાનગડ અને એન.સી.પી.નાં મહિલા પ્રમુખ રેશ્મા પટેલ વચ્ચે વોર્ડ નં.૧૩-૧૪ની ઉમેદવારી નોંધાવવા માટે નિયત કરાયેલ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં નિયમ પાલન મામલે તું તું મૈં મૈં થયેલ. રેશ્મા પટેલ પોતાનાં પક્ષ તરફથી માન્ય થયેલ વ્યક્તિ તરીકે અમલદાર પાસે પછુપરછ અર્થે આવેલ ત્યારે બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થયેલ ત્યારે મહિલા પોલીસની મદદથી રેશ્મા પટેલને બહાર લઈ જવાયા હતા. રેશ્મા પટેલે ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં ચૂંટણી પંચે જાહેર કરેલ માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરાયાનું તેમજ ભાજપના આગેવાનો પોતાની કચેરી હોય તેવું વર્તન કરતા હતા તેવો આક્ષેપ લગાવ્યો છે.

ચૂંટણી અધિકારી સમક્ષ ભાજપના વોર્ડ નં. ૧૩-૧૪નાં ઉમેદવારોની ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા ચાલુ હતી ત્યારે રેશ્મા પટેલ ચૂંટણી અધિકારી સાથે મેન્ટેડ બાબત પૂછપરછ કરવા ચેમ્બરમં ગયેલ ત્યારે ભાજપના ઉદય કાનગડ અને રેશ્મા પટેલ વચ્ચે રકઝક બાદ ઉગ્ર બોલાચાલ થયેલ, ઉદય કાનગડ તથા રેશ્મા પટેલ બન્ને ઉગ્ર થઈ ગયા હતા ત્યારે મામલો થાળે પાડવા મહિલા પોલીસની મદદ સમજાવટથી રેશ્મા પટેલને બહાર લઈ જવાયા હતા.

રેશ્મા પટેલ દ્વારા સક્ષમ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં જે રીતે ચૂંટણી પંચ તેમજ કોરોનાની ગાઈડલાઈનનો ભંગ તેમજ સરકારી અમલદાર દ્વારા રાજકીય પક્ષો વચ્ચે વ્હાલા દવલાની નિતી અપનાવાયેલ હોવાના આપેક્ષો અંગે ચૂંટણી પંચમાં ફરીયાદ કરવા ચિમકી ઉચ્ચારેલ છે. રેશ્મા પટેલ પોતો પક્ષ તરફથી માન્યતા મેળવેલ વ્યક્તિ હોવાનું જણાવી ચેમ્બરમાં ઉમેદવાર ઉપરાંત તેમના ટેકેદાર સિવાયની અનધિકૃત વ્યક્તિઓએ ચેમ્બરમાં પ્રવેશ કરેલ છે. ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં બોલેલી બઘડાટી બાદ બન્ને નેતાઓ પોતાનો બચાવ કરતા નજરે ચડ્યા હતા.

# ભાજપ-કોંગ્રેસમાં ચૂંટણી પહેલાની બળવાખોરી દાબવા નેતાઓ મેદાનમાં

### કોર્પોરેટર બન્યા બાદ પોતાના વિસ્તારમાં પાંચ વર્ષમાં પાંચ વાર પણ જનતાની વચ્ચે નહીં ગયેલાઓની સંખ્યા વધુ

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૫

રાજ્યમાં સ્થાનિક સંસ્ થાઓની ચૂંટણીના પ્રથમ તબક્કાનાં ઉમેદવારી પત્રો ભરવાના છેલ્લા દિવસે છેલ્લી ઘડી સુધી કેટલાક પક્ષો દ્વારા પોતાનાં ઉમેદવાર જાહેર કરાયેલ નથી. કેટલાક ઉમેદવારોની યાદી તબક્કાવાર પ્રસિધ્ધ કરવામાં આવી છે. પસંદગીની પ્રક્રિયા અંગેની લંબાણપૂર્વકની ચર્ચાઓ તથા પસંદગી સમિતિની બે-ત્રણ દિવસ સુધી નેતાઓની યોજાયેલ બેઠક બાદ પણ અનેક સ્થળોએ જાહેર કરાયેલ ઉમેદવારોની યાદીમાં સુધારા (ફેરફાર) કરવામાં આવે છે. રાજકીય પક્ષો નિયત સમયમાં પોતાનાં ઉમેદવાર જાહેર કરે તેનાં પૂર્વે પક્ષનાં નેતાગીરી દ્વારા ઘડવામાં આવેલ નિતી-નિયમોનું પાલન થયેલ છે કે કેમ તેની ચકાસણી કરવાની હોય છે. પરંતુ યાદી પ્રસિધ્ધ થયા બાદ જ નેતાઓને ક્યાંક કાચુ કપાયાનું યાદ આવતાં ઉમેદવારની થયેલ જાહેરાતમાં અસંખ્ય ફેરફારો થઈ રહ્યા છે. તેની પાછળ પક્ષમાં અસંતુષ્ઠો દ્વારા સર્જાનાર બળવાખોરીની સ્થિતીનો અંદાજ આયોજન પણ રાખવામાં આવે છે.

**પસંદગી માટેનાં ફાળવાયેલ પુરો સમય લીધા બાદ પણ નેતાઓનો જમાવડો ઉમેદવાર જાહેર ન કરી શક્યા તો બેઠકોનો શું અર્થ?**

રાજ્યની ૬ મહાપાલિકામાં સત્તા પ્રાપ્તિ કે સત્તા જાળવવાના ઉદેશથી છેલ્લા એક સપ્તાહથી મુખ્ય હરીફ પક્ષો ભાજપ અને કોંગ્રેસી નેતાઓ દ્વારા લંબાણપૂર્વકની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. છતાં બન્ને પક્ષમાં નેતાઓને યાદી જાહેર થયા બાદ બળવાનું બ્યુગલ ફૂંકાશે તેનો અંદાજ હતો જ તેથી ઘણી બેઠકોના ઉમેદવારોના નામ હજૂ જાહેર થયા નથી.

જનપ્રતિનિધિ કોર્પોરેટર કે જિલ્લા-તાલુકા અથવા પાલિકાનાં

### નવા ચહેરાને તક આપવાના બહાના હેઠળ કેટલાકનાં ભ્રષ્ટાચાર-કામ ન કર્યાની છાપ દબાવવાનો પ્રયાસ

સભ્ય બનવા થનગનતા લોકો પૈકી ................. અસંખ્ય કોર્પોરેટરો વર્ષમં તેમના મતદારને એકવાર પણ મળ્યા ન હોવાથી અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી હતી. મતદારો સાથે સીધો સંપર્ક ન જાળવનારના પત્તા કાપવા યોગ્ય જણાતા તેના સ્થાને નવા ચહેરાને મેદાનમાં ઉતારી નેતાઓએ પોતાની રાજકીય મુત્સદીગીરીનો પરિચય આપી આળસુઓને ઘરનો રસ્તો ઉપરાંત કેટલાક ભ્રષ્ટાચારના ભાગીદારને પુનઃપસંદ ન કરી એક કાંકરે અનેક પક્ષીને નિશાન બનાવ્યા છે.

રાજ્યનાં ૬ મહાનગરોમં ઉમેદવારોની યાદી જાહેર થયા બાદ ભાજપ-કોંગ્રેસમાં અનેક સ્થળોએ યાદીની વિરૂધ્ધમાં પક્ષનાં આગેવાનો-કાર્યકરો કે મતદારો દ્વારા ભયંકર વિરોધ ઉઠાવવામાં આવી રહ્યો છે. આ વિરોધની ચિનગારી મોટી આગનું સ્વરૂપ ધારણ કરે તે પહેલા પક્ષમા કટોકટી નિવારવા જૂથનાં કેટલાક નેતાઓને રાતોરાત મેદાનમાં ઉતારી ચમકની ચિનગારી પર કાબૂ મેળવવાના અને પક્ષમાં સબ સલામત હૈ ના દેખાવ કરવાની કામગીરી સોંપવામાં આવેલ છે. ૬ મહાપાલિકામાં ઉમેદવારી નોંધાવવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે હકીકતે આવતીકાલે સાંજ બાદ હજુ કેટલાક સ્થળોએથી બળવાના તેમજ પક્ષપલ્ટાના સમાચારો બહાર આવશે.

# નિયમોને અવગણનામાં માહિર ભાજપ કાર્યાલયમાં આખી રાત ફોર્મ ભરાયા

રાજકોટ,તા.૫

રાજકોટ શહેરના ૧૮ વોર્ડના ૭૨ ઉમેદવારોના નામની જાહેરાત પ્રદેશ કક્ષાએથી બપોરે કરી દેવામાં આવી હોવા છતાં ઉમેદવારોને લગત વિગતો ભેગી કરવામાં ભાજપ્રે પગે પાણી આવી ગયા હતા. ગઈકાલે આખી રાત કરણપરાનું ભાજપ્નું કાયર્લિય ઉમેદવારોના ફોર્મ તૈયાર કરવાની પ્રક્રિયાથી ધમધમ્યું હતું અને સાડાત્રણ વાગ્યે ૭૨ ઉમેદવારોના ફોર્મ, ઉમેદવારી પત્ર સાથે જોડવાના આધારપુરાવા સહિતની વિગતો એકત્ર થઈ શકી હતી.

અત્યાર સુધીની ભાજપ્રી પરંપરા મુજબ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવેલ ઉમેદવાર અને તેના ડમી ઉમેદવારના ફોર્મ ભરાઈ જતા હોય છે.

પરંતુ આ વખતે આખી રાતના ઉજાગરા પછી પણ ડમી ઉમેદવારના ફોર્મ તૈયાર થઈ શકયા ન હોવાના કારણે ભરી શકાયા નથી. આજે આખો દિવસ ડમી ઉમેદવારના ફોર્મ તૈયાર કરવાની કામગીરીમાં પસાર થયો હતો. જેમ જેમ ડમી ઉમેદવારના ફોર્મ તૈયાર થતા હતા તેમ તેમ તે ભરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આવતીકાલે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે અને કાલ બપોર સુધીમાં બપોર સુધીમાં તમામ ડમી ઉમેદવારના ફોર્મ ભરાઈ જશે.

# રાજકોટમાં નામ જાહેર થયા વિના જ કોંગ્રેસના નવ ઉમેદવારોએ ભર્યા ફોર્મ

રાજકોટ તા.૫

કોર્પોરેશનની ચૂંટણી માટે કોંગ્રેસે પ્રથમ યાદીમાં જાહેર કરેલા ૨૨ ઉપરાંત અન્ય ૯ ઉમેદવારોએ પણ આજે ફોર્મ ભરી દેતા અનેક આગેવાનો તથા કાર્યકરોમાં ચર્ચા થવા લાગી હતી. શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગર, કોર્પોરેશનના વિપક્ષી નેતા વશરામ સાગઠીયા તથા મહિલા કોંગ્રેસના પ્રમુખ ગાયત્રીબા વાઘેલા તથા તેમના વોર્ડની આખી પેનલના ફોર્મ ભરાઈ ગયા હતાં. પ્રદેશ નેતાગીરીએ ટેલીફોનીક ગ્રીન સિગ્નલ આપી દેતા આ ત્રણેય વોર્ડમાં આખી પેનલના ફોર્મ ભરાઈ ગયા હતાં. કોંગ્રેસના જ સૂત્રોએ જણાવ્યું હતું કે કોર્પોરેશનની ચૂંટણી માટે પ્રથમ યાદીમાં ૨૨ ઉમેદવારો જાહેર થયા હતાં. બાકીના ઉમેદવારોનું લીસ્ટ હજી જાહેર થયુ નથી એ પૂર્વે જ અશોક ડાંગર, ગાયત્રીબા વાઘેલા તથા વશરામ સાગઠીયાની આખી પેનલના ફોર્મ ભરાઈ ગયા હતાં. એવો દાવો કરવામાં આવ્યો છે કે ત્રણેય આગેવાનોને પોત પોતાની પેનલ પસંદ કરીને ફોર્મ ભરી દેવા નેતાગીરી તરફથી મૌખીક ગ્રીન સિગ્નલ આપી દેવામાં આવ્યુ હતું. જેને પગલે તેઓએ હજુ વિધિવત નામ જાહેર થયા ન હોવા છતાં ફોર્મ ભરી દીધા હતાં. વોર્ડ નં.૩માં ગાયત્રીબા વાઘેલાની પેનલમાં દિલીપ આસવાણી, કોમલબેન પુરબીયાએ ફોર્મ ભર્યા હતાં. ત્યારે વોર્ડ નં.૧૭માં અશોક ડાંગર, જયાબેન ટાંક, વસંતભાઈ પીપળીયાએ ફોર્મ ભર્યા હતાં.











